


# ગુરુને ચરણે

— સાધુ સુંદરસિંગ

4BGG2

# ગુરુને ચરણે

: લેખક :

સાધુ સુંદરસિંગ

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

ગુરુશિષ્યની મુલાકાતમાં,

ખ્રિસ્તે પોતાના શિષ્યને આપેલા દર્શનથી શાસ્ત્રની વજનદાર વાતોના થયેલા ખુલાસા, અને ઊંડા આત્મિક વિષયો તથા મુશ્કેલ મુદ્દાઓ ઉપર સાધુ સુંદરસિંગને મળેલો પ્રકાશ.

: પ્રકાશક :
ગુજરાત ખ્રિસ્તી સાહિત્ય મંડળ,
સાહિત્ય સેવા સદન,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

આવૃત્તિ ૬ઠ્ઠી, ૧૯૯૯

કિંમત રૂા. ૧૦-૦૦


પ્રત ૧,૦૦૦

: મુદ્રક :
ફોટ્રોનિક્સ
ભરવાડા હાઉસ, જૂની હાઈકોર્ટ રેલવે ક્રોસિંગ પાસે,
આશ્રમ રોડ, નવરંગપુરા, અમદાવાદ.

# અર્પણપત્રિકા

વહાલા
ગુર્જર ખ્રિસ્તી દેશબંધુઓની સેવામાં
સમર્પણ
"તમે મફત પામ્યા, મફત આપો."

સમાજનો નમ્ર સેવક,
મગનલાલ મોરારભાઈ
મુંબઈ



**સ્વ. વડીલ મોતીલાલ સોમચંદભાઈ**

**જન્મ : તા. ૨-૧૦-૧૮૯૮ મૃત્યુ : તા. ૧૨-૩-૧૯૮૫**

અંકલેશ્વર કોલેજમાં ૧૯૨૫માં પી.ટી.સી. કર્યા બાદ તા. ૧-૧૨-૨૫ થી અમદાવાદ મ્યુનિ. શિક્ષક તરીકે જોડાયા. અમદાવાદ સ્થાયી થયા. ૧૯૨૫થી ૧૯૩૯ આ. શિક્ષક, જુલાઈ ૧૯૩૯ થી ૧૯૫૩ સુધી આચાર્ય તરીકે સ્કૂલમાં સેવા આપી.

૧૯૩૭-૩૮થી પંચના સભ્ય તરીકે ચૂંટાયા, જેમાં પાંચ વર્ષ ખજાનચી તરીકે રહી સેવાઓ આપી. તેમ જ સેશનમાં સેક્રેટરી તરીકે સેવાઓ આપી. ૧૯૫૦થી વડીલ તરીકે (આજીવન) તા. ૧૦-૧૦-૫૦ સાંજે ૬-૦૦ વાગે પ્રભુમંદિરમાં દીક્ષા થઈ.

બાઈબલ સોસાયટીના દાનમાં ગુજરાતમાં પ્રથમ. ૧૯૬૨-૬૩ થી ૧૯૭૭-૭૮ ગુજરાત ચર્ચ કાઉન્સિલમાં બે વર્ષ ઉપપ્રમુખ તરીકે અને ૧૯૭૦માં પ્રમુખ તરીકે સેવા આપી.

ચર્ચ કાઉન્સિલના ટ્રસ્ટી તરીકે કામ કર્યું. ગુજરાત ક્રિશ્ચિયન સર્વિસ સોસાયટીની સ્થાનિક કેળવણી સમિતિમાં સભ્ય તરીકે અને સેક્રેટરી તરીકે સેવા આપી અને મુખ્ય કેળવણી સમિતિમાં બે વર્ષ કામ કર્યું.

ડાયોસિસન કાઉન્સિલની કાર્યવાહક સમિતિમાં કન્સલટેટીવ તરીકે સેવાઓ આપી. બાઈબલ સોસાયટીની કાર્યવાહક સમિતિમાં ૧૯૪૮ થી ૧૯૭૮ સુધી રહ્યા, તેમાં ૩ વર્ષ પ્રમુખ તરીકે સેવા આપી. બોર્ડની સ્થાનિક માલમિલકત સમિતિના સભ્ય અને સેક્રેટરી તરીકે સેવાઓ આપી.

૧૯૨૬માં સૂરતના શ્રી પિતામ્બરભાઈ અને શ્રીમતી વ્હાલીબેનનાં જયેષ્ઠ પુત્રી લીનાબેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા. તેમના સાથ સહકારથી શ્રી મોતીલાલભાઈ ચર્ચ અને સમાજની સેવામાં લાગુ રહ્યા. શ્રીમતી લીનાબેનના મૃત્યુ સમયે વડીલશ્રીએ એવા શબ્દ ઉચ્ચાર્યા કે, 'મારી સેક્રેટરી ગઈ.'

બંને પતિપત્નીનો એકબીજા પ્રત્યેનો પ્રેમ વર્ષો સુધી યાદ રહેશે.

સ્વર્ગસ્થ શ્રી મોતીલાલભાઈ એક નીડર માણસ. ભારે સ્પષ્ટવક્તા. કશું કહેતાં ડરે નહિ. ખોટું બોલાઈ જાય તો માફી માંગતાં પણ અચકાય નહિ!

જિંદગીભર એ મંડળીના સભ્યોની મુલાકાતમાં માનતા. ચાલ્યું ત્યાં સુધી કોઈ પણ માંદાની ખબર પડે તો તરત જ મુલાકાતે જાય.

આવા એક નિઃસ્વાર્થ અને સેવાભાવી વડીલશ્રી અમદાવાદ અને ગુજરાતને કાયમ યાદ રહેશે.

# ગુજરાતી ભાષાંતરને લગતા બે બોલ

સાધુ સુંદરસિંગે પોતાનો ધાર્મિક અનુભવ અંગ્રેજીમાં સાતેક પુસ્તક દ્વારા બહાર પાડેલો છે, પરંતુ ગુજરાતીમાં તો માત્ર તેમનું એક જ પુસ્તક જાણમાં છે. બેશક તેમનું એકએક પુસ્તક મનુષ્ય માત્રને ઉપયોગી અને માર્ગદર્શક છે અને તે બધાં જ ગુજરાતીમાં પ્રસિદ્ધ થાય તો સૌને પુષ્કળ લાભ થાય એ નિર્વિવાદિત બિના છે. એથી તેમનું "ગુરુને ચરણે" નામનું અંગ્રેજી પુસ્તક ભાઈ મગનલાલે જોયું, ત્યારે તત્કાળ તેમણે ઈચ્છા દર્શાવી, કે જો મને આનું ગુજરાતી કરી આપવામાં આવે, તો હું તેને પ્રસિદ્ધ કરી ગુજરાતી ખ્રિસ્તી સમાજની સેવામાં અર્પણ કરું. આ વિચાર અમને બહુ જ રુચિકર લાગવાથી તેમને તેનું ગુજરાતી પહોંચાડી આપવાની વ્યવસ્થા કરી.

એમ એ પુસ્તક ભાઈ મગનલાલની સેવાથી જનસમાજ સમક્ષ રજૂ થયું છે. અને તેની તમામ ઊપજ સુંદરસિંગનાં બીજાં પુસ્તકો પ્રગટ કરવામાં જવાની છે, એ જાણીને આપણે બધાં ખુશી થઈશું. કહેવાની જરૂર નથી કે, આ આવૃત્તિ સપાટાબંધ ઉપડી જશે.

સુંદરસિંગનું છેલ્લામાં છેલ્લું પ્રગટ થયેલું "ખ્રિસ્ત સહિત અને ખ્રિસ્ત રહિત" નામનું ત્રીજું પુસ્તક હાલ ગુજરાતીમાં તૈયાર થાય છે. આ આવૃત્તિ ખપી ગયા પછી તેની ઊપજમાંથી "સુંદર ગ્રંથાવલિ" ના રૂપમાં એક પછી એક બધાં પુસ્તકો ગુજરાતી સમાજની સેવામાં રજૂ કરવાનો તેમણે વિચાર કર્યો છે. આશા છે કે સમાજ આ પુસ્તકને વધાવી લેશે. પ્રભુ આ અને આવી સેવા પર પુષ્કળ આશીર્વાદ આપો.

– જી. કે. સત્વેદી

# નિવેદન

એક સત્યશોધક તરીકે જેણે પોતાને રજકણથી પણ છુંદાવા દીધો, ખ્રિસ્ત જેવા સત્ય સ્વામીની સેવામાં આખું જીવન ખર્ચી નાખ્યું, ગુરુના સાચા શિષ્ય તરીકે જીવી જાણ્યું અને ઘણાને તેમ કરતાં શીખવ્યું, રાજ્યગાદી અને અઢળક ધનભંડાર કરતાંયે જેણે સેવામય જીવન પસંદ કર્યું, તે દ્વારા પુષ્કળ આત્મિક આનંદ લૂંટ્યો, પોતાના હલનચલનમાં ખ્રિસ્તનું અનુકરણ કર્યું, એવા સુંદરસિંગથી આજે ખ્રિસ્તી સમાજ સંપત્તિવાન બન્યો છે. તેમના જીવનની સુવાસમાંનું એક ફૂલ આજે સમાજ આગળ ધરતાં અતિ આનંદ થાય છે.

લખતાં દુ:ખ થાય છે કે, આજે આપણે સમસ્ત અંગે અપંગ જેવાં બન્યાં છીએ. સામાજિક, આત્મિક, આર્થિક, માનસિક અને રાજકીય અંગો રોગિષ્ટ જેવાં થઈ ગયાં છે. આ અંગોને નીરોગી બનાવવાનું કામ આપણી હાલની શક્તિથી પર છે. જગતની અનેક ધમાલમાંથી ખ્રિસ્તે સુંદરસિંગને પોતાના શિષ્ય તરીકે તેડ્યા, પોતાના મહિમાને અર્થે વાપર્યા, એ જ રીતે આખા સમાજને આ જાગૃતિના જમાનામાં તેના મહિમાને અર્થે વાપરે અને ઘણા સુંદરસિંગ ઊભા કરે એ જ હૃદયવાંછના.

પૃથ્વીને છેડે બેઠેલી શેબાની રાણી જ્યારે સુલેમાનનું જ્ઞાન સાંભળવા દોડી આવી, અને સાંભળ્યાં કરતાં કંઈક વિશેષ અનુભવ્યું, ત્યારે તત્કાળ તેના મુખે એ ઉદ્‌ગાર નીકળ્યો કે, "તારી હજૂરમાં રહેનારા માણસો ભાગ્યશાળી છે કે, તેઓને આ જ્ઞાન સાંભળવાનો અમૂલ્ય લાભ મળે છે." આ મહા જ્ઞાનીને જ્ઞાન આપનાર આપણા પ્રભુએ એક વખત કહ્યું કે, સુલેમાન કરતાં પણ હ્યાં એક મોટો છે, તેમ છતાં તેની વાતો વિષે બેદરકાર હતા તેઓને કહે છે, ન્યાયકાળે દક્ષિણની રાણી આવીને આ પેઢીને અપરાધી ઠરાવશે. સાવચેત રહો કે આપણે આ પેઢીમાંના ના હોઈએ.

જે જ્ઞાનનો ભંડાર પ્રભુ પોતે છે, તેના ચરણોમાં શીખી પોતાને

ભાગ્યશાળી બનાવવાના પ્રયત્નોમાં સુંદરસિંગ સફળ થયા અને તેનો લાભ આપણને આપી રહ્યા છે.

મરિયમ પ્રભુના ચરણોમાં બેસી શીખતી હતી. તે વિષે ગુરુ મારથાને મીઠા ઠપકા દ્વારા સાવચેત કરે છે અને મરિયમે પસંદ કરેલા ભાગ વિષે ખાતરી આપે છે કે, તેની પાસેથી કદી તે લઈ લેવાશે નહિ. એ જ ગુરુના ચરણોમાં બેસી સુંદરે અનંત ભાગ પસંદ કર્યો અને સાક્ષી આપી કે, "મેં પ્રભુને જોયો છે અને તેણે મને એ વાતો કહી."

આ વાતો શીખવામાં ભલે આપણે માણસોને હાંસીપાત્ર હોઈએ પણ તારણ પામનારાઓને તો તે દેવનું પરાક્રમ છે.

જેને પોતાનું જીવન સારરૂપ, પવિત્ર અને સફળ થાય એવી ઝંખના ન હોય તેમને માટે આ વાતો નથી, પણ આત્મોન્નતિના યાત્રીનો આ એક સાચો નકશો છે, અંધારામાં ચાલનારાનો દીવો છે, સ્વર્ગ ઈચ્છનાર મનુષ્યને માટે ડગલે અને પગલે આવતાં પરીક્ષણથી અને મૂંઝવણથી બચવા એમાં કીમતી સૂચનાઓ ભરેલી છે. કોઈપણ ધર્મની વ્યક્તિને બાધક ન હોય, એવા ખુલાસાની ગૂંથણ છે, મનુષ્ય માત્રને આ ભવસાગરમાં તે દીવાદાંડીરૂપ છે. પ્રત્યેક ખ્રિસ્તી જીવનને તો તે અતિ ઉપયોગી છે જ છે. આવા કીમતી પુસ્તકનું અર્પણ એકાદ વ્યક્તિને કરવા કરતાં મારા સમસ્ત ગુજરાતી ખ્રિસ્તી વાચકોને ચરણે ધરવામાં માન સમજું છું. મારી નમ્ર વિનંતી છે કે, દરેક ખ્રિસ્તી એને વાંચે, વિચારે અને જીવનપંથ કાપે.

રેવ. ડો. સત્વેદી અને મિ. ખંભાતાએ અથાગ પરિશ્રમ લઈ આ સુંદર ભાષાંતર મને કરી આપ્યું તે બદલ તેમનો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો જ છે. આમાં જો કાંઈ ભૂલ કે ખામી જણાય તો વાચકો તે દરગુજર કરી સુધારી લેવા કૃપા કરશે.

છેલ્લે, જો ખ્રિસ્તી સમાજ આ પ્રયત્નને વધાવી લેશે તો મહેનતને સાર્થક સમજીશ, એટલું જ નહિ પણ વાચકોની મહેરબાની, અને ઈશ્વરકૃપા હશે તો સુંદરસિંગનાં વધુ પુસ્તક પ્રગટ કરવાના વિચારને ઉત્તેજન મળશે.

– મ. મો.

# બીજી આવૃત્તિની પ્રસ્તાવના

આ પુસ્તિકાની પ્રથમ આવૃત્તિ શ્રી. મગનલાલ એમ. કૃપાનિવાસી તરફથી સને ૧૯૩૦માં પ્રગટ કરવામાં આવી હતી. સંજોગોવશાત્ ધારવા પ્રમાણે તેની બીજી આવૃત્તિ બહાર પડી શકી નહિ, એમ છતાં ખ્રિસ્તી જનતા તરફથી તેની માગ તો ચાલુ જ હતી. સમય સાનુકૂળ થતાં ગુજરાત ટ્રાક્ટ એન્ડ બૂક સોસાયટી (ગુજરાત ખ્રિસ્તી સાહિત્ય મંડળ) એ તેને પ્રસિદ્ધ કરવાને નક્કી કર્યું. શ્રી મગનલાલભાઈએ પુસ્તિકા પ્રસિદ્ધ કરવા માટે બિનશરતી અનુમતિ આપી તે બદલ આભારી છીએ. વળી રેવ. ડો. જી. કે. સત્વેદીએ પુસ્તિકા ફરી તપાસી સુધારોવધારો કર્યો તે બદલ આભારી છીએ.

ગુજરાતની ખ્રિસ્તી જનતા આ પુસ્તિકા ખરીદે, વાંચે, વંચાવે અને પ્રભુના ચરણ પાસે બેસી વિશેષ પ્રકાશ પામી તેના આશીર્વાદની ભાગીદાર બને, તો જ તેને પ્રગટ કરવાનો હેતુ બર આવે.

– પી. જી ભગત

# આમુખ

**પ્રભુના શબ્દો,**

"તમે મને ગુરુ તથા પ્રભુ કહો છો : એ તમે ખરું જ કહો છો; કેમ કે હું એ છું' (યોહાન ૧૩ : ૧૩).

"મારી ઝૂંસરી તમે પોતા પર લો, ને મારી પાસે શીખો... અને તમે તમારા જીવમાં વિસામો પામશો" (માથ્થી ૧૧ : ૨૯).

દુનિયા પર એવું કશું સંપૂર્ણ નથી કે જેની વિરુદ્ધ વાંધા લેવામાં ન આવે, ને જેની ટીકા ન થાય. જે સૂર્ય આપણને અજવાળું અને ગરમી આપે છે તેય ડાઘારહિત નથી, તોપણ તે એ ખોડખાંપણ સામે વાંધો લઈને પોતાની નિયમિત ફરજથી ભ્રષ્ટ થતો નથી. તેવી જ રીતે આપણા જીવન સાથે જોડાયેલી ફરજો અદા કરવાને આપણને ઉત્તેજન મળે છે.

આ પુસ્તકમાં સમાવાયેલા વિષયોનું રહસ્ય જ્યારે પ્રભુએ મને અનેક દૃષ્ટાંતો દ્વારા પ્રગટ કર્યું, ત્યારે મારા જીવન ઉપર ઊંડી અસર થઈ. આમાંની કેટલીક વાતો મેં મારાં ભાષણોમાં અમેરિકા, આફ્રિકા, એશિયા, ઓસ્ટ્રેલિયા અને યુરોપમાં બતાવી. આખરે કેટલાક મિત્રોની માગણીથી એ વાતો મેં આ નાના પુસ્તકમાં પ્રગટ કરી. મારી ઓછી કેળવણી અને ઓછી શક્તિને લઈને એ વાતોને વ્યવસ્થિત કરતી વખતે ખામી દેખાશે, પરંતુ જો વાચક કોઈ જાતના ભ્રાંતિભાવ વગર વિશ્વાસથી આ વાત સમજશે, તો જે લાભ મને થયો, તે તેને પણ થયા વિના નહિ રહે.

આ આત્મિક શિક્ષણ જો દૃષ્ટાંતો દ્વારા અપાયું ન હોત, તો તે મારે માટે મુશ્કેલ થયું હોત. દૃષ્ટાંતને લીધે મુકાબલાથી તેને લખીને પ્રગટ કરવામાં મને ઘણું જ સુગમ પડ્યું. પ્રભુની કૃપા તથા માયાને લીધે સર્વ વાતોથી મને તો પુષ્કળ આશીર્વાદ મળ્યા છે, અને મારી પ્રાર્થના છે કે, વાંચનારાઓને પણ મારી માફક પુષ્કળ આશીર્વાદ મળે.

તમારો નમ્ર સેવક,

**સાધુ સુંદરસિંગ**

# પ્રસ્તાવના

## પહેલું દર્શન

એક અંધારી રાતે હું એક જંગલમાં પ્રાર્થના કરવા ગયો. ત્યાં એક ખડક ઉપર બેસીને આકાશી મદદને માટે હું આતુરતાથી મારી અરજીઓ ધરવા લાગ્યો. આમ થોડોક વખત પ્રાર્થનામાં ગાળ્યા બાદ એક ગરીબ માણસ મારી તરફ આવતો દેખાયો. મેં ધાર્યું કે, તે ભૂખ અને ટાઢથી હેરાન થતો હશે. એટલે મારી પાસે મદદને માટે આવ્યો હશે, એટલે ઊઠીને મેં તેને કહ્યું કે, હું પણ એક ગરીબ માણસ છું, ને મારી પાસે એક કામળી સિવાય બીજું કશું નથી. માટે તું શહેરમાં જા, અને લોકો પાસેથી માગ. આટલા શબ્દો સાંભળતાંની સાથે જ તે આશીર્વાદના થોડાક છાંટા મૂકીને વીજળીની માફક એકાએક અલોપ થઈ ગયો. અફસોસ! મર્મ ખુલ્લો થતાં મને માલૂમ પડ્યું કે, એ તો મારો પ્રિય તારનાર અને સ્વામી ખ્રિસ્ત જ હતો. જે મારી પાસેથી માગવા નહિ પણ મને પામરને આપવા અને ધનવાન કરવા સારુ આવ્યો હતો! (૨ કોરિંથી. ૯ : ૮). જ્યારે મને મારી આ ભૂલનું અને તેને કરેલા અપમાનનું ભાન થયું, ત્યારે હું આંસુ સારવા લાગ્યો.

## બીજું દર્શન

એક બીજે દિવસે પણ મારું કામ પૂરું થયા પછી હું તે જ જંગલમાં અને તે જ ખડક પર બેસીને શા વિષે પ્રાર્થના કરવી તેના વિચારો કરવા લાગ્યો. આમ વિચારમાં ગૂંથાયેલો હતો એવામાં એક ઉમદા દેખાવનો ગૃહસ્થ મારી પાસે આવ્યો. તેની

આંખોમાં લુચ્ચાઈ અને રીતભાતમાં કંઈક શેતાનિયત દેખાતાં હતાં. તેણે પાસે આવીને મને કહ્યું, સ્વામીજી, આપની એકાંતમાં અને ભજનસેવામાં આમ ભંગ પાડવાને લીધે હું આપની ક્ષમા ચાહું છું. પરંતુ ભલાની ભલાઈનો લાભ લેવો એ તો સર્વ કોઈની ફરજ છે. આપની પવિત્ર અને નિઃસ્વાર્થ જિંદગીની મારા ઉપર મોટી અસર થઈ છે. એવી જ અસર બીજા અનેક ઈશ્વરપ્રેમી માણસો પર પણ થઈ છે. પરંતુ આપે દેહ, અંતઃકરણ અને આત્માનું સંપૂર્ણ સ્વાર્પણ કર્યા છતાંયે તેનો બદલો હજી આપને મળ્યો નથી, એટલે મારા કહેવાનો ભાવાર્થ આ છે : આપના ખ્રિસ્તી થવાથી હજારો ખ્રિસ્તીઓ પર આપનો પ્રભાવ પડ્યો છે, પરંતુ એ તો મુઠ્ઠીભર માણસોની વાત છે. અને વળી તેમાંયે કેટલાક ખ્રિસ્તીઓ તો આપના તરફ વહેમની દૃષ્ટિએ જૂએ છે. તો એક હિંદુ યા મુસલમાન તરીકે આપ એક મોટી દેશજાતિના આગેવાન થાઓ તો કેવું સારું! આ પ્રજાઓ એવા આગેવાનની શોધમાં છે. જો આપ મારી સૂચનાને ધ્યાનમાં લો તો થોડી જ વારમાં એકત્રીસ કરોડના આગેવાન આપ થઈ જશો અને અમે બધા આપના શિષ્યો બની આપને દીપાવીશું.

આ શબ્દો સાંભળતાં જ મારા મુખમાંથી સહજ આ શબ્દો નીકળી ગયા કે, “અરે શેતાન, દૂર જા. મને હંમેશાં માલૂમ પડ્યું છે કે, તું વરુ અને ઘેટાના વેશે મારી પાસે આવે છે. તારી ઇચ્છા એવી છે કે, સત્ય અને જીવનનો સાંકડો માર્ગ મૂકી દઈને હું નાશનો પહોળો માર્ગ પસંદ કરું? મારો બદલો તો મારો પ્રભુ છે, કે જેણે મારે સારુ પોતાનો પ્રાણ આપ્યો છે. એટલે મારું સર્વ અને હું પોતે તેને અર્પાઈ રહીએ એ જ મારી ફરજ છે. આ તારી ભંગુર

લાલચોથી મને શો લાભ છે? તું અહીંથી ચાલ્યો જા. તારી સાથે મારે કંઈ લેવાદેવા જ નથી.''

આ સાંભળીને તે બીધો, અને બબડતો બબડતો અદૃશ્ય થયો. આ પછી હું ખૂબ રડ્યો અને પ્રાર્થના કરવા લાગ્યો કે, ''હે પ્રભુ દેવ, તું મારું સર્વસ્વ છે. મારા જીવનમાં જીવન તું છે ને મારા આત્મામાં આત્મા તું છે. તું દયા કરીને મને તારા પવિત્ર આત્માથી અને પ્રેમથી એવો ભરપૂર કરી દે કે, મારા અંતઃકરણમાં બીજા કશાને જગ્યા જ જડે નહિ. મારે તારો કોઈ આશીર્વાદ જોઈતો નથી. મારે તો તું કે જે સર્વ આશીર્વાદોનું મૂળ અને જીવન છે. તે જ જોઈએ છે. દુનિયાનો આડંબર અને મહિમા મારે જોઈતા નથી કે નથી જોઈતું સ્વર્ગ પણ, મારે તો તારી જ જરૂર છે. તું મારામાં રહે. કેમ કે જ્યાં તું રહે છે, ત્યાં સ્વર્ગ બની જાય છે! મને તો તારામાં જ સંતોષ છે અને હૃદયને માટે એ પુષ્કળ છે. તેં પોતે, ઓ ઉત્પન્નકર્તા, તેં તારે પોતાને જ માટે આ હૃદય બનાવ્યું છે, બીજા કશાને માટે નહિ. એટલા માટે આ હૃદયને તારા વગર બીજા કશાથી વિશ્રામ મળે એમ છે જ નહિ. માત્ર તારામાં જ, ઓ બાપ, તારામાં જ શાંતિ પામવા તેં સરજ્યું છે. એ માટે ઓ પિતા, તારી વિરુદ્ધની એમાં જે જે વસ્તુ હોય, તે સર્વને કાઢી નાખીને તું તેમાં વાસો કર, અને તેના ઉપર અમલ ચલાવ. આમેન.''

આ પ્રાર્થના હું કરી રહ્યો કે, તરત જ મેં બહુ જ મહિમાવાન અને અત્યુત્તમ પ્રકાશિત વ્યક્તિ મારી આગળ ઊભેલી જોઈ. આ વ્યક્તિએ કશું કહ્યું નહિ અને મારી આંખો આંસુએ ભીંજાયેલી હોવાથી હું સ્પષ્ટ દેખી પણ શક્યો નહિ, પરંતુ તેના પ્રેમસ્વરૂપી

ઝરાનો પ્રેમપ્રકાશ મારા આત્મા અને અંતઃકરણમાં પ્રવેશ્યો, અને મેં મારા પ્રેમી તારનારને ઓળખી લીધો. હું એકદમ ઊઠ્યો અને તેના પગ પાસે પડ્યો. મારા અંતઃકરણની કૂંચી તો તેની પાસે હતી. તેણે પ્રેમની કૂંચીથી મારું હૃદયદ્વાર ઉઘાડ્યું, અને તેમાં પોતાની હાજરી ભરી દીધી. મેં અંદર કે બહાર જ્યાં જ્યાં જોયું ત્યાં માત્ર તે જ દેખાતો હતો. આથી મને ચોક્કસ સમજાયું કે, માણસનું હૃદય તે ઈશ્વરની ગાદી અને કિલ્લો છે. જ્યારે તે અંતઃકરણમાં વસવા ખુશી થાય છે ત્યારે સ્વર્ગ અને આકાશનું રાજ્ય ત્યાં ને ત્યાંથી જ શરૂ થાય છે!

એ થોડી જ વારમાં તેણે મને એવો ભરપૂર બનાવી દીધો અને એવાં તો અજાયબ વાનાં પ્રગટ કર્યાં, કે જો હું તે સંપૂર્ણ રીતે લખવા બેસું તો આ માનવી ભાષા અને વિચારથી તે લખી પણ શકાય નહિ! આકાશી વાનાંનું વર્ણન કરવાને આકાશી ભાષા હોય, તો જ તેનો સંપૂર્ણ ખ્યાલ આપી શકાય, કેમ કે ઐહિક ભાષાઓ એ કરવાને અપૂર્ણ છે. એમ છતાંયે પ્રભુ તરફથી મને સંદર્શનમાં જે પ્રાપ્ત થયું છે, તેમાંનું કંઈક હું તમારી આગળ ધરું છું.

આ પછી જે ખડક ઉપર હું બેસતો હતો, તે ખડક ઉપર પ્રભુ પોતે બેઠો, અને હું તેના પગ આગળ બેસીને પ્રશ્નો પૂછવા લાગ્યો. એમ પ્રશ્નોત્તરીથી ગુરુ ચેલા વચ્ચે જે વાતચીત શરૂ થઈ, તે અત્રે આપી છે.

# આવકાર

"તમે મને ગુરુ તથા પ્રભુ કહો છો એ તમે ખરું જ કહો છો. કેમ કે હું એ છું." – યોહાન ૧૩ : ૧૩.

આ પુસ્તકમાં સમાવાયેલા વિષયોનું રહસ્ય પ્રભુએ અનેક દષ્ટાંતો દ્વારા સાધુ સુંદરસિંગને પ્રગટ કર્યું. આમાંનાં કેટલાંક સત્યો સાધુજીએ આખી દુનિયામાં ખ્રિસ્ત વિશે જાણવામાં જેમને રસ પડ્યો તે ધર્મજનોને બતાવ્યાં. જે આત્મિક શિક્ષણ તેમને પ્રાર્થના દ્વારા, સંદર્શનો દ્વારા મળ્યું તે તેમણે આ ગ્રંથમાં બતાવ્યું છે, સરસ રીતે સમજાવ્યું છે.

આ ગ્રંથમાં ગુરુને ચરણે, પાપ અને તારણ, પ્રાર્થના સેવા, વધસ્તંભ અને તેના દુઃખનો ભેદ, સ્વર્ગ અને નર્ક જેવા વિષયો ઉપર ગુરુજીએ પોતાના અનુભવોને આધારે પોતાના વિચારો રસિક શૈલીમાં સમજાવ્યાં છે.

ભાઈ મગનલાલ મોરારભાઈએ ખ્રિસ્તી સમાજની સેવામાં આ પુસ્તક તૈયાર કર્યું છે. આશા છે કે સમાજે આ પુસ્તકને વધાવી લીધું છે અને વર્ષો સુધી તે સમાજનાં બાળકોને માટે એક દીવાદાંડી અંધકારમાં પ્રકાશનું સાધન બની રહેશે.

– ભગવતપ્રસાદ ચૌહાણ

સેક્રેટરી

# અનુક્રમણિકા


| | |
|---|---|
| નિવેદન | vii |
| પ્રસ્તાવના | xi |
| પ્રકરણ ૧ ગુરુને ચરણે | ૧ |
| પ્રકરણ ૨ પાપ અને તારણ | ૧૪ |
| પ્રકરણ ૩ પ્રાર્થના | ૨૮ |
| પ્રકરણ ૪ સેવા | ૪૪ |
| પ્રકરણ ૫ વધસ્તંભ તથા તેના દુઃખનો ભેદ | ૫૭ |
| પ્રકરણ ૬ સ્વર્ગ અને નર્ક | ૬૭ |

# પ્રકરણ ૧લું

# ગુરુને ચરણે

## પ્રભુની હાજરીનું પ્રકટીકરણ

### ભાગ ૧લો

**શિષ્ય** – જીવનના ઝરારૂપ, હે ગુરુજી, આપ પોતાના સમર્પિત ચેલાઓથી પણ ગુપ્ત રહો છો, એનું શું કારણ? આપ તેમને દર્શનનો લાભ આપીને કેમ આનંદિત કરતા નથી?

ગુરુજી – (૧) મારા દીકરા, ખરો આનંદ દૈહિક આંખના દર્શન પર રહ્યો નથી. પરંતુ એ તો હૃદય અને આત્મિક આંખોના દર્શન પર રહ્યો છે. જ્યારે હું પાલેસ્તાઇનમાં હતો, ત્યારે હજારો લોકોએ મને જોયો, પરંતુ એ બધાને કંઈ ખરો આનંદ પ્રાપ્ત થયો નથી. દૈહિક વાનાં જ દેખાય છે. અમર ઈશ્વર અને અમર આત્માઓ મર્ત્ય આંખોથી દેખી શકાતાં નથી. દાખલા તરીકે, તમે પોતાનો આત્મા જોઈ શકતા નથી, તો પછી તમે તેના કર્તાને તો જોઈ જ કેમ શકો ? પણ જ્યારે તમારી આત્મિક આંખો ઊઘડે, ત્યારે તમે ખરેખર તેને (યોહાન ૪ : ૨૪) જોઈ શકો અને જ્યારે તું મને હમણાં જોઈ રહ્યો છે, ત્યારે એ તારી દૈહિક આંખોથી નથી, પણ એ તારી આત્મિક આંખોએ જુએ છે. હવે કદાચ એ પરથી તું મને એવો પ્રશ્ન પૂછે કે, જ્યારે મને પાલેસ્તાઇનમાં હજારો લોકોએ જોયો, ત્યારે શું તેઓની આત્મિક આંખો ઊઘડેલી હતી, કે મેં પોતાને મર્ત્ય બનાવ્યો હતો? એનો જવાબ એ છે કે, મેં મર્ત્ય દેહ ધર્યો હતો એ માટે કે હું જગતમાં પાપને સારુ પ્રાયશ્ચિત્ત થઈ શકું, અને જ્યારે એ પાપીઓના તારણનું કામ સંપૂર્ણ કરવામાં આવ્યું

(યોહાન ૧૯ : ૩૦), ત્યારે એ મર્ત્ય અમરપણામાં ફેરવાઈ ગયું. એ જ કારણથી મારા પુનરુત્થાન પછી જેઓની આત્મિક આંખો ઊઘડી હતી, તેઓ જ મને જોઈ શક્યા (પ્રે. કૃ. ૧૦ : ૪૦, ૪૧).

(૨) આ દુનિયામાં ઘણા માણસો છે કે, જેઓ મારા વિષે જાણે છે, પરંતુ તેઓ મને જાણતા નથી. મતલબ કે તેઓને મારી સાથે અંગત સંબંધ નથી. અને એ જ કારણથી તેઓને મારા વિષે ખરો વિચાર કે વિશ્વાસ નથી, અને તેઓ મને પોતાના તારનાર કે પ્રભુ તરીકે સ્વીકારતા પણ નથી. એ તો એક જન્મથી આંધળા માણસ સાથે આપણે લાલ, પીળો, વાદળી આદિ ભિન્ન ભિન્ન રંગો વિષે અને તેના સૌંદર્ય વિષે વાત કરીએ, અને તે તેમને કેવળ નામે જાણે, પરંતુ તેના સૌંદર્ય અને વાસ્તવિકપણાનો તેને ખ્યાલ પણ ન આવે, તેના જેવી વાત છે. તે રંગોને કેવળ નામે જાણે પણ તેની ઉત્તમતા અને કદર તો જ્યારે તેની આંખો ઊઘડે ત્યારે જ સમજી શકે. એવી જ રીતે આત્મિકપણાની વાત પણ છે. માણસ ગમે તેટલો ભણેલો હોય, પરંતુ જ્યાં સુધી તેની આત્મિક આંખો ન ઊઘડે, ત્યાં સુધી તે મને જાણી શક્તો નથી, મારો મહિમા જોઈ શક્તો નથી કે હું અવતારધારી દેવ છું. એ પણ તે સમજી શક્તો નથી.

(૩) એવો વિશ્વાસ કરનાર ઘણા લોકો છે, જેઓને તેમના અંતઃકરણમાં મારી હાજરી લાગે છે, અને તેથી તેઓ મનની શાંતિ અને જીવન અનુભવે છે. પરંતુ દૈહિક આંખોથી તેઓ મને જોઈ શક્તા નથી. જ્યારે આંખો ઘણી વસ્તુઓ જોવાને અશક્ત બને છે, ત્યારે તેમાં એક જાતની દવા (Collyrium) નાખવામાં આવે છે. એ દવાથી આંખો વધુ તેજદાર બને છે અને તેની અંતર્શુદ્ધિ થાય

છે. પરંતુ આંખ પોતે તે દવા જોઈ શક્તી નથી. માત્ર તેથી ઊપજેલું પરિણામ તે અનુભવે છે. તેવી જ રીતે આત્મિક દર્શનની પણ વાત છે.

(૪) મારા પવિત્ર સેવકો મારી હાજરી દ્વારા જ ખરી શાંતિ મેળવે છે. જોકે તે ખરેખરી રીતે જોઈ શક્તા નથી, છતાંયે તેના પરાક્રમનો અનુભવ લે છે અને તેનો આનંદ ભોગવે છે. મારી સમક્ષતા શાંતિનો જે સ્વાદ તેઓ ચાખી રહ્યા હોય છે, અને તેમના અંતઃકરણ કે પ્રેરકબુદ્ધિને જે લાગણી થઈ રહી હોય છે, તે બધું તેઓ જાણે છે. પરંતુ તેમાંનું કશું તેઓ ખરેખરી રીતે જોઈ શક્તા જ નથી. આવું જ મીઠાઈ અને જીભની બાબતમાં પણ છે. જેને લીધે આપણને મીઠાશનો અનુભવ થાય છે તે મીઠાઈની મીઠાશ કે સ્વાદનો પ્રકાર જીભમાં દશ્યમાન નથી. તેવી જ રીતે હું મારા દીકરાઓને ગુપ્તમાં રાખેલું માન્ના (પ્રકટી. ૨ : ૭) આપું છું, કે જે તેમને જીવન અને આનંદ આપે છે. પરંતુ જગત અને તેના તત્ત્વવેત્તાઓ તે (અનુભવતા) જાણતા કે જાણી શક્તા નથી.

(૫) કેટલીય વાર માંદગીને લીધે સ્વાદેન્દ્રિય (જીભ)માં કાંઈક ફેરફાર થાય છે, આવે વખતે માંદાને ગમે તેવું સ્વાદિષ્ટ ખાવાનું આપીએ, તોપણ તે તેને ઊલટી કરાવનારું થઈ પડે છે! એવી જ રીતે પાપના રોગને લઈને માણસનાં અંતઃકરણ અને આત્મા રોગિષ્ટ બનવાથી તેની આત્મિક રુચિમાં પણ ફેર પડી જાય છે. માણસની આ દશામાં મારું વચન, મારી ભક્તિ અને મારી હાજરી અસર વગરનાં નીવડે છે. એથી લાભ પામવાને બદલે તે તેમાં વાંધા જુએ છે, દલીલો કરે છે અને વાંક શોધે છે.

(૬) જન્મના આંધળાની માફક ઘણા વિશ્વાસીઓ આંખો ઊઘડતાંની સાથે પ્રથમ દર્શને ઈસુને એક ભવિષ્યવાદી કે મનુષ્ય અવતાર તરીકે જ જુએ છે, પરંતુ જ્યાં સુધી હું પરાક્રમનું બીજું દર્શન તેમને ન આપું, ત્યાં સુધી ઈસુ એ ખ્રિસ્ત તે દેવનો દીકરો છે (યોહાન ૯ : ૧૭, ૩૫-૩૭) એ જોઈ શક્તા જ નથી.

(૭) એક સ્ત્રી વાડીમાં ગાઢ ઝાડીમાં લપાઈ ગઈ. તેનું છોકરું તેને શોધતું રડતું રડતું ઝાડીમાં ચારે બાજુ ભમવા લાગ્યું. આખી વાડીમાં તે ફરી વળ્યું, પરંતુ મા ત્યાં હોવાની કશી નિશાની તેને માલૂમ પડી નહિ. આથી ચાકરે તેને રડવાનું અને શોધવાનુ બંધ કરવાનું કહી આંબા પરની કેરીઓ અને બીજાં બીજાં બહુ જ ફળો અને સુંદર ફૂલો તરફ તેનું ધ્યાન ખેંચી તેને જે જોઈએ તે તોડી લેવાનું કહ્યું. પણ છોકરાએ તો રડતાં રડતાં કહ્યું કે, નહિ, નહિ, મારે તો મારી મા જ જોઈએ. તેનો સ્વાદ આ કેરીઓ કરતાં બહુ મીઠો છે અને તેનો પ્રેમ આ અતિ ખુશબોદાર ફૂલો કરતાં બહુ જ સરસ છે. આ ફળો, ફૂલો અને વાડીઓમાં જે કાંઈ છે, તે બધું મારું જ છે, કારણ કે તે મારી માનું છે, એટલે મારે તો મારી મા જ જોઈએ. તેની મા વાડીમાં સંતાઈને આ શબ્દો સાંભળતી હતી. તે એકદમ બહાર દોડી આવી, છોકરાને બાથમાં લીધો ને તેને ચુંબન કર્યું. એમ એ વાડી તેને માટે પારાદૈસ બની ગઈ. એવી જ રીતે આ જગત તે વાડી છે અને મારાં છોકરાં એ વાડીમાંની કોઈ પણ વસ્તુથી મોહિત થવાને બદલે તે કેવળ મને જ માગે છે. જ્યારે એમ થાય છે, ત્યારે હું ઈમાનુએલ કે જે સદા તેમની સાથે છું તે, પોતાને મારાં છોકરાંની આગળ પ્રગટ કરું છું.

(૮) જેમ પાણીમાં વાદળી અને વાદળીમાં પાણી છે, પરંતુ વાદળી એ પાણી નથી ને પાણી એ વાદળી નથી, પરંતુ બે જુદી જ વસ્તુઓ છે, તેમ જ હું મારાં છોકરાંમાં અને મારાં છોકરાં મારામાં રહીએ છીએ. આ કાંઈ અદ્વૈત મત નથી, પરંતુ એ તો જગત્તમાં રહેનારાઓના અંતઃકરણમાં દેવના રાજ્યનો વાસો છે. જેમ વાદળીમાં પાણી રહે છે, તેમ હું સર્વસ્થળે અને સર્વમાં છું, પરંતુ સર્વ હું નથી.

(૯) તમે કોયલાને લઈને અનેક વાર ધૂઓ, પણ તેથી તેની કાળાશ જતી નથી. પણ જો તેને અગ્નિમાં નાંખો, તો સહેજ વારમાં તેની કાળાશ મટી જઈ તે પ્રકાશી રહે છે. એવી જ રીતે જે પાપીઓ મારાથી અને મારા બાપથી (કેમ કે હું તથા બાપ એક છીએ) પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પામે છે, તેમના પાપની કાળાશનો નાશ થઈ તે જગતને અજવાળારૂપ બને છે (માથ્થી ૩ : ૧૧; ૫ : ૧૪). જેમ કોયલો અગ્નિમાં અને અગ્નિ કોયલામાં છે, તેમ જ હું મારાં છોકરાંમાં અને મારાં છોકરાં મારામાં છીએ, અને એમ તેઓની મારફતે હું જગતને પ્રગટ થાઉં છું.

## ભાગ ૨જો

**શિષ્ય** – ગુરુજી, જો આમ કોઈ ખાસ રીતે જગતની આગળ પોતાને પ્રગટ કરો, તો મને લાગે છે કે આપના ઐશ્વર્ય અને આપના અસ્તિત્વ વિષેના તેમના તમામ વહેમો જતા રહે અને તેઓ વિશ્વાસ કરી સત્યના રસ્તા પર આવે.

**ગુરુજી** – (૧) હે વત્સ, હું દરેકે દરેકની સ્થિતિનો સંપૂર્ણ માહિતગાર છું, અને દરેકને તેની તૃષ્ણા પ્રમાણે પ્રગટ થાઉં છું. માણસને સત્યતાના રસ્તા ઉપર લાવવા સારુ મારે માણસ આગળ

પ્રગટ થવું જોઈએ. પરંતુ એ કરવા સારુ માણસની ખાતર માણસ થયા વગર બીજો એકે સરસ બંધબેસતો માર્ગ ન હતો, એ માટે કે તેઓ જાણે કે બાપ કોઈ ત્રાસદાયક અને અજાણી વ્યક્તિ નથી, પરંતુ તે પ્રેમસ્વરૂપ છે અને તેની પોતાની જ પ્રતિમા પ્રમાણે તેઓ પણ ઉત્પન્ન કરાયેલાં છે. માનવીપણાને આ એક સ્વાભાવિક ઈચ્છા હોય છે કે, જેને તે ચાહે છે, ને જેના પર પ્રેમ કરે છે તેને તે પોતાની આંખોએ જુએ. પરંતુ બાપને જોવો હોય, તો તે જેવો અકળ છે, તેવા જ અગમ્ય છે. જો બાપને જોવો હોય, તો તે જેવો અકળ છે, તેવા જ અકળ કે અતકર્ય માણસે પણ થવું જોઈએ. માણસ તો મર્યાદિત અને ઉત્પન્ન કરાયેલું છે, એટલે તે અમર્યાદિત પ્રભુને દૈહિક આંખોએ જુએ, એ બની શકે તેવું નથી. દેવ પ્રીતિ છે અને પોતાનું એ જ પ્રેમસ્વરૂપ તેણે માણસમાંય મૂકીને તેને ઉત્પન્ન કર્યું છે. માણસ મર્યાદિત છે એથી તેણે એવો જ મર્યાદાવાળો દેહ ધારણ કર્યો. એ માટે કે તે માણસના હૃદયની કલ્પના તે વડે શાંત કરે. એટલે જ તે અવતારધારી થયો. એ માટે કે તેનું મર્યાદિત અને ઉત્પન્ન કરેલું સંતાન આકાશમાંના દૂતો સહિત તેને આકાશમાં જોઈને આનંદ કરે. હું અદશ્ય દેવની પ્રતિમા છું, અને દેવની સર્વ ભરપૂરી મારામાં શરીરરૂપે વસે છે (કોલો. ૧ : ૧૫; ૨ : ૯), એટલા જ માટે મેં કહ્યું કે, જેણે મને જોયો છે તેણે બાપને જોયો છે (યોહાન ૧૪ : ૯, ૧૦). અને જો કે મારા અવતારધારીપણામાં હું પુત્ર કહેવાઉં છું તોપણ વાસ્તવિક રીતે તો હું અનાદિ પિતા છું. (યશા. ૯ : ૬).

(૨) હું, બાપ અને પવિત્ર આત્મા એક જ છીએ. જેમ સૂર્યને અજવાળું અને ગરમી છે છતાં અજવાળું તે ગરમી નથી અને

ગરમી તે અજવાળું નથી. તેમ છતાં તે બધું મળીને સૂર્ય છે, અને અજવાળું તથા ગરમી જુદા જુદા રૂપે એકમાંથી જ પ્રગટ થાય છે તેમ જ અમારા ત્રિએકપણાની પણ વાત છે. હું અને પવિત્ર આત્મા બાપમાંથી નીકળી આવીએ છીએ, અને જગતને ગરમી તથા અજવાળું આપીએ છીએ. પવિત્ર આત્માનું બાપ્તિસ્મા વિશ્વાસ કરનારમાંથી દરેક જાતનું પાપ અને હૃદયની સર્વ પ્રકારની ભૂંડાઈ બાળીને નષ્ટ કરે છે, અને તેમનું શુદ્ધિકરણ અને પવિત્રીકરણ કરીને સ્વર્ગને માટે તૈયાર કરે છે. હું જે ખરું અજવાળું છું (યોહાન ૧ : ૯, ૮ : ૧૨), તે પાપીઓને પાપના ખાડામાંથી બહાર કાઢી લાવું છું અને ખરા રસ્તા પર દોરીને સ્વર્ગના અનંત સુખમાં લઈ જાઉં છું. જેમ સૂર્યની બાબતમાં છે તેમ અમે કોઈ પણ રીતે ત્રણ નથી પણ એક છીએ.

(૩) માણસમાં જે જે પ્રકારની શક્તિ, પરાક્રમ કે ઉત્કૃષ્ટતા ઈશ્વરે સરજેલી છે તે જો એ વાપરે નહિ, તો તે ધીમે ધીમે મંદ થઈ નષ્ટ થાય છે, તેવી જ રીતે જીવતા ઈશ્વરમાં માણસનો વિશ્વાસ પણ દઢ થતો થતો વધે નહિ, તો પાપ અને શોકના હુમલાઓથી તે પણ નષ્ટ થઈ જાય છે. આપણે ઘણી વાર માણસોને આમ કહેતાં સાંભળ્યાં છે કે, 'જો, આ ફલાણી બાબતનો મારો શક દૂર કરવામાં આવે, તો હું જરૂર વિશ્વાસ કરું.' આ વાત તો કોઈ માણસનું હાડકું ભાગી જાય અને તે ડોકટર પાસે આવીને કહે કે, સાહેબ, તમે પ્રથમ મારું દરદ મટાડો અને પછી હાડકું બેસાડજો, તેની જેવી છે. આ દલીલ તદ્દન ખોટી છે. દરદ તો હાડકું ભાગ્યાથી આવ્યું છે, માટે પ્રથમ હાડકું બેસાડવું જોઈએ એટલે તેના સમા થયાથી દરદ આપોઆપ જતું રહેશે.

એવી જ રીતે ઈશ્વર સાથેનો સંબંધ પાપને લીધે તૂટ્યાથી શક અને આત્મિક દુઃખ-દરદો આવે છે. એ માટે સૌથી પહેલું ને અગત્યનું તો એ છે કે, દેવ સાથેનો તૂટેલો સંબંધ પ્રથમ સાંધી લેવો, એટલે અમારા ઐશ્વર્ય અને ઈશ્વરના અસ્તિત્વ વિષેના તમામ શકો અને એવી જ આત્મિક મુશ્કેલીઓ આપોઆપ દૂર થઈ જશે, અને હ્રદયની સર્વ વિટંબણા દૂર થઈ તેને ઠેકાણે આશ્ચર્યકારક શાંતિ ઉત્પન્ન થશે. આ શાંતિ જગત આપી કે લઈ જઈ શક્તું નથી. ઈશ્વર અને માણસ વચ્ચેની આ ભાંગતૂટ સાંધી લઈને માણસને સર્વકાળનું સુખ આપવા સારુ જ મેં અવતાર લીધો છે, એ માટે કે તે સદા દેવની સાથે રહે.

(૪) ઈશ્વર પ્રીતિ છે, અને તેથી જ તેણે દરેક પ્રાણીમાં ને ખાસ કરીને માણસમાં પ્રેમનું મૂળ ઉત્પન્ન કર્યું છે. એ માટે અગત્યનું છે કે, આ પ્રેમીને પ્રેમનો હિસ્સો મળે. જેણે અંતઃકરણ, જીવ અને સમજશક્તિ ઉત્પન્ન કર્યાં, તેને એ જ અંતઃકરણથી, જીવથી અને મનથી પૂરી રીતે ચાહવો, અને તેમ જ તેનાં ઉત્પન્ન કરેલાંને પણ ચાહવાં, એ મનુષ્યની સ્વાભાવિક ફરજ છે. જેણે મનુષ્યમાં આ પ્રેમ ઉત્પન્ન કર્યો તેને આખા અંતઃકરણથી, પૂરા જીવથી, પૂરા મનથી અને પૂરા સામર્થ્યથી ચાહવામાં જો માણસ પાછો પડે, તો તે પોતાની અસલ સ્થિતિમાં બદલાઈને સ્વાર્થી બને છે, અને એમ તે પોતાના અને અન્યના નાશનું કારણ બને છે. દરેક સ્વાર્થી માણસ ખરેખરો આપઘાતી થાય છે.

મેં એમ પણ કહ્યું છે કે, જેવો પોતા પર તેવો જ પોતાના પડોશી પર પણ પ્રેમ કરવો. આમાં આખી માનવજાત સામાન્ય રીતે પડોશી તરીકે સમજવાની છે ખરી, પરંતુ ખાસ કરીને જેની

સાથે માણસ રહે છે, તે પડોશીને વધારે લાગે છે. કોઈ એક અજાણ્યો માણસ જોકે તે દુશ્મન હોય, તોપણ બે ત્રણ દિવસ તમારી સાથે આવીને રહે, તેના પર પ્રેમ રાખવો સહેલો છે, પરંતુ જે માણસ રોજ તમારી સાથે રહે છે, જે તમને હમેશાં હરકત કરે છે અને ત્રાસ આપે છે, તેની સાથે વાસો કરીને રહેવું એ બહુ જ મુશ્કેલ કામ છે. જો તમે આ યુદ્ધમાં વિજયી નીવડો, તો પછી મનુષ્ય માત્ર ઉપર પોતાના જ જેવો પ્રેમ રાખવાનું તમારે સારુ તદ્દન સહેલું છે. જ્યારે માણસ આવી રીતે પોતાના પૂરા હૃદયથી, જીવથી અને મનથી ઈશ્વર ઉપર પ્રીતિ કરે છે, અને પોતા પર એવી જ પોતાના પડોશી પર પ્રીતિ કરે છે ત્યારે તેના અંતઃકરણમાં શકને માટે સ્થાન જ રહેતું નથી. આવા જ અંતઃકરણમાં દેવનું રાજ્ય સ્થાપન થાય છે, કે જેનો અંત આવશે નહિ એ પ્રેમના અગ્નિથી પીગળીને, આકાશી બાપ કે જેણે પોતાની પ્રતિમા પ્રમાણે તેને અસલ સ્વરૂપમાં ઉત્પન્ન કર્યો હતો, તેવું જ તેના સ્વરૂપ અને પ્રતિમા જેવું તે નવું બંધારણ પામે છે.

(૫) જેઓ શુદ્ધ હેતુથી પવિત્ર શાસ્ત્ર કે જે મારા પોતાના શબ્દો છે તેની મારફતે મને શોધે છે તેઓની આગળ તે શબ્દો વડે પણ હું હંમેશાં પ્રગટ થાઉં છું. જેમ માનવજાતને તારવા સારુ મેં માનવરૂપ ધારણ કર્યું, તેમ એ જ માનવ ભાષામાં મેં મારા શબ્દો કે જે 'આત્મા તથા જીવન' (યોહાન ૬ : ૬૩) છે તે પણ તેમને આપ્યા છે. મતલબ કે માનવી તત્ત્વ સાથે મેં આત્મિક તત્ત્વ જોડી દઈને માણસને માટે માર્ગ સરળ કર્યો છે. કેટલાએક મને સમજી શક્તાં નથી, તેથી જ મારા એ શબ્દો પણ સમજી શક્તાં નથી. એની ખરી સમજ લેવા સારુ હેબ્રી કે ગ્રીક ભાષા જાણવાની

જરા પણ જરૂર નથી. માત્ર આત્માની સંગતને યોગે કરીને ભવિષ્યવાદીઓએ અને પ્રેરિતોએ તે લખ્યું. ખરી સંગત જ જોઈએ છે. એ જ આત્માની હકીકત તો એ છે કે, શાસ્ત્રની ભાષા આત્મિક છે, એટલે જેઓ આત્માથી જન્મ્યા છે, તેઓ જ તે બરાબર સમજી શકે છે. આવા લોકો જગતના તત્ત્વજ્ઞાનમાં ભલે મૂર્ખ છોકરાં દેખાય, પણ તેઓ આત્મિક ભાષા બરાબર સમજી શકે છે, કારણ કે તે તેમની માતૃભાષા છે. આ જગતના જ્ઞાનીઓ તે સમજતા નથી, એનું કારણ એ કે, તેમને પવિત્ર આત્મામાં હિસ્સો નથી.

(૬) કુદરત શાસ્ત્ર કે જે મારા પોતાના જ હાથની રચના છે, તેમાં મારું પ્રકટીકરણ મોજૂદ છે. પરંતુ આ કુદરત-શાસ્ત્ર ઉકેલવાને પણ આત્મિક દષ્ટિની જરૂર છે. એ વગર તેઓ કુદરતમાં પણ મને જોઈ કે મળી શકતા નથી. આ આત્મિક દષ્ટિ વિના મારું સંશોધન કરવામાં જોખમ રહ્યું છે. એથી તો તેઓ મને પામવાને બદલે ઊલટા મારાથી આઘા ભટકી જશે. આવી રીતે આંધળો આંખને ઠેકાણે આંગળીનાં ટેરવાં ફેરવીને લાગણીથી ચોપડી વાંચી શકે છે. પરંતુ એથી એને સત્યના વાસ્તવિકપણાનું ભાન થતું જ નથી. નાસ્તિક અને શંકાશીલોની તપાસનું પરિણામ આવું જ છે. તેઓ સંપૂર્ણતા પામવાને બદલે ખરાબ થતા ને પાછળ પડતા જાય છે, ટીકા કરે છે, વાંક શોધે છે, અને એટલે સુધી એ પૂછે છે કે જો આ સૃષ્ટિનો કોઈ સર્વશક્તિમાન કર્તા હોય, તો પછી તેમાં જાત જાતની ખોડો જેવી કે તોફાન, ધરતીકંપ, અંધેર, દુઃખ સતાવણી, મરણ આદિ કેમ હોય? આ ટીકા ને દલીલો એક મૂર્ખ માણસના જેવી છે. કોઈક ઘર બાંધનારને તેનું બંધાતું ઘર જોઈને કે કોઈક સરસ ચિતારાનું અપૂર્ણ ચિત્રકામ જોઈને કહે છે કે, આ

કેવું અસ્તવ્યસ્ત! પરંતુ થોડી વાર પછી જ્યારે આ ઘર ને ચિત્રકામ બંનેને તે પૂરાં થયેલાં જુએ, ત્યારે તેની સંપૂર્ણતા ને સુંદરતા જોઈને એ માણસ પોતાની ભૂલથી શરમાશે, અને ખોડ કાઢવાને બદલે ઊલટો વખાણ કરશે, ને સ્તુતિ ગાશે. એવી જ રીતે દેવે આ પૃથ્વીને તે આજે જે સ્થિતિમાં છે, તે એક દહાડામાં આણી નથી, અથવા તે એક દહાડામાં સંપૂર્ણ થઈ જવાની નથી. આ આખી સૃષ્ટિ સંપૂર્ણતા તરફ જાય છે, એ જો આ જગતના જ્ઞાનીઓ જ્ઞાનની આંખોએ જોવાને શક્તિમાન થાય, તો દરેક ઉત્પન્ન કરેલી વસ્તુ તેના ઉત્પત્તિકાળથી ભૂલથાપ વગર સંપૂર્ણતા તરફ કેવી અજાયબ રીતે ચાલી જાય છે, તે જોઈને તેઓ ઈશ્વર સમક્ષ ઘૂંટણે પડે અને કબૂલ કરીને કહે કે, આ સઘળું ઉત્તમ છે (ઉત્પત્તિ ૧ : ૩૧).

(૭) મનુષ્યમાં રહેલા આત્માની સ્થિતિ ઇંડામાં રહેલાં પક્ષીના જેવી છે. જો આ ઇંડામાંના પક્ષીની સાથે તમે કોઈ રીતે વાત કરીને કહી શકો કે, તું જે કોટલામાં ભરાઈ રહ્યું છે, તે કોટલાની બહાર તો બહુ જ મધુર ફૂલો, અને રમણીય નદીઓ ને પહાડો, અને મહામોટું જગત આવી રહ્યું છે. એ સઘળું બહુ જ સુંદર છે. ત્યાં તારાં માબાપ છે. જો તું આ કોટલું છોડીને બહાર નીકળે તો તરત જ એ સર્વ જોઈ શકશે. તમે તેને આવું ગમે તેટલું કહો પણ જ્યાં સુધી તે કોટલામાં છે ત્યાં સુધી તે તમારી વાત સમજશે નહિ અને માનશે નહિ. તમે એને એટલે સુધી કહો કે હાલ આ તારી અપૂર્ણ પાંખો અને આંખો દેખાય છે તેથી જ તું એનો અનુભવ કરી શકશે, તોપણ તેથી તેને કશી અસર નહિ થાય, તેમ તમારા એવા ખાતરીના શબ્દોની કદર પણ નહિ કરે.

એવી જ રીતે ઘણા માણસો આ શરીરરૂપી કોટલામાં રહીને ભવિષ્યના જીવન વિષે કે ઈશ્વરના અસ્તિત્વ વિષે માનતા નથી. તેઓની કલ્પના જે નાજુક પીંછા જેવી છે, તે તેમના મગજના સાંકડા વર્તુળની પેલી બાજુએ પહોંચી શક્તી નથી. કે જે વસ્તુઓ ઈશ્વરે પોતા પર પ્રેમ કરનારાઓને સારુ સિદ્ધ કરી છે (યશા. ૬૪ : ૪, ૬૫ : ૧૭). તે અનંત અને અવિકારી વાનાં તેમની હાલની નબળી આંખોએ દેખાતાં નથી. માટે જેમ ઇંડામાંનું બચ્ચું મરઘીની ગરમીથી પોષાઈ તૈયાર થાય છે, તેમ જ જ્યાં સુધી માણસ આ શરીરમાં છે, ત્યાં સુધી અનંતજીવન મેળવવા સારુ વિશ્વાસથી પવિત્ર આત્માની ગરમી મેળવી તૈયાર રહેવું જોઈએ. જો તેમ નહિ કરે તો ઇંડામાંનું બચ્ચું ગરમી વિના સર્વકાળને માટે નાશ પામે છે તેમ તે પણ નાશ પામશે.

(૮) માણસ હદવાળું પ્રાણી છે એટલે તેણે અમર્યાદ ઈશ્વરની રચના અને તેના મર્મ પર વિશ્વાસ કરવાની જરૂર છે. જેમ એક કીડી પોતાના નાજુક પગોથી લોઢાની ચાકી ઉઘાડી શક્તી નથી, તેમ મર્યાદિત મન અને જ્ઞાનશક્તિવાળું માણસ પણ પોતાની નાજુક ચાવી વડે ઈશ્વરના ઊંડા મર્મો ખોલી કે સમજી શક્તું નથી.

(૯) ઘણા લોકો કહે છે કે, જે વસ્તુ કે જીવનને શરૂઆત હોય તેને અંત પણ હોય જ. આ ખરું નથી. શું સર્વશક્તિમાન ઈશ્વર પોતાના શબ્દબળથી તેને અનંતજીવન બક્ષી ન શકે? આ દુનિયામાં જીવન નાશ અને ક્ષયવાળું દેખાય છે. એનું કારણ એ છે કે, જે વાનાં બદલાવાનાં અને ક્ષય પામવાનાં છે, તેના સંબંધમાં અને સંજોગોમાં આ જીવન રહ્યું છે, પણ જ્યારે એ બદલાનાર અને ક્ષયવાન વસ્તુઓના સંબંધમાંથી તે જીવનને છૂટું કરવામાં

આવે, અને ન બદલાનાર અવિચળ દેવ કે જે અનંતજીવનનો ઝરો છે, તેની સત્તા નીચે મૂકવામાં આવે, ત્યારે તરત જ આ હાલનું જીવન એ ક્ષયવાન વાનાંથી છૂટી જઈને અનંતજીવન બની જાય. એટલા માટે જે કોઈ મારા પર વિશ્વાસ કરે છે, તેને હું અનંતજીવન આપું છું, ને તેનો નાશ કદી થશે નહિ. વળી મારા હાથમાંથી તેને કોઈ છીનવી લઈ શકશે નહિ. (યોહાન ૧૦ : ૨૮). સર્વશક્તિમાન પ્રભુ દેવ જે છે, જે હતો, ને જે આવનાર છે, તે હું જ છું. (પ્રકટી. ૧ : ૮).

❖ ❖

## પ્રકરણ ૨જું
# પાપ અને તારણ
### ભાગ ૧લો

શિષ્ય- પ્રભુ, લગભગ બધાં જ માણસો જાણે છે કે, ઈશ્વરને અનાજ્ઞાંકિત થવું અને તેની ભક્તિ ન કરવી એ પાપ છે, અને તેનું શિક્ષારૂપ પરિણામ પણ જગતની હાલની સ્થિતિમાં બહુ જ સચોટ રીતે પ્રગટ થઈ રહ્યું છે, પરંતુ પાપ ખરેખર શું છે, તે કાંઈ ચોક્કસ સમજાતું નથી. અને વળી સર્વશક્તિમાન ઈશ્વર હાજર છતાં તેની ઉત્પન્ન કરેલી સૃષ્ટિમાં તેની ઇચ્છા વિરુદ્ધ વિનાશક તત્ત્વો શી રીતે દાખલ થયાં?

પ્રભુ- (૧) ઈશ્વરની ઇચ્છાનો અનાદર કરીને પોતાની ઇચ્છા પ્રમાણે ચાલવું એનું નામ પાપ છે. અર્થાત્ જે ખરું અને યોગ્ય છે, તે ન કરીને જેથી ખરી શાંતિ અને ખરો સંતોષ ન મળે તેવું અયોગ્ય અને ખોટું પસંદ કરવું તથા પોતાની ઇચ્છા અને ખુશીથી તેમાં ગરક થઈ રહેવું તે પાપ છે. પાપ એ કંઈ એવી જુદી વસ્તુ નથી, કે જે ઉત્પન્ન કરવામાં આવી હતી. ખરું જોતાં એ તો એક સ્થિતિનું નામ છે. આખી સૃષ્ટિનો કર્તા કેવળ એક જ છે, અને તે ભલો છે. એ ભલો કર્તા એના સ્વભાવ વિરુદ્ધ કશી પણ ભૂંડાઈ ઉત્પન્ન કરી શકે નહિ કે દાખલ કરી શકે નહિં. આ ભલા ઉત્પન્નકર્તા સિવાય બીજો એવો કોઈ ઉત્પન્નકર્તા પણ નથી કે જે ભૂંડાઇ ઉત્પન્ન કરી શકે.

શેતાન ઉત્પન્ન કરેલાંને બગાડી શકે છે, પરંતુ એને પોતાને કશું ઉત્પન્ન કરવાનો કશો પણ અધિકાર નથી. એટલે પાપ એ કંઈ જુદી હયાતીવાળી કોઈ વસ્તુ નથી. એ તો કેવળ એક સ્થિતિ

છે. દાખલા તરીકે અજવાળું લો. અજવાળાને અસ્તિત્વ છે, પણ અંધારાને તેવું અસ્તિત્વ નથી. અજવાળાનો અભાવ એનું નામ અંધારું છે. એવી જ રીતે પાપ અને ભૂંડાઈને જુદું અસ્તિત્વ નથી, પરંતુ ભલાઈની ગેરહાજરી કે તેનો વિરોધ એનું જ નામ ભૂંડાઈ.

પાપની આ અંધકારમય સ્થિતિ ઘણી જ જોખમકારક છે, કારણ કે તેના અંધારાએ ઘણા જીવો ખરાપણા પરથી ભટકી જાય છે, શેતાનના ઠગાઈરૂપી ખડક સાથે અથડાય છે, અને નર્કના અંધારા અખાતમાં પડી જઈ ખોવાઈ જાય છે કે નાશ પામે છે. આ જ કારણને લીધે હું કે જે જગતનું અજવાળું છું, તે દેહમાં પ્રગટ થયો, એ માટે કે જે કોઈ મારા પર વિશ્વાસ કરે તેઓને અંધકારના પરાક્રમથી છોડાવી લઉં, અને સ્વર્ગના ઇચ્છિત સ્થળે હું તેમને પહોંચાડું કે જ્યાં અંધકાર કે રાત છે જ નહિ (પ્રકટી. ૨૨ : ૩-૫).

(૨) ત્યારે કદાચ તમે એમ પૂછશો કે સર્વશક્તિમાન પ્રભુ હમેશાં હાજર છતાં પાપની અંધકારમય સ્થિતિ કેવી રીતે ઉત્પન્ન થઈ? એનો જવાબ એ છે કે, એ શેતાનથી આવી. માણસો આડા અને ખોટા માર્ગે ચઢી જઈને રાજીખુશીથી પોતાની ભૂંડી ઇચ્છાઓ અમલમાં મૂકતાં જાય છે. તમે કદાચ એમ પૂછશો કે ત્યારે માણસ પાપમાં પડે જ નહિ એવું શક્તિમાન તેને ઈશ્વરે કેમ બનાવ્યું નહિ હોય? એનો જવાબ એ છે કે, જો ઈશ્વરે માણસને માત્ર સાચા જેવું બનાવ્યું હોત, તો સ્વતંત્ર ઇચ્છા અને સ્વાશ્રયથી કરાતાં કામોમાં જે ખરો આનંદ છે, તે તેમને કદી ન મળત. આદમ અને હવા શેતાનના જુઠાણાથી ઠગાયાં, કારણ કે તેમનું જીવન પવિત્ર હોવાથી જૂઠ અને ઠગાઈ શું છે, એ તેઓ જાણતાં જ હતાં. આ પહેલાં

અભિમાન જેવું કંઈ હતું જ નહિ. તેમ છતાં એ સ્થિતિ ઇચ્છાથી શેતાનમાં અને માણસોમાં આવી છે. એટલે ઈશ્વરે પોતાના પરાક્રમથી આ સ્થિતિને સારા સ્વરૂપમાં ફેરવી દીધી છે. પહેલું તો એ કે, અવતાર અને પ્રાયશ્ચિત્તની મારફતે દેવે પોતાનો અમાપ અને અજાયબી પ્રેમ પ્રગટ કર્યો, કે જે બીજી કોઈ રીતે બતાવી શકાત નહિ. બીજું, લોકોનું તારણ કર્યું. જેમ કડવો ખોરાક ચાખ્યા પછી મીઠાઈ કે મધનો અનુભવ લહેજત આપે છે, તેમ પાપની કડવાશ ચાખ્યા પછી પારાદૈસના મહા આનંદની કદર થાય છે. આવો માણસ ફરી પાપમાં તલ્લીન થતો જ નથી, પરંતુ નમ્રતાથી ને આજ્ઞાંકિતપણે પ્રેમથી તેઓ ઈશ્વરની સેવા કરે છે અને હરહંમેશ તેનામાં જ ખુશ રહે છે.

(૩) ચંદ્રમાં અને સૂર્યમાં ડાઘા જોવા ને તેમનું ગ્રહણ જોવા લોકો ઘણી હોંશ રાખે છે, પરંતુ પાપને લગતા જે ડાઘા અને ગ્રહણ છે ને જેમાં તેઓ પોતે ફસાઈ પડ્યા છે, તેનો તો તેમને વિચાર સરખોયે નથી. 'હવે એ પરથી જ તમે કેટલેક દરજ્જે સમજી શકશો, કે મનુષ્યમાં જે અજવાળું તે જો અંધકારરૂપ થઈ જાય, તો તે અંધકાર કેટલો મોટો! (માથ્થી ૬ : ૨૩). જેમ રક્તપિત્ત કે કોઢના રોગમાં શરીર બહેરું ને લાગણી વગરનું થઈ જાય છે, તેમ જ પાપના રોગથી અંતઃકરણ અને પ્રેરકબુદ્ધિ બહેર મારી જાય છે, કે લાગણી હીન થઈ જાય છે, તે એટલે સુધી કે પાપનું દુઃખ કે ધિક્કારકારક સ્વભાવની તેમને અસર જ જણાતી નથી.' પરંતુ વખત હવે આવી લાગ્યો છે કે, જેમાં તેમને પાપની અસર સમજાશે ને લાગશે ને ત્યારે રડવું અને દાંત પીસવું થશે.

(૪) જેઓ પાપમાં ડૂબેલા છે, તેને પાપનો બોજ લાગતો જ નથી. જેમ કોઈ પાણીમાં ડૂબે ને તેના માથા પર કરોડો મણ પાણી હોય, છતાંયે તેનો સહેજ પણ ભાર લાગતો નથી, તેમ આ વાત પણ છે. પરંતુ પરિણામ તો એ જ આવે છે કે, તે ગૂંગળાઈને મરણ પામે છે. જો કોઈ માણસ પાણીમાંથી બહાર આવે અને પછી થોડું પણ પાણી ઊંચકી લે, તો તરત તેને તેનો ભાર લાગે છે, આવા જેઓને પાપનો ભાર લાગે છે, તેઓ જો પસ્તાવો કરે, અને મારી પાસે આવે, તો હું તેમને ખરો વિસામો આપીશ (માથ્થી ૧૧ : ૨૮), કારણ કે હું એવાને જ શોધવા અને બચાવવા સારુ આવ્યો છું (લૂક ૧૯ : ૧૦).

(૫) મરણ થવા પહેલાં એવું કંઈ જરૂરનું નથી કે, શરીરના સઘળા અવયવો મંદ અને નકામા થઈ જાય. શરીરના બધા અવયવો સામ, ધામ અને ખીલતા હોવા છતાં એકલું હૃદય બંધ થઈ જાય, કે મગજમાં કાંઈ રોગ થાય, કે કશો અકસ્માત થાય, તો તાબડતોબ મરણ નીપજે છે. એવી જ રીતે કેવળ એક પાપ પણ આખા અંતઃકરણને કે મગજને બગાડવાને કે આત્મિક જિંદગીનો નાશ કરી નાખવાને પૂરતું છે. એથી કુટુંબ કે સમાજ કે દેશ કે આખી દુનિયા પાયમાલ થઈ જાય છે. આનું સરસ ઉદાહરણ આદમનો દાખલો છે. જેમ લાજરસ મરેલો છતાં મારા એક વચનથી સજીવન થયો, તેમ મારું એક વચન પણ અનંતજીવન આપવાને પૂરતું છે.

(૬) કેટલીક વાર એવું ય બને છે કે, કોઈ એક પ્રાણી કે પક્ષી માણસના સહવાસમાં રહ્યા પછી જો તે પોતાના ટોળામાં પાછું જાય, તો તેઓ તેને મારી નાખે છે. માણસના સહવાસમાં

રહ્યાથી તેમની કેટલીક રીતભાત જુદી થવાથી તેઓને તે અણગમતું લાગે છે ને તેથી તેને આવકાર આપવાને બદલે તેની સામા થાય છે, કે મારી નાખે છે. હવે જો આવાં પ્રાણીઓ પોતાના સાથીને મનુષ્યની સોબતમાં રહ્યાને લીધે જ પોતામાં આવકાર આપતાં નથી, તો પછી પાપીઓને સંસર્ગમાં આવેલા મનુષ્યને પવિત્ર દૂતો અને સંતો તેમની પોતાની સંગતમાં લેવા કેમ ખુશ થાય! આનો અર્થ એ નથી કે, પાપીઓ પ્રત્યે તેમને પ્રેમ નથી. પરંતુ સ્વર્ગનું પવિત્ર વાતાવરણ તેમને બિલકુલ માફક આવતું નથી. ભલા અને ન્યાયી માણસોનો સહવાસ પાપીઓને તો દુર્ગંધમય જ લાગે છે. તો પછી એવાઓની સાથે સદાસર્વકાળ સુધી તેઓ કેમ કરીને રહી શકે! આવું પારાદૈસ તો તેમને ભૂંડામાં ભૂંડી શિક્ષા સમાન કે નર્ક સમાન જ લાગે. એથી જાણશો કે પાપીઓનું પાપિષ્ઠ જીવન જ તેમને નર્કમાં લઈ જાય છે. આ જિંદગી પૂરી થયા પહેલાં કે સ્વર્ગ યા નર્કમાં લઈ ગયા પહેલાં જ તેઓના સારા-માઠા સ્વભાવ અને કર્મ પ્રમાણે તેઓના અંતઃકરણમાં સ્વર્ગ કે નર્કની શરૂઆત આ જીવનમાં જ થઈ જાય છે, એટલા માટે જેઓ એ ભવિષ્યના અનંત નર્કાગ્નિથી નાસી છૂટવા ચાહતા હો, તેમણે હાલ જ પાપનો સાચો પસ્તાવો કરવો ને મારી પાસે આવવું, એ માટે કે હું તેનામાં રહીને પવિત્ર આત્માની મારફતે તેમને ઈશ્વરના સાર્વકાળિક રાજ્યના દીકરા બનાવું.

(૭) જે કોઈ આ પૃથ્વી પરના પોતાના રાજાની કે સરકારની સામે થાય તેને કદાચ કોઈ બીજા દેશમાં આશ્રય પણ મળે, પરંતુ ઈશ્વર સામે બંડ કરનારાઓ ક્યાં સંતાઈ જશો? કારણ કે ઊંડાણમાં કે ઊંચાણમાં જ્યાં કહીં તે જાય ત્યાં ઈશ્વર તો હાજર જ હોય છે

(ગીત. ૧૩૯ : ૭, ૮) એટલા માટે મનુષ્યને સારુ એ જ સારું છે કે તેણે પાપનો પસ્તાવો કરી ઈશ્વરના ચરણમાં શરણ લેવું.

(૮) આચ્છાદન કરવાને પોતાનું નાગાપણું ઢાંકવાને સારુ આદમ અને હવાને માટે અંજીરીનાં પાંદડાં બસ ન હતાં, માટે ઈશ્વરે તેમને ચામડાનાં વસ્ત્ર પહેરાવ્યાં. એવી રીતે મનુષ્યનાં પુણ્યકર્મો એ અંજીરીનાં પાંદડાં જેવાં છે. એથી આવનાર કોપથી છૂટકો થાય એમ નથી, એથી જ તેમને સારુ મારા ન્યાયીપણાનો ઝભ્ભો જરૂરનો છે.

(૯) પતંગિયાને અગ્નિના બાળી મૂકવાના અને નહિ કરવાના સ્વભાવનો વિચાર સરખોયે આવતો નથી. તે તો માત્ર એમાં ઝંપલાવાનું જ સમજે છે. તેવી જ રીતે માણસને પાપના ભંયકર નાશકારક ઝેરનો પણ વિચાર આવતો નથી. તે તો માત્ર તેના તાત્કાલિક અને દેખાતા સુખથી તેમાં ખેંચાઈ જઈને સદાને માટે નાશ પામે છે. મારું અજવાળું પાપીઓને મરણથી છોડાવે છે, અને જીવન તથા સાર્વકાળિક આનંદ આપે છે, કારણ કે મનુષ્ય એ અજવાળાનો આનંદ ભોગવવા સારુ જ ઉત્પન્ન કરાયેલું છે.

(૧૦) પાપ એ કાંઈ કાલ્પનિક કે માયાવી વસ્તુ નથી, પરંતુ આત્માની આ અંધકારમય સ્થિતિમાં માણસની ભૂંડી સ્વતંત્ર ઇચ્છા, કે ભૂંડાઈનાં જંતુઓ યા પાપના કીડા આવી મળીને તેના આત્માને સદાને માટે વિરૂપ અને નાશને સ્વાધીન કરી દે છે. જેમ શીતળાનો રોગ થોડી જ મુદતમાં કોઈ ખૂબસુરત માણસનો નાશ કરે છે કે તેને હંમેશને માટે વિરૂપ બનાવી દે છે, તેવું આ છે. ઈશ્વરે દુઃખ અને રોગ ઉત્પન્ન કર્યાં નથી, તેમ પાપ કે ભૂંડાઈ પણ ઉત્પન્ન કર્યાં નથી. આ સર્વ માણસના અનાજ્ઞાંકિતપણાનું જ પરિણામ છે.

દુઃખ અને રોગ એ કાંઈ કાલ્પનિક વસ્તુ નથી, પરંતુ પાપના અંદરના અદૃશ્ય રોગનું જે પરિણામ હોય કે બીજાના પાપનુંયે હોય. બલકે કુટુંબ કે સંબંધીઓની સાથે રહ્યાથીયે તેના ભાગીદાર થવાય. આ બધાં અંગો જો પસ્તાવો કરે અને મારામાં જોડાઈ જાય, તો તેમના અંદરના અને બહારના તમામ રોગો દૂર કરીને સાજાપણું આપું, અને જે હેતુને સારુ મનુષ્ય સરજાયું હતું તે પ્રમાણે તેને સંપૂર્ણ તાજગી સદાને માટે બક્ષું. આ રીતે મનુષ્ય પોતાના કર્તાહર્તા સાથે સર્વકાળ સુધી સુખાનંદમાં રહે.

## ભાગ ૨જો

**શિષ્ય-પ્રભુ**, આ જમાનામાં વિદ્વાન લોકો અને તેમના અનુચરો તો એમ કહે છે કે, ઈસુના પ્રાયશ્ચિત્તથી અને રક્તથી તારણ થશે એ માનવું કેવળ અર્થ વગરનું ને મૂર્ખાઈ ભરેલું છે. તેઓનો મત તો એ છે કે, ઈસુ ખ્રિસ્ત એક મહાન ગુરુ હોઈને આત્મિક જીવન બાબતે આપણો નમૂનો છે, પરંતુ તારણ તો આપણાં પોતાનાં જ શુભ કર્મો અને વિચારવૃત્તિઓ પર આધાર રાખે છે.

**પ્રભુ-** (૧) એક વાત બહુ સારી પેઠે યાદ રાખો કે, આત્મિક યા ધાર્મિક વાતનો સંબંધ મગજ કરતાં હૃદય સાથે વધારે છે. અંતઃકરણ તો ઈશ્વરનું મંદિર છે, અને જ્યારે તે ઈશ્વરની હાજરીથી ભરપૂર હોય ત્યારે મગજ પણ તેજસ્વી બને છે. જેમ દિવસના અજવાળા વગર આપણી શારીરિક આંખો નકામી છે, તેમ જ આત્માના ખરા અજવાળા વગર મગજ અને સમજશક્તિની આંખો પણ નકામી છે. કેટલીક વખતે અંધારામાં દોરડાંને સાપ અને સાપને દોરડું માની લેવામાં આવે છે, તેમ જ આ જગતના જ્ઞાનીઓની આત્મિક બાબતની ખોટી સમજને લઈને સાધારણ

લોક આડે માર્ગે દોરાઈ જાય છે. હવાને ઠગવા સારુ શેતાને ઘેટું કે કબૂતર વાપર્યું નહિ. પરંતુ સર્પ જે બહુ જ હોશિયાર અને પેચી હતો, તેને પોતાનું સાધન બનાવ્યું. એવી જ રીતે જગતના સાદા વિશ્વાસુઓને આડે માર્ગે દોરવાને અને તેમનો નાશ કરવાને પોતાનાં ઉત્તમ હથિયારો તરીકે શેતાન જગતના બાહોશ તત્ત્વજ્ઞાનીઓને વાપરે છે. એકલું બુદ્ધિબળ જ બસ નથી, તેની સાથે ને સાથે કબૂતરના જેવી સાલસાઈ પણ જોઈએ છે. એટલા જ માટે મેં કહ્યું કે, "તમે સાપના જેવા હોશિયાર અને કબૂતર જેવા સાલસ થાઓ" (માથ્થી ૧૦ : ૧૬).

(૨) પ્રાચીન કાળે ઇઝરાયલ લોકોમાં સર્પદંશથી મુક્ત થવાને મૂસાએ જેમ એક પિત્તળનો સર્પ લાકડી પર ઊંચો કર્યો હતો, અને જેઓએ વિશ્વાસથી તે તરફ જોયું હતું તેઓ સાજા થયા હતા, તેવી જ અસર મારા વધસ્તંભ અને પ્રાયશ્ચિત્તની પણ છે (ગણના ૩૧ : ૯. યોહાન ૩ : ૧૪, ૧૫). જો આ લોકો દેવના વચન પર વિશ્વાસ રાખીને જોવાને બદલે 'પિત્તળના ટુકડામાં વળી શું છે? શા માટે તે તરફ જોવું જોઈએ? એ તો મૂર્ખાઈ જેવું કહેવાય! મૂસા કંઈક ઝેર-નિવારણ દવા કે ઉપાય કરે અને એમ ઝેરી સાપોનું વિષ ઉતારે, તો તો ઠીક છે, પણ આ પિત્તળના સાપને જોવાથી શું થાય?' વગેરે દલીલો કરવા લાગ્યા હોત. તો પરિણામ એ આવત કે, સૌ મરી જાત. એવી જ રીતે આ કાળના વિવાદીઓ મનુષ્યના તારણ માટેની ઈશ્વરની આ યોજનાનો નકાર કરે છે. તેઓ પોતાના પાપના ઝેરમાં જ નાશ પામે છે.

(૩) એક જુવાન એક ઊંચા ટેકરા પરથી પડ્યો અને ઘવાયો. તેના ઘામાંથી એટલું બધું લોહી વહી ગયું હતું કે,

મરણની અણી પર આવી ગયો. આથી બાપ તેને ડોકટર પાસે લઈ ગયો. ડોકટરે કહ્યું કે, જીવન લોહીમાં છે, અને આ છોકરાનું લોહી એટલું બધું વહી ગયું છે કે, જો કોઈ પોતાનું લોહી તેના શરીરમાં દાખલ ન કરાવે, તો તે થોડી જ વારમાં મરી જશે. આ સાંભળીને બાપ હ્દયના પૂરા પ્રેમથી બોલી ઊઠ્યો કે, મારું લોહી લો. આથી ડોકટરે તેનું લોહી તેના શરીરમાં દાખલ કર્યું, અને છોકરો બચી ગયો. આવી જ રીતે માણસો પવિત્રાઈના પહાડ પરથી પડી ગયાં છે, અને પોતાનાં પાપોથી ઘાયલ થઈને આત્મિક જીવન વહી જતાં મરણની અણી પર આવી રહ્યાં છે. એ માટે જે કોઈ પસ્તાવો કરે અને મારા પર વિશ્વાસ કરે, તેને હું મારું સાર્વકાળિક જીવતું લોહી આપું છું, એ માટે કે તે નાશથી બચી જાય અને અનંતજીવન પામે. કેમ કે હું એ જ સારુ આવ્યો છું, કે તેઓને જીવન, હા પુષ્કળ જીવન આપું કે તેઓ સર્વકાળ સુધી જીવતા રહે (યોહાન ૧૦ : ૧૦).

(૪) પ્રાચીન કાળે લોકોને કહેવામાં આવ્યું હતું કે તેઓ લોહી ન ખાય કે પીએ, કે અમુક અમુક પ્રાણીઓનું માંસ ન ખાય. એનું કારણ એ કે, તેઓ રોગિષ્ટ ન બનતાં તંદુરસ્તી ભોગવે. હવે મનુષ્ય કે જેને પ્રાણિક શરીર છે, તેણે એવાંઓનું માંસ અને રક્ત ખાઈને તેઓના જેવી પશુબુદ્ધિ કે વિષયવૃત્તિ પોષવી જોઈએ નહિ. આ નિયમ જાળવ્યાથી તેઓ ઘણીયે માઠી અસરથી બચી જતા. મારું માંસ અને મારું લોહી ખરેખર ખાવાનું અને પીવાનું છે (યોહાન ૬ : ૫૫). કેમ કે એથી આત્મિક જયવાન જીવન મળે છે, એટલું જ નહિ, પણ સંપૂર્ણ તંદુરસ્તી, આકાશી આનંદ અને ખુશાલી પ્રાપ્ત થાય છે, (એટલે ખરેખરી રીતે માંસ કે લોહીથી

કંઈ લાભ થતો નથી, પણ જે જીવાડે છે તે આત્મા છે. અને મારી વાતો આત્મા તથા જીવન છે (યોહાન ૬ : ૬૩).

(૫) પાપની માફી મળવી એ સંપૂર્ણ તારણ નથી. પાપથી સંપૂર્ણ છૂટકો એ જ સંપૂર્ણ તારણ છે. કોઈનું પાપ માફ કરવામાં આવે, છતાં પણ તે તે જ પાપના રોગે મરણ પામે એવો સંભવ છે. જેમ કે એક માણસને મગજનો કંઈક રોગ થયો છે. તેણે ઘેલછામાં આવીને બીજા કોઈકને મારી નાખ્યો. આ માણસ ઉપર કેસ ચાલતાં તેને ફાંસીની સજા થઈ. એટલામાં તેનાં સગાંવહાલાં આવીને પુરવાર કરી આપે કે તેનું મગજ ઠેકાણે નથી તેથી તે આવી ઘેલછાઓ કર્યા કરે છે. એ ખાતરી થયા પછી ન્યાયાધીશ તેને છોડી દે છે. એ પછી આ સગાંઓ તેને છૂટકાની ખુશખબર આપવા જાય છે, પરંતુ ત્યાં તેમના આવી પહોંચ્યા પહેલાં તો તે આ રોગથી મરણ પામેલો છે. તો વિચાર કરો કે આ માફીથી તેને શો લાભ થયો? એની ખરી સલામતી તો રોગનું મૂળ જાય તેમાં હતી. જો તે સંપૂર્ણ સાજો કરાયો હોત, તો આ માફી તેને કેવી ગુણકારક લાગત! એ માટે હું દેહમાં એ સારુ પ્રગટ થયો કે જેઓ પસ્તાવો કરે અને મારા પર વિશ્વાસ કરે, તેઓને પાપથી, પાપની સત્તાથી, અને મરણથી છૂટકો આપું. એ પછી તેઓ પાપમાં મરી જઈ શક્તાં નથી, કારણ કે હું તેમને તેમનાં પાપથી તારું છું (માથ્થી ૧ : ૨૧). એમ તેઓ મરણમાંથી નીકળીને સર્વકાળના જીવનના વારસો બને છે.

(૬) ઘણાનું જીવન તો એક મધનો લાલચું જોખમ ખેડી રહ્યો હતો તેના જેવું છે. એ માણસે એક ઝાડ પર મધ જોયું, તે ખાવા તે ઝાડ પર ચઢ્યો. આ ઝાડ નદી પર હતું. તેમાં એક મગર

મોં ફાડીને શિકારની રાહ જોતો પડ્યો હતો. બહાર કિનારે વરુ તેના તરફ તાકીને ફાડી ખાવાની રાહ જોતું બેઠું હતું. અને એ ઉપરાંત આ ઝાડનાં મૂળ ખવાઈ ગયાં હોવાથી ઝાડ પડી જવાની તૈયારીમાં હતું. જોતજોતામાં ઝાડ નદીમાં ઊખડી પડ્યું, અને પેલો મૂર્ખ માણસ મગરનો શિકાર બન્યો. એવી જ રીતે આ જગતરૂપી જંગલમાં શરીરરૂપી ઝાડ ઉપર આત્મા ચઢ્યો છે, અને પાપરૂપી મધનો બનાવટી અને દેખીતો સ્વાદ ચાખવામાં આજુબાજુનાં અનેક જોખમો તરફ તે બેફિકરો અને અવિચારી બનીને મશગૂલ થઈ રહ્યો છે. પરંતુ શેતાન તેને ફાડી ખાવા સારુ તાકી રહ્યો છે. નીચે શેઓલ-નર્ક તેને ગળી જવા સારુ મોં ફાડી રહ્યું છે, અને પાપનાં તરેહતરેહનાં જંતુઓ તેનું શરીર અને જીવન ખાઈ રહ્યાં છે એટલે જોતજોતામાં મરણ તેને ઝડપી લેશે ને તે સર્વકાળના નર્કનો ભોગ થઈ પડશે. પરંતુ જે પાપીઓ મારી પાસે આવે છે, તેમને હું પાપથી, શેતાનથી અને નર્કથી તારણ આપું છું, અને જે અનંત તારણ કે જીવન હું આપું છું, તે તેમની પાસેથી કોઈ છીનવી લઈ શક્તું નથી (યોહાન ૧૦ : ૨૯).

(૭) જેમ સાપ પોતાની સુંદર આકર્ષક આંખથી પક્ષીઓને પોતાના તરફ આકર્ષીને તેમને ગળી જાય છે, તેમ શેતાન પણ પોતાના ઠગારા શબ્દોથી અને કાવતરાંથી માણસોને પોતાના તરફ ખેંચે છે અને તેમને ગળી જાય છે. પરંતુ જે કોઈ મારા પર વિશ્વાસ કરે છે, તેમને હું એ જૂના સાપથી અને જગતના વિનાશક આકર્ષણથી બચાવું છું. જેમ પક્ષીઓને પૃથ્વી અને તેનું આકર્ષણ બળ ખેંચે છે છતાં તેની વિરુદ્ધ દિશામાં ઊંચે આકાશમાં સ્વતંત્રપણે ઊડે છે અને ઈચ્છિત સ્થળે જાય છે, તેમ મારા પર વિશ્વાસ

કરનારાઓ પણ મારા પ્રેમના આકર્ષણે કરીને પ્રાર્થનાની પાંખોથી સલામતીના ઇચ્છિત સ્થળે પહોંચી જાય છે.

(૮) જેમ કમળાના રોગવાળા સર્વને પીળું દેખાય છે, તેમ ગમે તેવા સાચા ધાર્મિક માણસને પણ પાપીઓ અને તત્ત્વજ્ઞાનીઓ પોતાના જેવા જ પતિત જુએ છે, તો પછી એક પગથિયું આગળ વધીને મને પણ તેમના જેવો ગણે, તો તેમાં કંઈ નવાઈ પામવા જેવું નથી. પરંતુ મારું કામ તો પાપીઓને તારણ આપવાનું છે, કે જે જગતના મન પર બિલકુલ આધાર રાખતું નથી. એ તારણ વિશ્વાસ કરનારાઓમાં હંમેશાં રહે છે. લેવી ઇબ્રાહીમની કમરમાં હતો, એટલે કે હજી જન્મ્યોયે ન હતો, ત્યારે તેણે મને દશાંશ આપ્યો. તેવી જ રીતે હજી જેઓ જન્મ્યા નથી, તેવી તમામ પ્રજાની પેઢીઓના વિશ્વાસ કરનારાઓ વધસ્તંભ પરના પ્રાયશ્ચિત્તથી પાપની માફી મેળવે છે. (હેબ્રી. ૭ : ૯, ૧૦).

(૯) માણસ પોતાની મહેનતથી અને સારી કરણીઓથી તારણ મેળવી શકે છે, એમ કહેવું એ કેવળ અર્થ વગરનું અને મૂર્ખાઈ ભરેલું છે. દુનિયાના નેતાઓ અને ધર્મશિક્ષકો કહે છે કે, સારું કરીને સારું કરતાં શીખો, પણ હું કહું છું કે, સારું કરતા પહેલાં તમે પોતે સારા થાઓ. જો તમારું જીવન જ નવું અને સારું થાય, તો સારાં કામો તો આપોઆપ અને કાયમ થયા જ કરશે. મૂર્ખ માણસ જ આમ કહી શકે કે કડવો વેલો લાંબી વાર સુધી ફળ આપ્યા જ કરે, તો આખરે તેનાં ફળ મીઠાં થઈ જશે. કડવા ઝાડને મીઠું બનાવવાનો ખરો ઉપાય તો એ છે કે, તેને મીઠા ઝાડ સાથે કલમરૂપે મેળવી લેવું એટલે તેનો કડવો સંબંધ કપાઈ જઈને મીઠાનું ભરપૂર જીવન તેમાં વહ્યા કર્યાથી કડવાપણું નષ્ટ થશે.

આનું જ નામ નવી ઉત્પત્તિ કહેવાય છે. પાપી માણસ સારું કરવા ઇચ્છે છતાં પણ ભૂંડું થઈ જાય છે, કારણ કે તેનો મૂળ ઝરો પાપી છે. પરંતુ જ્યારે તે પસ્તાવો કરીને વિશ્વાસથી મારામાં કલમરૂપે મેળવાય છે, ત્યારે તેની અસલની પાપી ખાસિયતો નાશ પામે છે, અને મારામાં નવી ઉત્પત્તિ થઈ રહે છે. આમ તારણ પામેલું નવું જીવન આવે છે, ત્યારે જ સારાં ફળો ઉત્પન્ન થાય છે અને તે કાયમ ટકે છે.

(૧) ઘણાંઓને અનુભવથી માલૂમ પડ્યું છે કે, માણસનાં સારાં કામો તેમને મનની ખરી શાંતિ આપી શક્તાં નથી, અથવા તો અનંતતારણની કે અનંતજીવનની ખાતરી આપી શક્તાં નથી. આ જ બાબત વિષે પેલો જુવાન મને સવાલ પૂછવા આવ્યો હતો. તેની વાત પરથી ઉપરનું મારું કહેવું તમે સમજી શકશો. સારું શું છે અને અનંતજીવન શું છે, તેની તપાસ કરવા તે મારી પાસે આવ્યો હતો (માથ્થી ૧૯ : ૧૬-૨૨). પહેલાં તો તેને એ હાલના વિદ્વાનો અને તેમના અનુયાયીઓની માફક મારા વિષે ખરી બાબત સૂઝી ન હતી. તેણે ધાર્યું હતું કે, હું પણ તે જમાનાના ધોળેલી કબર જેવા દેખાતા સારા પણ માંહે તો સારાપણાનો છાંટોયે ન હોય, તેવો એક ધર્મોપદેશક હોઈશ, એટલા માટે મેં તેને કહ્યું કે, 'તું મને ઉત્તમતા વિષે કેમ પૂછે છે ? એક વિના બીજો કોઈ ઉત્તમ નથી.' પરંતુ તે ઉત્તમ ને જીવન આપનાર તો હું જ હતો એવું એ સમજી શક્યો જ નહિ, ત્યારે મેં તેને મારી સંગતમાં રાખીને તેને ખરેખરો સારો બનાવવા અને તેને અનંતજીવન આપવા ચાહ્યું, ને તેમ કરવા તેને કહ્યું, પરંતુ તે તો દુઃખી થઈને ચાલ્યો ગયો. આ બિના પરથી એક વાત સ્પષ્ટ થાય છે કે,

આજ્ઞાઓ પાળવાથી અને સારું કરવાનો પ્રયત્ન કર્યાથી પણ અનંતજીવન મળ્યાની ખાતરી તેને ન જ થઈ. જો તેનાં આ કૃત્યોથી તેને શાંતિ મળી હોત તો તે કદી મારી પાસે આવત નહિ, અથવા તો તે દુઃખી થઈને ચાલ્યો જાત નહિ. ઊલટું મારી વાત સાંભળીને તે આનંદ કરતો કરતો ચાલ્યો જાત. એથી ઊલટું પાઉલની વાત જુઓ. જ્યારે તેને મારા વિષે ખરી સમજ પડી, ત્યારે સઘળું છોડી દઈને અને તેથી દુઃખી થવાને બદલે હરખાઈને મારી પાછળ ચાલ્યો (ફિલિપી. ૩ : ૬-૧૬). એ માટે જે સર્વ પોતાનું ન્યાયીપણું છોડી દઈને મારા પર ભરોસો રાખે છે, તે સર્વને હું ખરી શાંતિ અને અનંતજીવન આપું છું.

❖ ❖

## પ્રકરણ ૩જું

## પ્રાર્થના

### ભાગ ૧લો

શિષ્ય-ઘણા એમ પૂછે છે કે, આપણી ગરજો દૈહિક હોય કે આત્મિક હોય, પણ બધી ઈશ્વર બહુ સારી પેઠે જાણે છે, તો પછી એ સર્વ વિષે ઈશ્વર આગળ પ્રાર્થના કરવાની શી જરૂર? શું પ્રાર્થના કરવાથી આપણે દેવના ઈરાદા બદલી શકીએ છીએ?

પ્રભુ- (૧) જે લોકો આવા સવાલો પૂછે છે, તેઓ પ્રાર્થના શું છે એ જ જાણતાં નથી, અથવા તેઓએ પ્રાર્થનિક જીવન ગાળ્યું નથી. નહિ તો તેઓ જાણત કે, ઈશ્વર પાસે યાચના કરવી એનું જ નામ કંઈ પ્રાર્થના નથી. આપણા જીવનની સઘળી જરૂરિયાતો માટે ઈશ્વરને યાચના કરવી એ પ્રાર્થનાનું કામ નથી. જીવનનો દાતા જે ઈશ્વર તેને જ સાક્ષાત્ મેળવવો એ પ્રાર્થના છે. જ્યારે તમને એ જીવનનો ઝરો મળે, અને તમે ઈશ્વર સાથે જ જોડાઈ જાઓ, ત્યારે તમને જીવન મળ્યું છે, ને ત્યારે જીવનની તમારી સર્વ જરૂરિયાતો તે પોતે પૂરી પાડશે. ભૂંડા માણસોને દેવ પોતાની દયાએ કરીને સર્વ દૈહિક ગરજો ભરી આપે છે. તેમને આત્મિક ગરજોની ભૂખ દેખાતી જ નથી, કેમ કે તેમને આત્મિક જીવન નથી. એમ છતાંયે જો તેમને આત્મિક વાનાં પૂરાં પાડવામાં આવે, તો તેઓ તેની કદર કરશે નહિ, અને તત્કાળ તે ખોઈ નાખશે. તારણ પામેલાંને બેઉ પ્રકારનાં વાનાં આપવામાં આવે છે, તોપણ ઘણું કરીને આત્મિક વાનાં વધારે પ્રમાણમાં અપાય છે. એ માટે કે સૃષ્ટિનાં નાશવંત વાનાં પરથી તેમનો મોહ ઊતરીને અમર વાનાં પર તેઓ સ્થિર થાય. પ્રાર્થનાથી માણસો દેવના ઈરાદા

ફેરવતા નથી, પણ તેથી તેઓ પોતા સંબંધીના દેવના ઈરાદા જાણે છે, પ્રાર્થનાથી દેવ તેમના હૃદયમાં પ્રગટ થાય છે, ને તેમની સાથે વાતચીત કરે છે. એમ દેવના ઈરાદા જે તેમના પોતાના જ હકમાં આશીર્વાદરૂપ છે, તે જ્યારે જાણે છે, ત્યારે તેમનો તમામ શક અને બડબડાટ સદાને માટે લોપ થાય છે.

(૨) પ્રાર્થના એ જાણે કે દેવનો શ્વાસોચ્છ્વાસ ખેંચવો તેના જેવું છે. પ્રાર્થનિકો પર દેવ પોતાનો પવિત્ર આત્મા ફૂંકે છે, ને તેઓ જીવન પામે છે (ઉત્પત્તિ ૨ : ૭, યોહાન ૨૦ : ૨૨). આવા લોકો મરી જઈ શક્તા નથી, કેમ કે તેમનાં આત્મિક ફેફસાંમાં જીવનનો શ્વાસ ચાલે છે, ને તેથી તેમને તાજગી, તંદુરસ્તી અને અનંતજીવન મળે છે. દેવ જે પ્રીતિ છે, તે તેમના આત્મિક અને દૈહિક સંસ્થાપનને સારુ જે ખાસ જરૂરનું છે, તે તેમને ઘણી છૂટથી પૂરું પાડે છે. જોકે દેવ પોતાની કૃપાએ કરીને તેમને તારણ અને પવિત્ર આત્મા આપે છે, પરંતુ પ્રાર્થનિક જીવન વગર કોઈ તેની કદર કરી શક્તું નથી. જેમ ઈશ્વરે અજવાળું, ગરમી, હવા, પાણી વગેરે બહુ જ છૂટથી માણસના જીવનને સારુ બક્ષ્યાં છે, કે જે વગર જીવી શકાય નહિ, તેમ છતાંયે કોઈ તેને માટે કદર કરીને ઈશ્વરનો ઉપકાર માનતું નથી, પરંતુ સોનું, રૂપું, હીરા માણેક જે બહુ જ મુશ્કેલીથી પ્રાપ્ત થાય છે તેની તેઓ કદર કરે છે, ને તેને માટે આતુર રહે છે, એવી જ રીતે લોકો આત્મિક વાનાં તરફ પણ મૂર્ખાઈથી વર્તે છે. પરંતુ જ્ઞાન અને અનંતજીવન એ પ્રાર્થનિક માણસોને જ મળે છે.

(૩) આ જગત એક મહાસાગર જેવું છે. તેમાં ઘણા લોકો ડૂબે છે ને મરણ પામે છે, છતાંયે એ જ મહાસાગરનાં પાણીના મહા

ઊંડાણમાં માછલાં જીવતાં રહે છે. એનું કારણ એ કે તે સપાટી ઉપર આવીને મોં પહોળું કરી હવાનો અમુક જથ્થો સંઘરી લઈ શરીરને પૂરો પાડે છે. એવી જ રીતે પ્રાર્થનિક માણસો જીવનના મહાસાગરની સપાટી ઉપર આવી તાજગી આપનાર હવા-પવિત્ર આત્મા પામી લે છે ને દુનિયારૂપી મહાસાગરમાં છતાંયે જીવતાં રહે છે.

(૪) માછલાં વિષે એક બીજી વાત પણ જાણવા જેવી છે તે એ કે, તેઓ ખારા પાણીમાં રહે છે, પરંતુ તેઓ જાતે ખારાં થઈ જતાં નથી! એનું કારણ એ કે, તેઓ જીવતાં છે એવી જ રીતે માણસો આ પાપિષ્ઠ જગતરૂપી મહાસાગરમાં રહે છે, છતાંયે પ્રાર્થનાથી મળતા બળે પાપની ખારાશથી તેઓ મુક્ત જ રહે છે. કારણ કે તેઓ પ્રાર્થના દ્વારે જીવનના ઝરામાં સદાયે રહે છે.

(૫) સૂર્યનાં કિરણો અને ગરમી મહાસાગરના ખારા પાણી પર પડીને પાણી વરાળરૂપે ઉપર ચઢાવે છે, તેનાં વાદળાં બંધાય છે, અને તે જ પાછું મીઠા પાણીરૂપે વરસાદ થઈને નીચે ઊતરે છે. એ દરમિયાન તે પાણીમાંની ખારાશ આદિ સર્વ નીચે જ પડ્યાં રહે છે, તે જ પ્રકારે પ્રાર્થનિક માણસના વિચારો અને પ્રાર્થનાઓ વરાળરૂપે આકાશમાં ચઢે છે. ન્યાયીપણાનો સૂર્ય પોતાનાં કિરણોથી તેની પ્રાર્થનાની ભાવનાને પાપરૂપી ખારાશથી શુદ્ધ કરી તેને વાદળાનાં સ્વરૂપમાં લાવે છે તે નીચે પૃથ્વી ઉપર આવીને આશીર્વાદોની વૃષ્ટિ કરી ઘણાને સારુ ધર્મસંજીવન અને જાગૃતિ આણે છે.

(૬) જેમ જળમાં રહીને જળકૂકડી તર્યા કરે છે. પરંતુ ઊડવાનો વખત આવે, ત્યારે તે તદન સૂકી પાંખોથી આકાશમાં ઊડી જાય

છે, તેમ જ પ્રાર્થનિક માણસ આ જગતમાં રહે છે ખરો, પરંતુ આકાશમાં ઊડી જવાનો વખત આવે, ત્યારે તે આ પાપી જગતની સર્વ ભ્રષ્ટતાથી તદન વિરક્ત હોઈને અનંત વિશ્રામમાં પ્રવેશ કરે છે.

(૭) વહાણ પાણીમાં રહે એ ખાસ અગત્યનું છે, પરંતુ વહાણ પાણીથી ભરાય એ નાશકારક છે. તેવી જ રીતે માણસ આ જગતમાં રહે એ ઠીક છે. કેમ કે એમ થવાથી તે પોતે તેમાં તરતો રહે અને બીજાને જીવનની ધારણાએ પહોંચાડવાને મદદ કરે. પરંતુ તેને બદલે જગત તેનામાં પ્રવેશ કરી રહે, તો તે જરૂર નાશ પામે. પ્રાર્થનિક માણસ તો પોતાનું અંતઃકરણ તેના બનાવનારને આધીન જ રાખે છે, કે તે તેનું મંદિર થાય. એમ આ જગતમાં અને આવનાર જગતમાં તે શાંતિ અને સલામતીમાં વસી રહે છે.

(૮) સર્વને ખબર છે કે પાણી વગર જીવવું અશક્ય છે. તોપણ એ જ પાણીમાં જો માણસ ડૂબી જાય, તો ગૂંગળાઈને મરી જાય છે. પાણી વાપરવું, પીવું એ બધું ઠીક છે. પરંતુ તેમાં ડૂબી મરવું જરૂરનું નથી. એવી જ રીતે જગતમાં રહીને જગતનાં વાનાંનો લાભ લેવો એ અગત્યનું છે, કેમ કે તે વગર જીવન ટકે નહિ. ઈશ્વરે જગતને માણસના ઉપયોગને સારુ જ બનાવ્યું છે, પણ માણસ તેમાં ડૂબી મરે, એ કાંઈ જરૂરનું નથી. જેઓ પ્રાર્થનારૂપી શ્વાસ લેવાનું બંધ કરશે તેઓ મરી જશે.

(૯) જો પ્રાર્થનિક જીવન બંધ કરીએ, તો આત્મિક જીવનને હાનિ થાય છે. તેમ જ આ જગતનાં વાનાં પણ જે ઉપયોગીપણાને સારુ સરજાયાં છે, તે તેમને વાપર્યાથી આપણને નુકસાનકારક થાય છે. સૂર્ય જે ભાજીપાલાને પોતાની ગરમી અને અજવાળાથી જીવન

અને પોષણ આપી રહ્યો છે, તે જ સૂર્ય તેમના ચીમળાવાનું અને સુકાવાનું પણ સાધન થાય છે, હવા જે સર્વને જીવન અને તાજગી આપે છે તે જ કાટ પણ ચઢાવે છે, એટલા માટે જાગતા રહો અને પ્રાર્થના કરો.

(૧૦) એ માટે એવું જીવો કે તમે જગતમાં રહો, પણ જગતના ન રહો. એમ કર્યાથી તેનાં વાનાં પાપરૂપ થવાને બદલે ઉપયોગી અને આશીર્વાદરૂપ થશે. આત્મિક પ્રગતિને ખીલવશે. ધ્યાનમાં માત્ર એટલું જ રાખવાનું છે કે, હૃદય હંમેશાં ન્યાયીપણાના સૂર્યની દિશામાં જ રહે. કેટલીક ગંદકીની જગાએ સુંદર ફૂલના છોડ ઊગી નીકળે છે ને તે જગાને ખુશબોવાળી બનાવી દે છે. એ છોડ સૂર્યની ગરમી અને તેનો પ્રકાશ શોષી લે છે, અને નીચેની ગંદકી જે નુકસાનકારક દેખાતી હતી તેને પોતાની ખિલવટ માટે બહુ જ ઉપયોગી બનાવી દે છે. એવી જ રીતે પ્રાર્થનિક માણસ પ્રાર્થનાએ કરીને પોતાનું હૃદય મારા તરફ વાળી દે છે, અને મારી ગરમી તથા મારું જીવન મેળવે છે, અને જગતની દુર્ગંધ ઉપર જય પામીને નવા જીવનની સુવાસ ફેલાવી મને મહિમાવાન કરે છે, અને સર્વકાળને સારુ સુવાસિત ફળો ઉપજાવે છે.

## પ્રાર્થના

### ભાગ ૨જો

(૧) આગ્રહી પ્રાર્થનાઓનો અર્થ એવો નથી કે, આગ્રહ વિના દેવ કશું આપતો નથી, અથવા એમ પણ નથી કે, પ્રાર્થનાથી દેવને આપણે આપણી ગરજોનું ભાન કરાવીએ છીએ. પરંતુ જે મોટો લાભ એમાં છે, તે એ છે કે, એથી આશીર્વાદને માટે અને આશીર્વાદોના આપનારને માટે હૃદય ખાસ તૈયાર થાય છે એ જ

કારણથી પહેલે દિવસે પવિત્ર આત્મા ઊતરવાને બદલે દસમા દિવસે જ્યારે હૃદય સંપૂર્ણ તૈયાર હતાં ત્યારે ઊતર્યો. જો હૃદયની ખાસ તૈયારી વગર તેમને તે મળ્યો હોત, તો કાં તો તેમને તેની કદર ન હોત, કે કાં તો તે તેમની સાથે કાયમ રહ્યો ન હોત. ઉદાહરણ માટે શાઊલ રાજાને જુઓ. તેને વગર માગ્યે રાજ્ય અને પવિત્ર આત્મા બેઉ મળ્યાં, પણ તે ટૂંક મુદતમાં જ બેઉ ખોઈ બેઠો. કારણ કે ઘેરથી કાંઈ રાજ્ય કે પવિત્ર આત્મા મેળવવા નીકળ્યો ન હતો, પણ ગધેડાં શોધવા નીકળ્યો હતો (૧ શમૂ. ૯ : ૩, ૧૦ ૧૧ : ૫, ૧૩).

(૨) કેવળ પ્રાર્થનિક માણસ જ આત્માથી અને સત્યતાથી પ્રાર્થના કરી શકે છે. બાકી બીજા ઘણા તો રિસામણીના છોડવા જેવા છે. જ્યારે તેઓ પ્રાર્થનામાં હોય છે, ત્યારે તેઓને પવિત્ર આત્માની અસર થાય છે. ઘડીભર તેઓ લાગણીવાળા રહે છે, સારી સૂચનાઓ ધ્યાનમાં લે છે, ને ઈશ્વરમાં નિમગ્ન રહી માથાં નમાવે છે. પરંતુ પ્રાર્થનાનું સ્થળ છોડ્યું, કે તરત જ પાછા જેવા હતા તેવા થઈ રહે છે.

(૩) જે ઝાડ કે છોડવો સારાં ફળફૂલ આપે છે, તેના વિષે જો માણસ બેફિકરો રહે તો થોડી જ વારમાં તેની ઉત્તમતા નષ્ટ થઈ તે જંગલી બની જાય છે. એવી જ રીતે જો માણસ બેફિકરાઈથી પ્રાર્થનિક જીવન બંધ કરે, આત્મિક વાનાં વિષે ગાફેલ રહે, અને મારા વસવાટથી આઘો જાય, તો તે પોતાની આશીર્વાદિત સ્થિતિમાંથી પતન પામી પહેલાંની પાપિષ્ઠ સ્થિતિમાં પડી જઈ નાશ પામે છે.

(૪) કોઈ જળાશયને કાંઠે ધ્યાન ધરી ઊભેલા બગલાને

જોઈને આપણે તર્ક કરીએ કે, તે પાણીના ઉપયોગીપણા વિષે વિચાર કરતો હશે અને ઈશ્વરને ધન્યવાદ આપતો હશે. પરંતુ તેમ હોવાને બદલે તે તો કોઈ દેડકાને કે નાની માછલીને ગળી જવાની રાહ જોતો હોય છે. એવો જ આશય ઘણા પ્રાર્થના કરનાઓનો પણ હોય છે. તેઓ મહાસાગરને કાંઠે બાંકડા ઉપર બેસે છે ખરા, પરંતુ દેવના પરાક્રમ તરફ કે તેના પ્રેમ તરફ તેનો પવિત્ર આત્મા જે શુદ્ધ કરે છે, ને શુદ્ધતા લાવે છે તે તરફ, તે તેની કુદરત તરફ ભાગ્યે જ વિચાર દોડાવે છે. તેઓનું ચિત્ત કેવળ એક જ તરફ હોય છે, એટલે કે તેઓ કેવી રીતે કાંઈક મેળવે, કે જેથી તેઓ જગતનો તાત્કાલિક આનંદ ભોગવી શકે. એ જ કારણથી તેઓ ખરી વિશ્રાંતિના ઝરા વિરુદ્ધ પોતાનું મુખ ફેરવે છે અને જગતનાં નાશકારક વાનાંમાં પોતાનું હૃદય પરોવી તેઓની સાથે જ નાશ પામે છે.

(૫) પેટ્રોલ અને પાણી બેઉ જમીનમાંથી નીકળે છે. તેઓનો બાહ્ય દેખાવ લગભગ સરખો છે, પરંતુ બેઉની અસર ને તેમનો સ્વભાવ કેવળ એકબીજાની વિરુદ્ધ છે. એક અગ્નિને ઉત્તેજિત કરે છે અને બીજું તેને હોલવે છે. જગત ને તેનાં વાનાં, હૃદય અને ઈશ્વર માટેની તેની તૃષ્ણા એ સર્વ દેવે ઊપજાવ્યું. જો હૃદય દુનિયાઈ વાનાં જેવાં કે દ્રવ્ય, દમામ, વિલાસ વગેરે પાછળ તરસ્યું બને, તો અગ્નિ હોલવવા સારુ પેટ્રોલ રેડવા જેવું થાય. અંતઃકરણમાં વિસામો અને દિલાસો મેળવવા સારુ તો જે આત્મિક ભૂખ ઈશ્વરે ઉત્પન્ન કરી છે તે શોધવામાં આવે ત્યારે જ થાય (ગીત. ૪૨ : ૧, ૨), એટલા જ માટે કહ્યું છે કે, જે કોઈ મારી પાછળ આવશે તેને અનંતજીવનનું પાણી હું આપીશ. તેથી તેને

ફરી તરસ લાગશે નહિ. એ પાણી તેનામાં જીવનનો ઝરો થશે અને તે અનંતજીવન સુધી ઝર્યાં કરશે (યોહાન ૪ : ૧૪).

(૬) માણસો જગત અને તેનાં વાનાંમાંથી શાંતિ મેળવવા ચાહે છે. પરંતુ ખાતરીથી માલૂમ પડ્યું છે કે, એ વ્યર્થ ફાંફાં છે. જેમ પેટી ઊઘડતાં અંદરની વસ્તુ પ્રાપ્ત થાય છે, તેમ કોઈ કાંદાનાં પડ એક પછી એક કાઢે અને આશા રાખે કે અંદરથી કાંઈ નક્કર ભાગ નીકળશે, તેવી દશા જગતમાંથી શાંતિ-સંતોષ મેળવનારની પણ છે. એ તો કાંદાની માફક માત્ર વ્યર્થતાનાં પડો જ નીકળવાનાં છે. એથી જ સુલેમાને કહ્યું છે, જગત ને તેનાં વાનાં સર્વ વ્યર્થતાની વ્યર્થતા છે (સભા. ૧૨ : ૮). સત્ય અને શાંતિનો ઝરો માણસને જડે નહિ ત્યાં સુધી તે વ્યર્થતામાં જ રહે છે (૧ થોસ્સા. ૫ : ૨૩).

(૭) જગત મૃગજળના જેવું છે, એને જોતાંની સાથે જ સત્યશોધક તેને પ્રાપ્ત કરવા સારુ તલપાપડ થઈ જાય છે, ને સમજે છે કે, તરસ્યા આત્માને સારુ એ જ જીવનનું પાણી હશે. પણ પરિણામે તો નિરાશા. નારાજ થયા વિના બીજું કશું તેને મળતું નથી. જીવનનું પાણી આવાં મૃગજળાશયોમાંથી કદી મળતું નથી. પરંતુ ભાવિક આત્માથી જેઓ પ્રાર્થનાદ્વારે મારી સંમુખ આવે છે, તેમને મારી પાસેથી એ જીવનનો ઝરો મફત મળશે. એથી તેઓને તાજગી, શાંતિ અને અનંતજીવન પ્રાપ્ત થશે (યશા. ૫૫ : ૧, યિર્મે. ૨ : ૧૩, પ્રકટી. ૨૧ : ૬).

(૮) એક સ્ત્રી પોતાની ગોદમાં છોકરું લઈને પહાડોમાં મુસાફરી કરતી હતી. આ બાળકે રસ્તાની બાજુ પર એક બહુ જ સુંદર ફૂલ જોયું. આ લેવા સારુ તેણે માની ગોદમાંથી એવો ઉછાળો માર્યો કે, તે ખડક સાથે અફળાયું અને માથું ફૂટી જઈ ત્યાં

જ મરણ પામ્યું. અહીંયાં આપણને ચોખ્ખું સમજાય છે કે, તેની સલામતી, પ્રેમ, ખોરાક વગેરે બધું તેની માની ગોદમાં જ હતું, છતાંયે બહારના ફૂલના આકર્ષણે તેનો જીવ લીધો.

એવો જ બનાવ જેનું જીવન પ્રાર્થનામાં સ્થિર થયું નથી તેવા વિશ્વાસ કરનારની બાબતમાં પણ બને છે. જો તે મારી સંભાળ અને પ્રીતિ કે, જે માની પ્રીતિ અને સંભાળથી અધિક છે (યશા. ૪૯ : ૧૫), તેથી અજાણ રહે અને મારાથી મળતું આત્મિક દૂધ કે જે તેને તાજગી અને અનંતજીવન આપે છે, તેની પરવા ન કરે, અને જગતનાં દેખીતાં ને તાત્કાળિક મોહક વાનાં પર કૂદી પડે, તો તે મારા સલામત હાથોમાંથી ઉછળી જઈ પોતાનો જીવ ખોઈ બેસે છે. આ તેનો પોતાનો વાંક છે.

(૯) બાળકને માટે માતાના સ્તનમાં દૂધ છે, પરંતુ તેની એવી વ્યવસ્થા છે કે, જ્યાં સુધી બાળક ધાવે-ચૂસે નહિ, ત્યાં સુધી તે તેના મોંમાં આવતું નથી. એવી જ રીતે મારાં બાળકો મારું આત્મિક દૂધ પ્રાર્થના દ્વારે પીએ નહિ ત્યાં સુધી આત્મિક જીવનની તાજગી તેમને મળનાર નથી. એવી કશી જરૂર નથી કે તેમણે તે પહેલાં મા વિષે, દૂધ વિષે અને ધાવવા વિષે શીખવું જોઈએ. ધાવવાની રીત વગર શીખવ્યે બાળકને કુદરતથી આવડે છે. એવી જ રીતે જેઓ આત્મિક જન્મ પામ્યા છે, તેમને જગતના તત્ત્વજ્ઞાન અને શિક્ષણ વગર પ્રાર્થના કેમ કરવી અને મારી પાસેથી શી રીતે પ્રાપ્ત કરવું, તે આવડે છે. આકાશી ને આત્મિક માતા હું છું. અનંતજીવનનું દૂધ હું છું.

(૧૦) મેં મનુષ્યમાં દૈહિક અને આત્મિક ભૂખ-તરસ ઉત્પન્ન કરી છે. એ માટે કે કોઈ અજ્ઞાન અને બેદરકારીથી એમ ન સમજે

કે, હું જ દેવ છું. એથી ઊલટું તે એમ જાણે કે, હું એક ગરજવાન પ્રાણી છું અને મારું જીવન મને ઉત્પન્ન કરનારના જીવન ઉપર આધાર રાખે છે. તેને પોતાની ખોટ અને ગરજનું ભાન થયાથી તે પ્રાર્થના, વિશ્વાસ અને આત્મિક જીવને કરીને મારામાં વસી રહે, અને હું તેનામાં વસું. આમ થયાથી તે સર્વકાળ સુધી મારામાં સુખી અને આનંદી રહેશે.

## પ્રાર્થના

## ભાગ ૩જો

(૧) પ્રાર્થના કરવી એ જાણે કે મારી સાથે વાતચીત કરવી, મારી સંગત કરવી, મારામાં વસવું અને મારા જેવા થવું એ છે. એક જાતનું જીવડું છે કે, જે ઘાસ અને પાંદડાં ખાઈને જીવે છે. એ જેવી લીલોતરીમાં રહે છે તેવો રંગ ધારણ કરે છે. ધ્રુવ આગળનાં રીંછ ધોળા બરફમાં રહ્યાથી તેઓ ધોળાં છે. બંગાળના વાઘ જેવા ઘાસ અને બરુમાં રહે છે, તેવા તેમના પર પટ્ટા છે. એવી જ રીતે જેઓ પ્રાર્થનિક અને આત્મિક જીવન ગાળે છે તેઓ દૂતો અને સંતોની માફક મારું સ્વરૂપ ધારણ કરે છે.

(૨) પહાડ ઉપર પીતર, યાકૂબ અને યોહાનને મેં મૂસા અને એલિયાહ સાથે મારો કંઈક મહિમા દેખાડ્યો. એ સ્વર્ગીય મહિમાથી તેઓ એવા તો આકર્ષાયા કે, ત્યાં ત્રણ માંડવા બાંધવાનું તેમને મન થયું. (માથ્થી ૧૭ : ૧-૫) તો પછી જ્યારે તેઓ અગણિત દૂતો અને સંતોને સ્વર્ગમાં તેના સંપૂર્ણ ગૌરવસહિત જોશે, ત્યારે તેઓને કેમ લાગશે! જ્યાં એ મહિમા ખૂટી જવાનો કે બદલવાનો વિચાર સરખો નથી. એ અજાયબ સુખની કલ્પના કોણ કરી શકે? (યોહાન ૧૭ : ૨૪, લૂક ૧ : ૧૭). પ્રાર્થનિક

માણસ કદી એકલા નથી, કેમ કે હું હંમેશાં તેમની સાથે છું, ને મારા સંતો પણ વારંવાર તેમની સાથે હોય છે (માથ્થી ૨૮ : ૨૦, ઝખા. ૩ : ૭, ૮).

જંગલમાં ભયંકર પ્રાણીઓને વશ કરવાં, કે કુદરતનાં તત્ત્વો જેવાં કે વીજળી, અજવાળું, પવન વગેરે પર કાબૂ મેળવવો એ બહુ મુશ્કેલ વાત નથી. પરંતુ શેતાન પર અને પોતાના પર તથા તેને લગતી ઉપાધીઓ ઉપર વિજય પામવાને હું પૂરતી કૃપા આપું છું. (લૂક ૧૦ : ૧૯-૨૦) આ પૃથ્વી ઉપર રહેવા છતાંયે જાણે કે તેઓ મારી સાથે અને સ્વર્ગમાં રહેતા હોય એવું તેમને લાગે છે. (એફેસી. ૨ : ૬). શેતાન નીચે છે અને તેઓ ઉપર છે, એટલે કોઈ પણ ભોગે શેતાન તેમને અડકી શક્તો નથી. એથી તેઓ મારામાં સહીસલામત રહે છે. જે લોકો કુદરતનાં તત્ત્વો પર કાબૂ મેળવે છે, તેઓ માત્ર હવા કે આકાશમાં જ પર્યટન કરે છે, પરંતુ પ્રાર્થનિક માણસ તો શેતાન પર, જગત પર અને આકાશ પર સુદ્ધાં કાયમનો કાબૂ મેળવે છે.

(૪) જેમ મધમાખીઓ ફૂલોનું સૌંદર્ય અને તેની સુવાસ બગાડ્યા વગર ફૂલોમાંથી મધ ચૂસી લે છે, તેમ પ્રાર્થનિક માણસો ઈશ્વરની આ સૃષ્ટિમાંથી તેને કોઈપણ પ્રકારે બગાડ્યા વિના આનંદ અને લાભ લે છે. જેમ મધમાખીઓ દરેક દિશામાંથી અને અનેક ફૂલોમાંથી મધ લાવીને એક ઠેકાણે એકઠું કરી મધપૂડો બનાવે છે તેમ પ્રાર્થનિક માણસ ઈશ્વરની આ સૃષ્ટિમાંની સર્વ ઉત્પન્ન કરેલી ચીજોમાંથી ઈશ્વર સાથે સંમત રહીને સાર ખેંચે છે અને પોતાના અંતઃકરણમાં જે મધરૂપી સત્ય તે એકઠું કરી ઈશ્વરમાં સલામત રહે છે.

(૫) પાંચ શાણી કુમારિકાઓ (માથ્થી ૨૫ : ૧-૧૩)ના દૃષ્ટાંત પરથી આપણે શીખીએ છીએ કે, આપણું હૃદય-પાત્રોમાં પ્રાર્થના દ્વારે પવિત્ર આત્મારૂપી તેલનો સંગ્રહ કરવાનો હાલ જ વખત છે, નહિ તો પાંચ મૂર્ખ કુમારિકાઓની પેઠે દુઃખી તથા નિરાશ થવું પડશે. ખરા સાબ્બાથને સારુ માન્નાનો સંગ્રહ કરવાનો સમય હાલ જ છે, નહિ તો દુઃખ તથા સંકટ સહન કરવાં પડશે. (નિર્ગ. ૧૬ : ૧૫, ૨૭). માટે તમારું નાસવું શિયાળામાંના પુષ્કળ દુઃખ વખતે કે મરણ અથવા તો છેલ્લી ઘડીના સમયે ન થાય, અથવા 'સાબ્બાથ દિવસે' (એટલે કે હજાર વર્ષના રાજ્ય અથવા તો અનંત વિસામાને દિવસે) પણ ન થાય (માથ્થી ૨ : ૨૦). માટે પ્રાર્થના કરો. ગયેલો સમય ફરી કદી આવતો જ નથી. માટે હાલ જ સમય ખંડી લો.

(૬) જેમ હવાપાણીની અસરને લીધે આકૃતિ, ચહેરો, રંગ તથા સ્વભાવમાં ફેર થાય છે, તેમ જેઓ મારી સંગત દ્વારે સ્વર્ગીય જગતમાં રહે છે, તેઓનો આગળનો સ્વભાવ બદલાઈને આત્મિક ચહેરો, રંગ અને સ્વભાવ થઈ જાય છે અને તેઓ મારા જેવા થઈને અવિચળ મહિમાના ભાગીદાર થાય છે.

જે આંગળી વડે મેં બેલ્શાસ્સાર રાજાની સ્થિતિ તથા અંતનો લેખ (દાની. ૫ : ૫, ૨૭) લખ્યો, તે ને તે જ આંગળી વડે વ્યભિચારમાં પકડાયેલી સ્ત્રીને જે માણસો પકડી લાવ્યા હતા, તેમને માટે લખ્યું. તેઓ પોતે ગુપ્તમાં તે જ પાપ કરતા હતા, છતાં પોતાનાં પાપ વિષે તેમને ચટકો ન હતો, અને પેલી સ્ત્રીને દોષિત ઠરાવી શિક્ષા કરવાના હતા. તેઓ શરમિંદા પડીને મૂંઝાતા મૂંઝાતા એક પછી એક નીકળી ગયા (યોહાન ૮ : ૩-૧૧). એ જ

આંગળી વડે હું આ જમાનામાં મારા સેવકોને ગુપ્તમાં તેમનાં પાપ-ઘા પ્રગટ કરું છું, અને તેઓ ખરો પસ્તાવો કરે, ત્યારે હું તેમને સ્પર્શ કરું છું. તેને તે જ આંગળી વડે હું તેમને સજા કરું છું, અને તે જ આંગળી વડે જેમ છોકરું પોતાના બાપની આંગળી પકડીને ચાલે છે, તેમ હું મારાં છોકરાંને આ જગતમાંથી તેમના અનંતકાળિક ઘર તથા વિશ્રામસ્થાનમાં દોરી લઈ જાઉં છું (યોહાન ૧૪ : ૨, ૩).

(૭) પુષ્કળ માણસો મારા નામે બાપની પ્રાર્થના કરે છે, પરંતુ મારામાં રહેતા નથી અને પ્રાર્થના કરે છે, એટલે કે તેઓમાં મુખ તથા હોઠોમાં જ મારું નામ હોય છે. પરંતુ તેમનાં જીવનમાં તથા હૃદયોમાં મારું નામ હોતું જ નથી. તેઓ માગે છે છતાં ઇચ્છિત વસ્તુ મેળવી શક્તા નથી, તેનું કારણ પણ તે જ છે. જ્યારે તેઓ મારામાં અને હું તેઓમાં, ત્યારે તો તેઓ બાપની પાસે જે માગે તે મેળવ્યાં સિવાય રહી શક્તા નથી. વાત જ્યારે એમ જ છે, ત્યારે તેઓ પવિત્ર આત્માની મદદ વડે, દેવનો મહિમા થાય, તથા જેથી પોતાનું તથા બીજાંઓનું ભલું થાય, એવાં જ વાનાંની માગણી કરતાં શીખશે.

જો એમ ના કરે, તો કોઈ એક હાકેમ કે જેના હાથ નીચે કોઈ એક છોકરાના બાપે બહુ સારી તથા વફાદાર નોકરી બજાવી હતી તેના છોકરાને તેની અરજીના જવાબમાં તે હાકેમે જેવો જવાબ આપ્યો તેવો જ આકાશવાસી પિતા તરફથી તેમને પણ ઉત્તર મળશે. આ છોકરાએ જ્યારે હાકેમ પાસે પોતાના બાપની ખાતર નોકરી તથા મહેરબાનીની અરજી કરી ત્યારે આ હાકેમ જે તે છોકરાને ખોટી ચાલ તથા દુષ્ટ કામોથી વાકેફગાર હતો, તેણે

તે છોકરાને તેના બાપના નામમાં અરજી કરતા પહેલાં તેના બાપની ચાલનું અનુકરણ કરવાની તથા તેના જેવા થવાની આજ્ઞા આપી, એટલે કે તેને એમ કહ્યું કે તું તેનું નામ હોઠ પર લે એવો તેનો લાયક પુત્ર નથી. માટે પહેલાં તું જઈને તેની સારી ચાલનું અનુકરણ કર અને પછી મારી આગળ આવ, અને તારી અરજીનો સ્વીકાર કરવામાં આવશે.

(૮) જેઓ માત્ર પોતાના હોઠોથી જ મારું ભજન તથા મારી સ્તુતિ કરે છે તેઓ, તથા જેઓ પોતાના શુદ્ધ અંતઃકરણ તથા જીવથી એમ કરે છે, તેઓ વચ્ચે પુષ્કળ ફેર છે.

દાખલા તરીકે- મારો એક સેવક હંમેશાં એક બીજો માણસ કે જે માત્ર નામનો શિષ્ય હતો તેના વિષે એવી પ્રાર્થના કર્યા કરતો હતો કે, હે પ્રભુ, "સત્ય" સમજવા સારુ તું તેની આત્મિક આંખો ઉઘાડ. પણ પેલો નામનો શિષ્ય મારો ખરો ભક્ત આંધળો થાય એવી જ પ્રાર્થના કરતો હતો. પરિણામમાં ખરો ભક્ત જે દેવની ઇચ્છા પ્રમાણે શુદ્ધ પ્રેમથી પ્રાર્થના કરતો હતો તેનું સાંભળવામાં આવ્યું. પછી, જે માત્ર નામનો જ વિશ્વાસી હતો, તેની આત્મિક આંખો ઊઘડી ગઈ અને તેનો ખરો ભક્ત થયો, અને ત્યાર પછી હંમશને માટે ખરા ભક્તનો સગા ભાઈ જેવો મિત્ર થઈ રહ્યો.

(૯) જે વસ્તુઓ માણસોને અશક્ય છે, તે પ્રાર્થના દ્વારા શક્ય થઈ શકે છે. માટે જ પ્રાર્થનિક માણસોને પોતાના જીવનમાં એવા મહાન ચમત્કારોનો સાક્ષાત્કાર થાય છે. એ ચમત્કારો આ જગતના તત્ત્વજ્ઞાનીઓની નજરમાં કુદરતના નિયમ તથા સામાન્ય જ્ઞાનથી વિરુદ્ધ દેખાય છે, કારણ કે તેમની સામાન્ય બુદ્ધિ તથા

કુદરતના નિયમો સંબંધીનું જ્ઞાન એટલું મર્યાદિત હોય છે, કે જેમાં કંઈ માલ હોતો નથી. સઘળી ઉત્પન્ન કરેલી વસ્તુઓને સારુ જેણે નિયમો તથા કુદરત ઠરાવ્યાં તે પોતાનાં બાંધેલાં કાયદાને શી રીતે ફેરવી શકે તે તેઓ જાણતા નથી. આ ખરા ધારાશાસ્ત્રીએ પોતાનો નિયમ એવો તો ગૂઢ અને માર્મિક બનાવેલો છે કે, તેણે ઉત્પન્ન કરેલાં સર્વની આબાદી તથા આશીર્વાદ તેના લક્ષમાં સદા કાયમ રહે છે. પ્રાણિક માણસ તે સમજી શક્તું નથી, કેમ કે આત્મિક વાતોનો ભેદ માત્ર આત્મિક રીતે જ સમજી શકાય છે (૧ કોરિંથી ૨ : ૧૪), અને તેનું તાજું દૃષ્ટાંત તો નવા જન્મરૂપી બદલાણનો ચમત્કાર છે. જેને પોતાના જીવનમાં આ ચમત્કારનો સાક્ષાત્કાર થયો છે, તેને મન તો બીજા બધા પ્રકારના ચમત્કાર એથી ઉતરતી પંક્તિના લાગે છે. જેઓ નવો જન્મ પામ્યા નથી, તેમને બધી વાતો અશક્ય લાગે છે. અતિશય ઠંડા મુલકોમાં પાણીનું ઠરી જવું, એ બહુ સાધારણ વાત છે, છતાં નદીનું પાણી નીચે વહ્યા કરે છે, અને સપાટી પરનું પાણી ટાઢને લીધે એવું ઘટ્ટ થઈ જાય છે કે, લોકો તે ઉપર સહેલાઈથી આવજા કરી શકે છે. ગરમ પ્રદેશના જે લોકો હંમેશાં તાપને લીધે પરસેવો-પરસેવો થઈ જાય છે, તેમને ઉપરની હકીકતો કહો, તો તેઓ તમારા કથનને એકદમ કુદરતના નિયમ તથા સામાન્ય અક્કલ વિરુદ્ધ છે, એમ જ ગણશે. એ જ પ્રમાણે જેઓ નવો જન્મ પામ્યા છે અને પ્રાર્થના દ્વારા આત્મિક જીવન ગુજારે છે તે નિરંતર દેવના મહાન કામોનો સાક્ષાત્કાર કરતા રહે છે, તેઓ તથા જેઓ જગિક અને અનાત્માવાદી જીવન ગુજારે છે અને આત્મિક જીવનથી તદન અજ્ઞાત છે, તેઓ વચ્ચે પુષ્કળ તફાવત છે.

(૧૦) જે કોઈ દેવ તરફથી પ્રાર્થના દ્વારે અનંતજીવન તથા આશીર્વાદો પામવાની આશા રાખતા હોય, તેઓએ કચ-કચ કર્યા સિવાય, વિશ્વાસ કરવો જોઈએ, તેમ જ તેના હુકમને તાબે થવું જોઈએ. એક સુકાઈ ગયેલા હાથવાળો માણસ મારી પાસે આવ્યો અને મેં તેને તેનો હાથ લાંબો કરવાનો હુકમ આપતાંની સાથે જ તેણે મારો હુકમ માન્યો. પરિણામ એ આવ્યું કે, તેનો તે હાથ તેના બીજા હાથ જેવો સાજો થયો (માથ્થી ૧૨ : ૧૦, ૧૩). ધારો કે તેણે આ વિષે આનાકાની કરી હોત તથા સંદેહ બતાવતાં એમ કહ્યું હોત કે, 'હું મારો સુકાઈ ગયેલો હાથ શી રીતે લાંબો કરી શકું? જો હું એમ કરી શકતો હોત, તો તારી પાસે આવત જ શું કામ? માટે પ્રથમ મારો હાથ સાજો કર, અને પછી હું તેને લાંબો કરીશ.' આવી જાતનો વાદવિવાદ માણસોની નજરમાં તદન વ્યાજબી લાગે, પણ જો તેણે એ રસ્તો લીધો હોત, તો તેનો હાથ કદીયે સાજો થવા પામત નહિ.

એ જ પ્રમાણે દરેક પ્રાર્થનિક માણસે આજ્ઞાંક્તિ હોવું જોઈએ. તેમના આત્મિક હાથ ગમે તેવા નબળા અને સુકાઈ ગયેલા હોય તોપણ વિશ્વાસથી મારી તરફ લાંબા કરવા જોઈએ. પછી તેમને અનંતજીવન તથા આશીર્વાદ આપવાનું કામ તો મારું છે. અને તેની જરૂરિયાત પ્રમાણે તેને તે આપવામાં આવશે જ આવશે. (માથ્થી ૨૧ : ૨૨).

❖ ❖

# પ્રકરણ ૪થું

# સેવા

## ભાગ ૧લો

શિષ્ય – હે ગુરુજી, સેવાનો મૂળ અર્થ સમજાવવાની મારા પર કૃપા કરશો? શું તેનો અર્થ એવો છે કે, અમારે ઉત્પન્નકર્તાની અને તેને નામે અન્ય પ્રાણીઓની પણ સેવા કરવી જોઈએ? મનુષ્ય જે એક કીડા સમાન છે, તે અખિલ સૃષ્ટિના મહાકુટુંબની સેવા કરે, તેથી શું તે કોઈ પણ રીતે ઈશ્વરને મદદ કરી શકે છે? અથવા તો ઈશ્વરનાં ઉત્પન્ન કરેલાં પ્રાણીઓનું સંરક્ષણ તથા જતન કરવામાં ઈશ્વરને કોઈની મદદની જરૂર છે?

ગુરુજી – (૧) સેવા તો આત્મિક જિંદગીનું કૃત્ય તથા પ્રેમનું એક ખાસ લક્ષણ છે. દેવ પોતે પ્રીતિ છે, અને નિરંતર પોતાનાં ઉત્પન્ન કરેલાંનાં કામમાં રચ્યોપચ્યો રહે છે. પોતે ઉત્પન્ન કરેલાં પ્રાણીઓ અને તેમાંયે ખાસ કરીને મનુષ્ય, જેને તેણે પોતાની પ્રતિમા પ્રમાણે ઉત્પન્ન કર્યું છે, તે આળસુ રહે, એવી તેની ઇચ્છા નથી. દેવે ઉત્પન્ન કરેલાં પ્રાણીઓનું કોઈ સંરક્ષણ તથા જતન કરે, તેવી તેને કંઈ અગત્ય નથી. તેનાં ઉત્પન્ન કરેલાં એવી રીતે બનાવવામાં આવ્યાં છે કે, તેઓ પોતાના નિભાવને માટે પોતાના કર્તા ઉપર હંમેશાં આધાર રાખે. વળી તે તેમની ઇચ્છાઓ ફળીભૂત કરવા સારુ સઘળી જરૂરની વસ્તુઓ તૈયાર કરતો રહે છે, કેમ કે તેમને ઉત્પન્ન કરનાર તે પોતે જ છે અને તેમની સઘળી ગરજો તથા ઇચ્છાઓ તૃપ્ત કરવાને માત્ર તે એકલો જ શક્તિમાન છે. જ્યારે કોઈ બીજાની સેવા તથા સહાય કરે છે, ત્યારે તેમ કરવાથી ખરું જોતાં તે પોતાને જ મદદ કરે છે. તિબેટમાં જ્યારે અતિશય

ટાઢને લીધે એક માણસ મરી જવાના ભયમાં હતો, તેણે બરફમાં એક બીજા માણસને મરણની અણી પર જોઈને તેને પોતાની ખાંધ પર ઊંચકી લીધો. શ્રમ ઘસારાની અસરને લીધે બંને શરીરોને ગરમી મળી અને બંને મરતાં મરતાં બચી ગયા. એમ તું, હા, તું પોતે બીજાને બચાવતાં બચી ગયેલો. સેવાનો અર્થ તો એ જ છે.

કોઈ પણ માણસ બીજાની સહાય વિના પોતાથી એકલો જીવી શક્તો નથી. એ જોતાં કોઈ માણસ બીજાથી લાભ કે મદદ મેળવ્યા પછી પોતાની શક્તિ પ્રમાણે બીજાઓની સહાય તથા મદદ કરવા તત્પર રહે નહિ, એવા અનુપકારી માણસને બીજાઓ પાસેથી કોઈ પણ જાતની મદદની આશા રાખવાનો કાંઈ જ હક નથી.

(૨) જ્યાં સુધી માણસ ઈશ્વરે આપેલાં શક્તિ તથા સામર્થ્યનો ઉપયોગ દેવની તથા માણસોની સેવા કરવામાં વાપરતો નથી ત્યાં સુધી તેને મદદ કરવામાં દેવ પણ પોતાનો ભાગ ભજવતો નથી. માણસ જ્યારે પોતાનો ભાગ ભજવે છે, ત્યારે જ દેવ પણ પોતાનો ભાગ ભજવે છે. દાખલા તરીકે મરેલા લાજરસની કબર ઉપરથી પથ્થર ખસેડી નાખવાનું કામ તો માણસનું હતું. પથ્થર ખસેડી નાખવામાં દેવ પોતાનું પરાક્રમ બતાવે એવી કંઈ જ અગત્ય નહોતી. માણસોએ પોતાના ભાગનું કામ પૂરું કર્યા બાદ દેવે, એટલે મેં માનવશક્તિથી જે ન કરી શકાય એ કરી બતાવ્યું. તે મરી ગયેલા માણસને મેં સજીવન કર્યો. તેને સજીવન કર્યા બાદ ફરીથી માણસોને કામ કરવાનો પ્રસંગ આવ્યો. તેઓએ લાજરસનાં કફનનાં કપડાં છોડી નાખીને તેને છૂટો કર્યો (યોહાન ૧૧ : ૩૯, ૪૧, ૪૪). એ જ પ્રમાણે જેઓ પાપમાં મૂએલાં છે, તેઓની કબર

પરથી અડચણ તથા મુશ્કેલીરૂપ પથ્થરો ખસેડી નાખવાનું કામ તો મારા શિષ્યોનું છે. એમ કર્યા પછી જ તેમને અનંતજીવન આપવાનું કામ મારું છે. ઘણાંખરાં માણસો તો આત્મિક જીવન પ્રાપ્ત કર્યા પછીયે તેમના જૂના સ્વભાવ, તેમની નઠારી કુટેવો તથા કુરિવાજરૂપી કબરનાં કપડાં વડે બંધાયેલાં હોય છે. આમાંથી તેમને મુક્ત કરવાનું કામ તો મારાં છોકરાંઓનું છે, અને એ પ્રકારની સેવા પોતાના પૂરા બળ તથા જીવથી કરવા સારુ તેઓએ નિરંતર તૈયાર રહેવું જોઈએ.

(૩) કોઈ એક રાજાએ મરતી વખતે પોતાના એક વફાદાર નોકરને કહ્યું કે, 'જે જગાએ હું જવાનો છું, ત્યાં તૈયારીને સારુ મારા આગમનની ખબર આપવા હું તને મારી આગળ મોકલું છું. જે લોકો અત્યાર પહેલાં મરી ગયેલાં છે, તેઓના નિવાસસ્થાનમાં જા, અને તેમને મારા આગમનની ખબર આપ.' પ્રથમ તો રાજા શું કહેવા માગે છે તે આ વિશ્વાસુ સેવક સમજ્યો નહિ, પણ જ્યારે તેને ખુલ્લા શબ્દોમાં તેની આગળ જઈને ત્યાં રહેવાની આજ્ઞા કરવામાં આવી, ત્યારે કોઈ પણ પ્રકારની આનાકાની કર્યા સિવાય તરત જ પોતાના હાથમાંથી તરવાર પોતાની છાતીમાં ભોંકી દીધી, અને એવી રીતે પોતાના રાજાની પહેલાં મૃત્યુ પામેલા લોકમાં મળી ગયો.

હું જીવનનો પ્રભુ અને રાજાઓનો રાજા છું (પ્રે.કૃ. ૩ : ૧૫, પ્રકટી. ૧૯ : ૧૬) અને તેઓના તારણને માટે પૃથ્વી પર આવ્યો અને ફરી આવવાનો છું. મારી સુવાર્તાનો સંદેશો જેઓ પાપમાં મરી ગયેલા છે તથા પાપમાં મરે છે, તેઓને સંભળાવતાં મારા નામને લીધે મારા સેવકોએ પણ પોતાના પ્રાણોની આહુતિ સુદ્ધાં

આપવા તત્પર રહેવું જોઈએ. પછી હું તેમને જીવનનો મુગટ (પ્રકટી. ૨ : ૧૦) આપીશ.

(૪) કોઈ એક અનાજ્ઞાંકિત જુવાન માણસ પોતાના બાપનું ઘર તજી દઈને એક ધાડપાડુના ટોળામાં મળી ગયો, અને બહુ જ ઘાતકી ચોર બન્યો. તેના બાપે પોતાના નોકરોને બોલાવીને તે છોકરા પાસે એવો સંદેશો લઈને જવા કહ્યું કે, જો તે પસ્તાવો કરીને પાછો ઘેર આવશે, તો હું તેનાં સઘળાં કૃત્યોની માફી આપવા તથા તેનો પુનઃસત્કાર કરવા તૈયાર છું. જંગલનાં જોખમ તથા ધાડપાડુઓના ભયને લીધે બધા નોકરોએ જવાની ના પાડી. પછી તેનો મોટો ભાઈ જે બાપના જેટલી જ પ્રીતિ તે નાના ભાઈ પર પણ કરતો હતો, તેણે બાપ તરફથી માફીનો સંદેશો તે ભાઈને કહેવાનું પોતાને માથે લીધું.

બાપનું ઘર મૂકીને જેવો તે જંગલમાં પેઠો કે તરત જ ધાડપાડુઓએ તેના પર હુમલો કરીને તેને મરણતોલ માર માર્યો. આ ધાડપાડુઓમાં પોતાનો નાનો ભાઈ પણ સામેલ હતો. તેણે ઓળખ્યો કે આ અધમૂઓ માણસ તો મારો પોતાનો મોટો ભાઈ છે, ત્યારે તે છાતી કૂટવા તથા પોક મૂકીને રડવા લાગ્યો. પછી મોટાભાઈએ બાપ તરફથી આણેલો માફીનો સંદેશો કહી બતાવતાં કહ્યું, 'બસ, હવે મારા જીવનનો હેતુ સફળ થયો છે, તેમ જ પ્રેમનો બદલો મને મળી ચૂક્યો છે.' આટલું કહીને તેણે જીવનનો છેલ્લો શ્વાસ લીધો અને મરી ગયો.

મોટાભાઈના સ્વાર્પણની તે નાના ભાઈ ઉપર એવી તો સજ્જડ છાપ પડી કે, તે પસ્તાવો કરીને પોતાના બાપને ઘેર પાછો ગયો, અને તે જ પળથી નવું જીવન ગુજારવા લાગ્યો. એ જ

પ્રમાણે જેમ મેં મારો પ્રાણ મારા સેવકોના તારણને માટે આપ્યો, તેમ તેઓ પોતાના જે ભાઈઓ પાપમય જીવન ગાળે છે, તેઓને માફીનો સંદેશો પ્રગટ કરતાં તેઓનું પ્રાણનું બલિદાન કરવા તૈયાર થાય, એ શું વ્યાજબી નથી?

(૫) મારાં છોકરાં આ જગતમાં મીઠારૂપ છે (માથ્થી ૫ : ૧૩). જો એ મીઠું પીગળે નહિ તો કશાને તેનો ગુણ થતો નથી, એવી જ રીતે જો મારાં છોકરાં પવિત્ર આત્મા તથા પ્રેમરૂપી મીઠાથી વેષ્ટિત થઈને જીવતા અર્પણરૂપે પીગળી ન જાય, તો કોઈ પણ પાપી માણસ આત્મિક તથા આકાશી જિંદગીનો ભાગીદાર થઈ શકશે નહિ, તેમ જ તારણ પામી શકશે નહિ. જો તેઓ મીઠારૂપે ન ભળે તો લોટની વહુમાં તથા તેઓમાં કંઈ જ ફરક નથી, કેમ કે તેણી પણ 'ખારનો થાંભલો' થઈ ગઈ (ઉત્પત્તિ ૧૯ : ૨૬). જેમ હું પોતે તમારે માટે ગેથસેમાને વાડીમાં પીગળી ગયો (લૂક ૨૨ : ૪૪), કે અન્ય આત્માઓને બચાવી શકું, તેમ તમારે પણ કરવાનું છે. જીવની કિંમત જીવ છે. તે મેં વધસ્તંભ ઉપર મારો જીવ આપીને તમારા જીવ બચાવવામાં સિદ્ધ કરી બતાવ્યું છે. તમારા આત્મિક જીવન વડે બીજાઓ ઉપર છાપ પાડવા સારુ ને તેઓને બચાવ઼વા સારુ તમારે તમારા જીવની દરકાર ન કરવી, એ તમારી પ્રથમ ફરજ છે.

(૬) કોઈ એક ખૂની હશે, તેને ફાંસીએ લટકાવવાને બદલે લડાઈમાં મોકલ્યો. પોતાના દેશ તથા રાજાને સારુ વફાદારી તથા બહાદુરીથી તે એવી તો સારી રીતે લડ્યો કે, રણસંગ્રામમાં લડતાં તેને ઘણા જખમો થયા. છતાં, આખરે તે દુશ્મનના દળ ઉપર વિજય મેળવવા ભાગ્યશાળી થયો. લડાઈ સમાપ્ત થયા પછી જ્યારે

કોર્ટમાં તેના કેસની ફરી તપાસ થવા લાગી, ત્યારે પ્રામાણિકપણે રાજા તથા તેના દેશની સેવા કરતાં તેના શરીર પર જખમોના જે ચિહ્ન થયા હતાં, તે જોઈને રાજાએ તેને ફાંસીની સજા ન કરતાં માફી આપી. તેમ જ તેને ભારે ઇનામ તથા ઉચ્ચ પદવી આપ્યાં. એવી જ રીતે જેઓ મારા પક્ષમાં ઊભા રહીને પોતાનાં ભાઈબહેનોના બચાવ ખાતર શેતાન સામે પ્રામાણિકપણે તથા બહાદુરીથી લડે છે અને જય પામે છે, તેઓને તેમનાં સઘળાં પાપની માફી આપવા તેમ જ દેવના રાજ્યમાં ગાદી તથા અનંતકાળિક મુગટ આપવા હું તૈયાર છું (યાકૂબ ૫ : ૨૦, પ્રકટી ૩ : ૨૧).

(૭) બીજાંઓને પાણી પૂરું પાડવા સારુ જે નળ વપરાય છે તે નિરંતર નિર્મળ તથા તાજા પાણીમાં હોવાથી શુદ્ધ હોય છે, એ જ પ્રમાણે બીજાંઓને જીવનરૂપી પાણી પહોંચાડવા સારુ જેઓને પવિત્ર આત્મા વડે વાપરવામાં આવે છે, તેઓ પોતે પણ પવિત્ર તથા શુદ્ધ રહે છે અને દેવના રાજ્યના વારસ થાય છે.

(૮) પવિત્ર આત્મા તથા સેવાનો આત્મા પ્રાપ્ત કરવા સારુ ઉત્તમ તૈયારી તથા સૂચના (શિક્ષણ) એ છે કે, વિશ્વાસ કરનારે આજ્ઞાંકિત હોવું જોઈએ, અને પોતાની શક્તિ પ્રમાણે એકદમ સેવા કરવા મંડી જવું જોઈએ. પાણીમાં પેસીને પ્રયત્ન કર્યા સિવાય તરવાનું શિક્ષણ તથા સૂચના તદ્દન નકામાં છે, કારણ કે હંમેશાં પહેલાં છીછરાં અને પછીથી ઊંડા પાણીમાં તરવાની ટેવ પાડવાથી જ માણસ તરવામાં હોંશિયાર થઈ શકે છે. એ જ પ્રમાણે પાપરૂપી મહાસાગરમાં ડૂબતા માણસને બચાવવાનું શિક્ષણ તથા કેળવણી મેળવવાનું એકલું વ્યાવહારિક તથા ખરું ઈશ્વર વિદ્યાસ્થાન તો મારામાં રહેવું એ જ છે ( પ્રે. કૃ. ૪ : ૧૨).

(૯) કેટલાએક પોતાની નબળાઈનો વિચાર કરવાને લીધે સેવા કરવામાં પાછા પડે છે. અબળપણામાં મારું સામર્થ્ય બળ આપે છે (૨ કોરિંથી ૧૨ : ૯), એ વાત તેઓ ભૂલી જાય છે. સાજા થયા પછી અને પૌષ્ટિક ખોરાક લીધા છતાંયે, કસરત તથા કંઈ પણ કામ ન કરવાને લીધે અશક્ત રહેનાર માંદા માણસના જેવા તેઓ છે. માટે જ એવાંઓએ મારા ઉપર ભરોસો રાખીને બીજાંઓને નાશમાંથી બચાવવા બહાર નીકળી પડવાની જરૂર છે.

## સેવા

### ભાગ ૨જો

(૧) સત્યની સમજણ પાડવાનું એકલું ખરું સાધન તો પ્રેમ છે, અને કેવળ એથી જ બધાં માણસો જાણશે કે તમે મારા શિષ્યો છો (યોહાન ૧૩ : ૩૫). કોઈ કોઈ પ્રસંગે હું ન્યાયીપણાની તલવાર વાપરું છું, અને એને લીધે કેટલાએક એમ ધારે છે કે, સુલેમાનની માફક, નિર્દયપણે તેમના કેસનો ન્યાય કરવામાં તત્પર છું. (૧ રાજા ૩ : ૧૬-૨૮), પરંતુ જે દેવ પોતે પ્રેમમય છે, અને જેણે પોતાનો જીવ બીજાંઓને બચાવવા સારુ આપ્યો છે, તે જ દેવનાં છોકરાં તમે પણ છો, એ વાતની સમજણ પાડવા તથા તેમનો મહિમા કરવા સારુ જ એવાં કઠોર સાધનનો કોઈ વખત ઉપયોગ કરવો પડે છે, એ જ પ્રેમમાં રહેવાથી તમારે એકબીજાની સેવા કરવી જોઈએ, તેમ જ જેમ મેં તમારે સારુ મારો જીવ આપ્યો, તેમ તમારે પણ બીજાંઓને નાશમાંથી બચાવવા સારુ તમારા પોતાના જીવ પણ આપવા જોઈએ. જો એમ કરો તો જ, જેમ હું જીવું છું તેમ તમે પણ જીવશો (યોહાન ૧૪ : ૧૯).

(૨) જો તમે મારા ખરા જ શિષ્ય હશો, તો તમારા જીવનમાં સેવા તથા પ્રેમનાં અસંખ્ય ફળો લાગશે (યોહાન ૧૫ : ૮). જ્યારે લોકો તમને ગાળો દે અને સતાવે તેમ જ તમારા પર મહેણાંરૂપ પથ્થરોનો વરસાદ વરસાવે, ત્યારે તમારે તેમનું ભલું થાઓ એવી પ્રાર્થના કરવી અને પથ્થરને બદલે પથ્થર મારવા કરતાં તેમને તમારા પ્રેમરૂપી ફળનો સ્વાદ ચખાડવો. નઠારા છોકરાઓ ફળઝાડ ઉપર પાકું તથા મીઠું ફળ જોઈને તેને પથ્થરા મારે છે, પરંતુ ઝાડ કોઈ પણ જાતની તકરાર કર્યા સિવાય પથ્થર મારવાને બદલે તેમને ફળ આપે છે. કેમ કે વેર લેવા સારુ તેની પાસે પથ્થર નથી પણ અપકારને બદલે ઉપકાર છે, માટે કચકચ કર્યા વગર દેવે તેને જે કંઈ આપ્યું હોય છે તે તેમને આપે છે. જ્યારે તમારી સાથે આવી ગેરવર્તણૂક ચલાવવામાં આવે, ત્યારે નિરાશ ન થાઓ, કેમ કે ખોટાં મહેણાં મારીને લોકો એ વાત સાબિત કરી બતાવે છે કે, તમારું જીવન ફળદ્રુપ છે અને જોકે અંતઃકરણની દુષ્ટાઈ તથા ખોટા ભાવાર્થથી એમ કરે છે, છતાંયે તેમના એ કૃત્યથી તમારા આકાશવાસી બાપનો મહિમા થાય છે.

દેવને મહિમાની અછત છે અથવા તો તેના મહિમામાં કંઈ ખોડ છે કે જે માણસ પૂરી કરી શકે, એમ કદી પણ ધારવું નહિ. પતિતાવસ્થામાંથી પણ માણસને ઊંચકીને આકાશી ઉચ્ચ તથા મહિમાવાન પાયરીએ ચઢાવવું, એ તેના પ્રેમનો હેતુ છે. આ તો ખરું જોતાં દેવને નહિ, પણ માણસને જ શુદ્ધ તથા પવિત્ર કર્યા પછી મહિમા આપવા જેવું કહેવાય, અને એમ કરવામાં જ દેવની પ્રીતિની મોટાઈ તથા મહિમાની ઉત્તમતાનું પ્રકટીકરણ દેખાઈ આવે છે.

(૩) જેઓ પોતાના પાપથી ફરીને પ્રયત્ન તથા સેવા દ્વારા મારામાં ન્યાયી ઠર્યા છે તેઓને હું એવા મહિમાવાન કરીશ કે, તેઓ પ્રથમ તારાસમ અને પછી દેવના રાજ્યમાં પૂર્ણ કરાયેલા સૂર્યસમ પ્રકાશશે, કેમ કે ન્યાયીપણાના સૂર્યોદય વખતે તારા તો અદૃશ્ય કે અલોપ થાય છે, પરંતુ બાપની ઈચ્છા છે કે, તેનાં છોકરાં તેના જેવાં સંપૂર્ણ થઈને સાર્વકાળિક મહિમા (માથ્થી ૫ : ૪૮)માં પેસવા યોગ્ય થાય, માટે મહિમાવંત કરાઈને તેઓ તેની સાથે સદાકાળ સુધી પ્રકાશે અને આવી રીતે તેના અનંતકાળિક તથા અમાપ પ્રેમમાં આનંદ કરે.

(૪) ઘણા હલકા વર્ગનાં પ્રાણીઓ, જેમ કે આગિયા તેમના હાલતા અજવાળા વડે અને ઘણા નાનાં છોડવા તેમના સ્વભાવ તથા શક્તિ પ્રમાણે અંધકારમય ઝાડીઓમાં તેમનું અજવાળું પાડે છે. કેટલીએક નાની માછલીઓ મહાસાગરના ઊંડા પાણીમાં પોતાના અજવાળા (પ્રકાશ) મારફતે દુશ્મનોના હુમલાથી બીજી મોટી માછલીઓને બચાવે છે. તો મારાં છોકરાંઓ જે જગતનું અજવાળું છે, તેઓ જેઓ અંધારામાં છે અને શેતાનના હાથમાં શિકાર થઈ પડ્યા છે તેઓ પોતાનું ઈશ્વર તરફથી મળેલું અજવાળું આપીને સત્યના રસ્તામાં લાવે એ કેટલું વિશેષ જરૂરનું છે. તેમ જ બીજાંઓને મોતથી બચાવવા તેઓ પોતાના પ્રાણ પણ હોમી દે, એ કેટલું બધું અગત્યનું છે!

(૫) જે આકાશી દાન તેમને મળેલાં છે, તેનો ઉપયોગ જો તેઓ દેવની તથા તેણે સરજેલાંઓની સેવા કરવામાં ન કરે, તો પછી તેઓની શક્તિ હંમેશને માટે નાબૂદ થાય, એમાં શી નવાઈ? જે માછલીઓ ઊંડા પાણીમાં તથા અંધારી જગાઓમાં રહે છે,

તેઓ, તેમ જ તિબેટમાં કેટલાએક સાધુઓ જે અંધારી જગાઓમાં રહે છે, તેઓની આંખોનું તે જ નાશ પામે છે. જે ગરૂડ પક્ષી પોતાની પાંખોનો ઉપયોગ ઊડવામાં કરતું નથી, તેની ઊડવાની શક્તિ જતી રહે છે. માટે જ જે દાન કે તાલંત તમને સોંપવામાં આવ્યાં છે, તેઓ વિષે બેદરકાર ન રહેતાં તેનો ઉપયોગ કરો અને મહિમા સહિત તમારા બાપના આનંદમાં પેસો (માથ્થી ૨૫ : ૧૯-૩૦).

(૬) ઘણાંઓને મહાન આશીર્વાદો તથા મુક્તિ મળે, તેવાં મહા જોખમ તથા મહાન સેવાનાં કાર્યો તો ઘણી વખતે હું આ જગતની નજરમાં હલકા તથા તુચ્છ જણાતા માણસોની મારફતે કરાવું છું, કારણ કે એવા લોકો પોતાની શક્તિ ઉપર આધાર ન રાખતાં તેમ જ પોતાની બડાઈ ન હાંકતાં પોતાની નબળાઈ તથા અશક્તિ તથા અજ્ઞાનતા વિષે વાકેફગાર હોવાથી મારા ઉપર સંપૂર્ણ ભરોસો રાખે છે. તેઓ કોઈ પણ જાતની આનાકાની કે કચકચ કર્યા વિના પોતાની શક્તિઓની મારી તથા બીજાઓની સેવા કરવામાં ઉપયોગ કરે છે (૧ કોરિંથી. ૧ : ૨૬-૩૦) દાખલા તરીકે અરણ્યમાં જ્યારે મેં પાંચ હજાર સ્ત્રીપુરુષોને તથા છોકરાંને પાંચ રોટલી તથા બે માછલી વડે જમાડીને તૃપ્ત કર્યાં, ત્યારે યાદ રાખો કે, મારા શિષ્યો તો ગભરાટ તથા મૂંઝવણમાં પડ્યા હતા. તેઓ તેમને ભૂખ્યા મોકલી દેવાની તૈયારીમાં હતા, કેમ કે તેઓ તેમને કંઈ જ મદદ કરી શકે એમ ન હતું. પણ એ ચમત્કારમાં મેં જે એક નાના છોકરાને પક્ષઘાતથી સાજો કર્યો હતો, અને જે મારા વચન પ્રમાણે વર્તવાને ઇંતેજાર હતો તેની મારફતે આ મહાન આશીર્વાદ આપ્યો (યોહાન ૬ : ૯). તેની ગરીબ માએ

તેને ત્રણ ચાર દિવસ ચાલે એટલી જવની રોટલી તથા માછલી એક કપડામાં બાંધી આપી હતી. જ્યારે રોટલીની શોધ કરવા માંડી, ત્યારે તે ગરીબ છોકરાએ પોતાની પાસે જે પાંચ જવની રોટલી તથા બે માછલી બાકી હતી. તે પ્રેરિતોના પગ આગળ મૂકી. જોકે કેટલાએક મોટા તથા શ્રીમંત માણસો પાસે તેના કરતાં વધુ સારો ખોરાક એટલે ઘઉંની રોટલી ન હતી એમ તો નહિ, પણ તેઓ તે આપી દેવા ખુશી ન હતા. પરિણામ એ આવ્યું કે, તે અપ્રસિદ્ધ છોકરાંની જવની જ રોટલી મારા આશીર્વાદને લીધે તે આખા સંઘને સારુ ઉત્તમ ભોજન થઈ પડી.

(૭) ગમે તેવા મહાન આશીર્વાદ તેમને આપ્યા છતાંયે, તેમ જ ચમત્કારિક રીતે તેમના પર ગમે તેવી મહેરબાની બતાવ્યા છતાંયે ઘણાં માણસો એટલા બધાં અનુપકારી નીવડે છે કે, તેઓ ઉપકારો ભૂલી જાય છે અને અનુપકારી રહે છે. તેવા પ્રકારના લોકો બીજાઓની સેવા તથા લાભનાં કાર્યોમાં કદી વપરાઈ શક્તા નથી. તેઓ તો આડત્રીસ વર્ષના માંદા માણસ જેવા છે. કોઈથી સાજો ન થાય એવા તેના રોગથી ચમત્કારિક રીતે મેં સાજો કર્યો, છતાંયે તે અનુપકારી થયો, અને મારા પર વિશ્વાસ તો ન કર્યો, પરંતુ મારું નામ સુદ્ધાંયે જાણવાની તસ્દી લીધી નહિ! (યોહાન ૫ : ૧૨, ૧૩). આવા માણસો તરફથી જગત કોઈ પણ પ્રકારની મદદની આશા શી રીતે રાખી શકે? વિધવા બાઈ જે પોતાની બધી ઉપજીવિકા (લૂક ૨૧ : ૨-૪) આપી દેવા તૈયાર હતી તેવાંઓની પાસેથી જ આશા રાખી શકે.

(૮) તમારી ફરજ બજાવતાં જો તમારા પ્રાણની આહુતિ આપવી પડે, તોપણ સેવા તથા તત્પરતાના આત્માથી તેમ કરો.

જેમ એક વિશ્વાસુ સિપાઈ, હિમ જેવી કકડતી ટાઢમાં, જે સ્થળે તેની પહેરેગીરની નોકરી બજાવવાની હતી, ત્યાંથી તેના બીજા સાથી ચોકીદારો સગડી આગળ તાપવા ગયા, છતાં તે પોતાની જગાએથી એક તસુ પણ નહિ ખસતાં ત્યાં ને ત્યાં જ ઊભો રહ્યો અને ટાઢથી ધ્રૂજીને એક પૂતળાની માફક ઠરીને મરી ગયો, તેમ તમારે ફરજ બજાવવી જોઈએ. રાજાએ આવીને જ્યારે તેના મૃતદેહને આવી કઢંગી તથા વિચિત્ર હાલતમાં ઊભેલો જોયો, ત્યારે તેણે પોતાના મસ્તક પરનો રાજમુગટ ઉતારીને પાંચ મિનિટ સુધી તેના માથા ઉપર મૂક્યો અને કહ્યું, 'આવા વિશ્વાસુ સિપાઈઓ તથા નોકરો મારા રાજ્યના મુગટ તથા શોભા ને તેજસ્વી તારાઓ છે. ખરે, જો આ માણસ જીવતો હોત, તો હું તેને મારા રાજ્યનો મુખ્યાધિપતિ બનાવત.' એવી જ રીતે જે જુદી જુદી જગાઓ હું મારા સેવકોને આપું છું, તેમાં તેઓએ વર્તવું જોઈએ, તેઓએ બહાદુરીથી તથા નમકહલાલપણે કામ કરવું જોઈએ. એવાને હું માત્ર ક્ષણિક તો નહિ, પરંતુ મારા અનંતકાળિક રાજ્યનો મુગટ પહેરાવીશ.

(૯) સેવાને સારુ પોતાને જે ઉત્તમ તક મળી છે, તેનો બેદરકારીપણાથી ખોટો ઉપયોગ કરવાને લીધે ઘણા તેમને મળનાર અનંતકાળિક બદલો ગુમાવી બેસે છે. હજીયે જો તેઓ જાગે અને જે થોડોઘણો વખત બાકી છે, તેનો સદુપયોગ કરે, તો તેઓને ફળ મળ્યા વગર રહેશે નહિ. તેઓ તો નદી કિનારા પર આવેલા કોઈ એક જંગલમાં રખડતા શિકારીના જેવા છે કે, જેને ફરતાં ફરતાં કેટલાએક કીમતી પથ્થરો હાથ લાગ્યા, પણ તેની કેટલી બધી કિંમત હતી એ ન જાણ્યાથી તેમને પોતાની ગોફણમાં ઘાલીને

નદી કિનારા પરના ઝાડ પર બેઠેલાં પંખીઓને તે મારવા લાગ્યો. આમ મારવામાં ને મારવામાં એક સિવાય બધા પથ્થરો નદી કે જ્યાંથી તેને કદી પાછા મળી શકે નહિ તેમાં ફેંકી દીધા. શહેરના બજારમાં જતાં જતાં તેણે પેલો બાકી રહેલો પથ્થર એક ઝવેરીને બતાવ્યો. તેને જોતાંની સાથે જ ઝવેરીએ તે મૂર્ખ માણસને કહ્યું, આ તો એક મૂલ્યવાન હીરો છે, અને તેની કિંમત હજારો રૂપિયા અંકાય તેમ છે. આ સાંભળીને તે માણસ માથું કૂટવા તથા રડવા મંડ્યો અને કહેવા લાગ્યો, "અફસોસ, તેમની કિંમત ન જાણતાં મેં મૂર્ખાએ કેટલા બધા હીરા ઝાડ પરના પંખીઓને ઉડાડવા સારુ નદીમાં નાંખી દીધા છે! જો હું તેમ ન કરત તો આજે કરોડાધિપતિ થાત. ખેર, આખરે એક બચ્યો, એ પણ ઠીક થયું." એ જ પ્રમાણે પ્રત્યેક દિવસ તે એક મૂલ્યવાન હીરા જેવો છે અને જોકે તમે તમારી ખોટી વાસનાઓરૂપી પક્ષીઓ મારવામાં તમારી ક્ષણિક નદીરૂપ જિંદગીમાં એવા કેટલાયે મૂલ્યવાન દિવસો નકામા કાઢ્યા છે, છતાંયે જે બાકી દિવસો છે, તેમનો સદુપયોગ કરો. તો તમને આત્મિક દોલત મળવાનો સંભવ છે. જેણે તેમને જિંદગી તથા મોતી આપ્યાં છે, તેની સેવા કરતાં કરતાં તમે બીજાંઓને તેમની ભૂલમાંથી તથા મરણમાંથી બચાવવા તેનો સદુપયોગ કરો તો આકાશમાં અનંતકાળિક બદલો મેળવી શકશો.

❖ ❖

# પ્રકરણ ૫મું

## વધસ્તંભ તથા તેના દુઃખનો ભેદ

### ભાગ ૧લો

**શિષ્ય** – ગુરુજી, વધસ્તંભનો શો અર્થ હશે? આ જગતમાં દુઃખ તથા વેદના છે, તેનું કારણ શું હશે?

**ગુરુજી** – (૧) વધસ્તંભ તો સ્વર્ગની કૂંચી છે. જે પળે મેં બાપ્તિસ્મા લીધું, તે પળથી જ મેં પાપી માણસોને માટે વધસ્તંભનો બોજો મારા શિર પર લઈ લીધો, ત્યારે એકાએક આકાશ ઊઘડ્યું. સાડીતેત્રીસ વર્ષ સુધીની મારી વધસ્તંભ દ્વારે તેમ જ વધસ્તંભ ઉપરના મારા મરણથી થતી સેવા દ્વારા જે આકાશ પ્રથમ માણસોને માટે પાપને લીધે બંધ હતું, તે સર્વ વિશ્વાસ કરનારાઓને સારુ ઉઘાડું મૂકાયું, હવે વિશ્વાસ કરનારાઓ, પોતાનો વધસ્તંભ ઊંચકીને અને મારી પાછળ ચાલીને એકદમ મારી મારફતે સ્વર્ગમાં પેસી શકે છે (યોહાન ૧૪ : ૬), અને એવાં અનંતકાળિક સુખો તથા આશીર્વાદો મેળવે છે, કે જે આ જગતના લોકો સમજી શક્તા નથી, કેમ કે આકાશ તેઓને સારુ બંધ કરેલું છે, અવિશ્વાસીઓનો અનુભવ તથા આશા માત્ર **આનંદ પછી દુઃખ** ભોગવવામાં જ છે, પરંતુ હું તો મારાં છોકરાંઓને **દુઃખમાંયે આનંદ** આપું છું, અને ત્યારબાદ અનંતકાળ સુધી ખરો આનંદ તથા વિસામો આપું છું. જેઓ મારો વધસ્તંભ ઊંચકે છે, તેમને વધસ્તંભ ઊંચા કરે છે, અને સદાકાળને માટે તેમને સ્વર્ગમાં દોરી લઈ જાય છે.

(૨) ગરમ મુલકમાં રહેનારાને ઠંડી, તથા ઠંડા મુલકમાં રહેનારને ગરમી માફક આવતી નથી, તેમ જ સારામાઠા સ્વભાવ અને કામની પણ વાત છે. સૂર્ય તથા પૃથ્વીના સંબંધ ઉપર ગરમી

તથા ઠંડીનો આધાર રહેલો છે. એ જ પ્રમાણે માણસ પોતાની સ્વતંત્ર બુદ્ધિ વડે જે જે કર્મો કરે છે, તેને લીધે તેનો દેવની સાથે સહકાર કે અસહકારનો સંબંધ બંધાય છે. માણસની આત્મિક તંદુરસ્તી તથા સુખાકારીને સારુ દેવે નિયમો આપ્યા છે. તે કાયદા (હુકમ)નો ભંગ કરવાથી આત્મિક માંદગી તેમ જ દુ:ખ અને નાદુરસ્ત તબિયત વગેરે આવે છે. દેવે તે અસહકાર તથા અડચણો કાઢી નાખવાને બદલે તેમને વધારે સારા રૂપમાં ફેરવી નાખ્યાં છે, એટલે કે આ દુ:ખ તથા હાનિકારક સ્થિતિઓ માણસને એવું સૂચન કરે છે કે, એને સારુ જ દેવે તેને આ પૃથ્વીમાં ઉત્પન્ન કર્યું નથી, પરંતુ આ દુનિયા તો પરદેશ છે (૨ કોરિંથી ૫ : ૧, ૨, ૬), અને અક્ષય તથા અનંતકાળિક ઘરની તૈયારી કરવાની એક સ્થિતિ છે. તે બેદરકાર રહીને કે પોતાના હૃદયમાંથી ખરાં વાનાં વીસારી દઈને આ ક્ષણિક જગત સાથે નાશ ન પામે, માટે આ દુ:ખોના દબાણને લીધે તે હંમેશ ચેતતો જ રહે છે. તે પોતાના સરજનહારની સંગતમાં રહીને અને આ ક્ષણિક જિંદગીનાં દુ:ખ તથા સંકટમાંથી બચી જઈને સદાસર્વકાળ સુધી સ્વર્ગનાં અનંતકાળિક સુખો તથા આનંદમાં પ્રવેશ કરે છે.

(૩) સંકટ તથા દુ:ખ જો કે બહુ કડવાં તથા ઝેર જેવાં લાગે છે, પરંતુ કોઈ કોઈ વખત ઝેરનું ઓસડ ઝેર જ હોય છે, એ વાત ભૂલી જવી જોઈતી નથી. એ જ પ્રમાણે હું પણ વારંવાર મારા વિશ્વાસુ સેવકો તથા સેવિકાઓને દુ:ખ તથા કડવાં ને ઝેરી ઓસડસમ સંકટ મારફતે આત્મિક તંદુરસ્તી તથા બળ આપું છું. પછી સંપૂર્ણ તંદુરસ્તી મળતાંની સાથે જ સર્વકાળને માટે બધાં દુ:ખ તથા સંકટોનો અંત આવે છે. તેઓના દુ:ખમાં મને કંઈ જ આનંદ હોતો

નથી (યિર્મે. વિલાપ ૩ : ૩૧-૩૩). એમાં મારો મૂળ હેતુ તો તેમનું આત્મિક સુખ જ છે.

(૪) જેમ ધરતીકંપના આંચકાથી ઘણાં સૂકાં અરણ્યોમાં મીઠા પાણીના પ્રવાહો વહેતા થઈને ઘણી ઉજ્જડ તથા વેરાન જગાઓ ખેડાણ તથા બાગાયતી પાક માટે લાયક થાય છે, તેમ દુઃખરૂપી આંચકાથી માણસમાંથી જીવતા પાણીના ઝરા ફૂટવા માંડે છે. પછી કચકચ કરવાને બદલે તે ઉપકારી તથા આનંદી થાય છે (ગીત ૧૧૯ : ૬૭, ૭૧).

(૫) બાળકનાં કરચલી વળી ગયેલાં ફેફસાં કામ કરતાં થાય તથા છૂટથી શ્વાસોચ્છ્વાસ લઈ શકે, માટે માતા જન્મ આપે કે તરત જ બાળક રડે તથા ચીસ પાડે એ જરૂરનું છે. પોતાની નવી જીવનાવસ્થામાં પ્રવેશ કરતાં જો તે રડે નહિ, તો તેને ટપલી મારીને રડાવવું પડે છે. એવી જ રીતે શુદ્ધ પ્રેમમાં હું દુઃખ તથા વેદનારૂપી ટપલી વડે મારા છોકરાંને વારંવાર રડતાં કરું છું કે, તેમના આત્મિક ફેફસાં વિકાસ પામે ને તેઓ પ્રાર્થનારૂપી શ્વાસોચ્છ્વાસ છૂટથી લેતાં થાય, તેમ જ નવું જીવન પામી સદાસર્વકાળ સુધી જીવે.

(૬) વધસ્તંભ તો કોટલા જેવો છે. તેની બહારની છાલ કડવી છે, પરંતુ તે સ્વાદિષ્ટ તથા પૌષ્ટિક ગરથી ભરેલો છે. બહારથી જોઈ શકાય એવી સુંદરતા તથા સારાપણું તેમાં નથી, પરંતુ વધસ્તંભ ઉંચકનારાઓને જ તેનું ખરું સ્વરૂપ દેખાય છે, અને આત્મિક સ્વાદ તથા શાંતિથી ભરેલો ગર તેમાં જડે છે.

(૭) જ્યારે હું દેહધારી થયો, ત્યારે મેં માનવજાતના મોક્ષાર્થે માત્ર છ કલાક સુધી જ વધસ્તંભ વેઠ્યો એમ નથી, અથવા તો

મારી સેવાના સાડાત્રણ વર્ષ સુધી જ નહિ, પરંતુ માણસજાત પાપની કડવાશ તથા તેની સખતાઈમાંથી બચે એ માટે મારી જિંદગીનાં સાડીતેત્રીસ વર્ષ સુધી મેં આકરો વધસ્તંભ સહન કર્યો છે. સ્વચ્છ માણસ થોડી વાર સુધી પણ ગંદી તથા ગંધાતી જગામાં રહી શક્તો નથી, તેમ જેઓ મારી સંગતમાં રહે છે, તેઓને આ પાપના ડાઘાવાળી દુનિયામાં રહેવું બહુ અઘરું લાગે છે, એટલા જ માટે કેટલાએક પ્રાર્થનિક માણસો પાપની દુર્ગંધથી કંટાળી જઈને દુનિયાનો ત્યાગ કરીને જંગલો તથા ગુફાઓમાં જઈને રહે છે. આ વાત ખૂબ ધ્યાનમાં રાખો કે, માણસને મુક્તિ મળ્યા પછી પાપની કડવાશની એટલી બધી દુર્ગંધ આવવા માડે છે કે, તેને પોતાના સાથી માણસો સાથે થોડો વખત રહેવું પણ મુશ્કેલ લાગે છે. કેટલાએક ને તો તેઓમાં વસવું જરાયે ગમતું નથી. તો હું જે પવિત્ર તેમ જ પવિત્રાઈનું મૂળ છું તે જ્યારે લાગલગાટ તેત્રીસ વર્ષ કરતાં વધારે પાપી માણસોમાં અને તેઓના સહવાસમાં રહ્યો, તેને વધસ્તંભ કેટલો કડવો તથા અઘરો લાગ્યો હશે! આ બાબત ખરી રીતે સમજવી તથા તેની કિંમત કરવી એ માનવી સમજની બહાર છે. અરે, દૂતો પણ આનો ભેદ સમજવા બહુ આતુર છે (૧ પીતર ૧ : ૧૨), કારણ કે દેવ પ્રીતિ છે, એ વાત સર્વ સરજાયેલાં કરતાં તેઓ વધારે સ્પષ્ટ રીતે જાણે છે. વળી એથીયે વધારે ચમત્કારિક તથા અચંબાની વાત તો એ છે કે, દેવનો પ્રેમ એવો તો અદ્‌ભુત હતો કે, પાપી માણસોને બચાવવા સારુ તે પોતે દેહધારી થયો અને તેઓને અનંતકાળિક જીવન મળે માટે તેણે વધસ્તંભનું આવું કડવું દુઃખ સહન કર્યું.

(૮) જો કે હું ઉત્પન્નકર્તા અને તેઓ ઉત્પન્ન કરેલાં છે, તોપણ જેઓ મારાં છે અને મારામાં રહે છે, તેઓના વધસ્તંભમાં હું ભાગ લઉં છું, અને તેઓનાં દુઃખ તરફ લાગણી ધરાવું છું (પ્રે. કૃ. ૯ : ૪). જેમ શરીર તથા આત્મા બે જુદી જુદી વસ્તુઓ છતાં તેઓ એવી રીતે જોડાયેલાં છે કે, જાણે એક જ વસ્તુ હોય. કોઈ નજીવા ભાગને જરા પણ દુઃખ થાય કે તરત જ આત્માને તેની ખબર થાય છે. એ જ પ્રમાણે મારાં છોકરાં, મારું શરીર તથા મારા અવયવો હોવાથી હું તેમનો જીવ તથા આત્મા છું, માટે તેમનાં દરેક દુઃખ તથા વેદનાની મને ખબર પડે છે, અને યોગ્ય વખતે હું તેમને મદદ કરું છું તથા તેમાંથી મુક્ત કરું છું.

(૯) હું પોતે અગ્નિમાં (નિર્ગ. ૩ : ૨-૬) હતો, અને પોતે વધસ્તંભ ઊંચકનાર હોવાથી, જેઓ સંકટરૂપી આગથી ઘેરાયેલાં હોય, તેમને સંરક્ષણ આપવા શક્તિમાન છું (દાની. ૩ : ૨૩, ૨૫ અને ૧ પીતર ૪ : ૧૨, ૧૩). આગના ભડકા ગમે તેવા ઉગ્ર હોય, તોયે જેમ આગના કીડા મરતા નથી, તેમ જેઓને પવિત્ર આત્મારૂપી બાપ્તિસ્મા તથા નવો જન્મ મળ્યાં છે, તેઓને કોઈ પણ પ્રકારનો અગ્નિ કંઈ જ ઇજા કરી શક્તો નથી, કેમ કે તેઓ મારામાં સદા સર્વકાળ સુધી સહીસલામત તથા નિર્ભય છે.

## ભાગ ૨જો

(૧) જેમ અતિશય ટાઢને લીધે પાનખર ઋતુમાં ઝાડ પરનાં પાંદડાં ખરી જતી વખતે ઝાડનું જીવન જાણે કે સદાને માટે અદશ્ય થતું જણાય છે, પરંતુ વસંત ઋતુ બેસતાં જ નવાં પાંદડાં તથા મોર આવવા લાગે છે અને ફળો પણ લાગવા માંડે છે, તેમ મારું વધસ્તંભ પરનું મરણ તથા પુનરુત્થાન છે. વળી એકલા મારા

સંબંધમાં જ નહિ પરંતુ સઘળા વિશ્વાસુ વધસ્તંભ ઊંચકનારાઓના સંબંધમાં પણ તેમ જ છે (૨ કોરિંથી. ૪ : ૮-૧૧, ૬ : ૪-૧૦). જો કે વધસ્તંભ નીચે તેઓ કચડાઈ જાય અને મૂએલા જેવા જણાય, તોપણ પુષ્કળ સુગંધી સુંદર મોર અને અનંતજીવનરૂપી સ્વાદિષ્ટ તથા મહિમાવાન ફળો લાવે છે. એ ફળો સદાસર્વકાળ સુધી રહે છે.

(૨) કડવું ઝાડ મીઠું તથા સ્વાદિષ્ટ ફળ લાવતું થાય, માટે તેને કલમ કરતી તથા કાપતી વખતે, કડવા તથા મીઠા ઝાડને સરખું જ દુઃખ સહન કરવું પડે છે. એ જ પ્રમાણે માણસને નાશકારક, ઝેરી તથા કડવા જીવનમાંથી આત્મિક તથા પવિત્ર જીવનમાં કલમ કરતી વખતે મારે તથા મારા પર વિશ્વાસ કરનારાઓને વધસ્તંભનું દુઃખ સહન કરવું જરૂરનું છે, એ માટે કે પછી તેઓ પુષ્કળ સ્વાદિષ્ટ ફળો લાવે અને એમ કરીને દેવનો મહિમા તથા પ્રેમ પ્રગટ કરી શકે.

(૩) જો જગતમાં લોકો તમને સતાવે તથા તમારી નિંદા કરે તો તેથી નિરાશ કે અજાયબ થાઓ નહિ, કેમ કે જગત તમારું વિશ્રામસ્થાન નથી, પરંતુ રણસંગ્રામ છે. તેથી ઊલટું જ્યારે માણસો તમારું સારું બોલે, ત્યારે તમને અફસોસ (લૂક ૬ : ૨૬), કારણ કે એથી તો તમે તેની ખોટી રીતો તથા તેમના આડા માર્ગો ગ્રહણ કર્યા છે એવું બતાવો છો. તેઓ મારાં છોકરાંને મદદ કરે તથા વખાણે એ તેમના સ્વભાવની વિરુદ્ધ છે. કેમ કે અજવાળા તથા અંધારાનો મેળ કદી હોતો જ નથી. અને જો કે વખતે તેઓ પોતાના સ્વભાવ વિરુદ્ધ માત્ર બહારથી તમને દેખાડવા પૂરતું જ તેમ કરે, તોપણ હાનિકારક છે. કારણ કે તેથી તમારી આત્મિક વૃદ્ધિમાં અટકાવ થશે, અને તમારી આત્મિક સેવામાં ફેર પડશે.

આ ઉપરાંત જગત તથા જગતના લોકો ઉપર આધાર રાખવો તે રેતી ઉપર પાયો નાખવા જેવું છે, કારણ કે આજે તેઓ તેમને માથે ચઢાવશે અને આવતી કાલે તમને એવા તો પટકી નાખશે કે તમારું નામનિશાન પણ નહિ રહે. કેમ કે જગતનું બધું જ અનિશ્ચિત છે, તથા અધાર રાખવા જેવું નથી. મહાન જયવાન પ્રવેશને સમયે યરુશાલેમમાં જતી વખતે લોકોએ એકે અવાજે 'હોસાના, હોસાના' (માથ્થી ૨૧ : ૯) બૂમો પાડ્યા જ કરી અને કેવળ ત્રણ દહાડા પછી જ મારા શબ્દો તેમનાં સ્વાર્થી તથા પાપી જીવનની વિરુદ્ધ જોઈને તેઓ બધા બદલાઈ ગયા, અને "તેને વધસ્તંભે જડાવ, તેને વધસ્તંભે જડાવ" (લૂક ૨૩ : ૨૧), એવી બૂમો પાડવા લાગ્યા.

(૪) જો કેટલાક અવિશ્વાસીઓ ગેરસમજથી તમને ઊલટા થાય અને તમને સતાવે, તોપણ તમારે તેને તમારો સારો બદલો ગણવો જોઈએ, કારણ કે યાદ રાખો કે, જો તમે તમારી ફરજ આત્માના દોરવ્યા મુજબ વિશ્વાસુપણે તથા ન્યાયીપણે બજાવો છો, તો દેવ પોતે તેમ જ આકાશી સૈન્ય તથા દૂતો અને પવિત્ર સંતો તમારા પક્ષમાં છે, માટે નિરાશ ન થાઓ, કેમ કે સમય પાસે છે. બધાં ઉત્પન્ન કરેલાંઓની સમક્ષ તમારો નિઃસ્વાર્થી પ્રેમ તથા તમારા સારા નિશ્ચયો પ્રગટ કરવામાં આવશે, અને તેઓની રૂબરૂ તમારા પ્રેમનું વેતન અને સેવાનાં કામોનો બદલો એટલે અનંતકાળિક મહિમા મેળવવા ભાગ્યશાળી થશો.

મારે પોતાને પણ માનવજાતના તારણને સારુ સઘળું તજવું પડ્યું હતું, અને સઘળાંએ મને તજ્યો હતો. પરંતુ આખરે મેં બધું પુનઃ પ્રાપ્ત કર્યું. જગત જો તમને તજી દે, તો તેમાં કાંઈ નવાઈ

પામવા જેવું નથી, કેમ કે તેણે દેવને પણ તજી દીધો છે. એવા સંજોગોમાં તમે તમારા આકાશવાસી પિતાનાં ખરાં છોકરાં થઈ શકો છો.

(૫) માટે જેઓ જગિક વાનાંમાં આબાદ થતાં જાય છે, અને સઘળા એશઆરામમાં પોતાનું જીવન વ્યતીત કરે છે, તેઓ બધા દેવના ભક્તો છે, એવું ધારતા ના. કારણ કે ખરી વસ્તુસ્થિતિ તો વારંવાર એથી ઊલટી હોય છે, જે ઘેટાં, ભરવાડ તથા ઘરથી દૂર ભટકી જઈને લાંબા વખત સુધી લીલો ચારો ચરે છે, તેઓ રાની તથા જંગલી પશુઓના ભયમાં હોય એ સ્વાભાવિક છે, અને તેઓ કોઈક દિવસ તેમના હાથથી જ ફાડી ખવાશે એ પણ બનવા જોગ છે. જે ઘેટાં ઘર પાસે તથા ભરવાડના આશ્રય હેઠળ છે, તેઓ વખતે માંદાં તથા દુબળાં દેખાય, છતાંયે ભરવાડની સંભાળને લીધે સઘળા ભય તથા સંકટથી મુક્ત હોય છે. વારંવાર જગતમાં વિશ્વાસીઓ તથા અવિશ્વાસીઓના સંબંધમાં પણ એમ જ બને છે.

(૬) શરૂઆતમાં તો વિશ્વાસીઓ તથા અવિશ્વાસીઓના જીવનમાં કંઈ દેખીતો ફેરફાર જણાતો નથી, પણ જ્યારે ઠરાવેલો વખત આવે છે, ત્યારે રેશમના કીડા તથા સાપની વાતની માફક મહાન બદલાણ તથા ફેરફાર દષ્ટિગોચર થાય છે. જો કે સાપ પોતાની કાંચળી વારંવાર ઉતારી નાખે છે, તોપણ તે આખરે તો સાપનો સાપ જ રહે છે, અને તેના સ્વભાવમાં કંઈ જ ફેરફાર થતો નથી, પરંતુ રેશમનો કીડો કઢંગા તથા બારીક કોશેટાનો ત્યાગ કરે છે, ત્યારે બહુ જ સુંદર પતંગિયું થાય છે, અને હવામાં ચારે બાજુ ઊડતું ફરે છે. એ જ પ્રમાણે, વિશ્વાસી આ દેહનો ત્યાગ કર્યા પછી મહિમાવાન આત્મિક સ્થિતિમાં સર્વકાળ સુધી

આકાશમાં ઊડ્યા કરે છે, જ્યારે પાપીના મરણ પછી એ કોઈ પણ પ્રકારના ફેરફાર વિના પહેલાંના જેવો પાપી ને પાપી જ રહે છે (પ્રકટી. ૨૨ : ૧૧).

જો કે રેશમના કીડાના પતંગિયાને કોશેટાની અંદરના ભાગમાં બહુ પ્રયત્ન કરવા પડે છે અને બહુ જબર યુદ્ધ કરવું પડે છે, અને વધસ્તંભના જેવો કંઈક અનુભવ તેને વેઠવો પડે છે, છતાંયે દુઃખ તથા વેદનાનો આ અનુભવ તેની પાંખોને વધુ બળવાન બનાવીને તેની ભવિષ્યની જિંદગીને સારુ તેને તૈયાર તથા શક્તિવાન કરે છે, એમ જ મારાં છોકારાં આત્મિક રણસંગ્રામમાં અને દેહના યુદ્ધમાં નિસાસા નાખે છે અને તેમના ઉદ્ધારની આતુરતાથી વાટ જુએ છે (રૂમી. ૮ : ૨૩), પરંતુ વધસ્તંભના આ અનુભવ વડે હું તેમને વધારે બળવાન તથા લાયક કરું છું, અને તેની ભવિષ્યની સદા સર્વકાળની જિંદગીને સારુ પૂર્ણ તૈયારી કરવાનો વખત તથા શક્તિ આપું છું.

(૭) તેમના આત્મિક યુદ્ધ તથા વધસ્તંભના આ અનુભવમાં તેઓ નિરાશ ન થાય, માટે હું વારંવાર તેમને મનની ખરી તથા ચમત્કારિક શાંતિ આપું છું. દાખલા તરીકે, કોઈ એક વિશ્વાસુ પ્રાણાર્પણ કરનારને તેને હોઠોથી મારી સાક્ષી આપવાને લીધે દોરડા વડે તેના પગ બાંધીને ઊંધે માથે લટકાવીને ઝાડ પર ટાંગ્યો, ત્યારે તેના મનને દુઃખ થવાને બદલે એટલી તો શાંતિ મળી કે, શરમ લાગવાને બદલે ઊલટું તેણે પોતાના દુશ્મનોને નીચે પ્રમાણે કહ્યું, ‘જે બધી ઘાતકી વર્તણૂક તમે મારા પ્રત્યે ચલાવો છો તેને લીધે હું કોઈ પણ રીતે નાસીપાસ કે અજાયબ થતો નથી. જગત તથા તેના લોકો તરફથી એ સિવાય બીજા કશાની આશા રાખી શકાય નહિ, કેમ કે જગત તથા તેમનાં

સઘળાં કામો અવળાં જ છે, અને જે કંઈ ખરું તે તેનાથી ખમી શકાતું નથી, માટે જ તમે હાલ મને વાજબી તથા ખરાને તમારી કુટેવને લીધે ઊંધે માથે લટકાવ્યો છે. પરંતુ યાદ રાખજો કે, ખરી રીતે જોતાં તો હું ઊંધો કરાયો પણ સ્થિર ઊભો રહ્યો છું. કેમ કે જેમ મેજિક લેન્ટર્નમાં છબીને ઊંધી મૂકે છે, ત્યારે જ પડદા પર તેનું પ્રતિબિંબ સીધું તથા બરાબર પડે છે, એમ જ જગતની નજરે હું જો કે ઊંધે માથે લટકાવાયો છું, પરંતુ દેવ તથા આખા સ્વર્ગની નજરે તો હું સદાકાળ સુધી એકદમ સીધો દેખાઉં છું, અને આ મહિમાવાન વધસ્તંભ (દુઃખ)ને માટે હું પ્રભુનો ઉપકાર માનું છું.'

કેટલાએક વિશ્વાસીઓને માટે તો એકદમ ધર્માર્થે મરી જવું અને મારે નામે ધર્માર્થે પ્રાણ આપવો એ સહેલું છે. પરંતુ મારે એ જીવતાં છતાં દરરોજ, મરનારા, અને સ્વનકાર કરનારા તથા બીજાઓને બચાવતાં પ્રાણત્યાગ કરનારાઓની જરૂર છે (૧ કોરિંથી. ૧૫ : ૩૧). એક રીતે જોતાં મારે માટે મરવું સહેલું છે, પણ મારે માટે જીવવું બહુ કઠણ છે, કારણ કે પાછલી રીતે એકી વખતે મરવું એ નહિ, પણ દરરોજ મરવું એ જરૂરનું છે. જેઓ હમણાં મારા નામને લીધે મરવા તૈયાર છે, તેઓનો આનંદ પૂર્ણ થાય માટે મારા મહિમામાં તેઓ સર્વકાળ સુધી જીવતાં રહેશે.

(૯) જો દુઃખ, કષ્ટ, વેદના તથા સંતાપ ધૂમસની માફક ચઢે અને ન્યાયીપણાના સૂર્યને વાદળનું રૂપ ધરીને થોડા સમય સુધી ઢાંકવાનો પ્રયત્ન કરતાં દેખાય, તોપણ નિરાશ ન થાઓ, કારણ કે અંતે દુઃખનાં આ વાદળ અપાર આનંદ તથા આશીર્વાદોનો વરસાદ તમારા પર વરસાવશે, અને સદાસર્વકાળ સુધી તમારા ન્યાયીપણાનો સૂર્ય પ્રકાશશે (યોહાન ૧૬ : ૨૦, ૨૨).

❖ ❖

# પ્રકરણ ૬ઠ્ઠું

## સ્વર્ગ અને નર્ક

### ભાગ ૧લો

શિષ્ય – પ્રભુ, સ્વર્ગ અને નર્ક ક્યાં છે અને કેવાં છે?

પ્રભુ – (૧) સ્વર્ગ અને નર્ક એ આત્મિક જગતમાં માત્ર બે સ્થિતિ છે, અને તેઓનો પાયો માણસના અંતઃકરણમાં છે. તેની શરૂઆત આ જગતમાંથી જ થાય છે. જેમ માણસ પોતાનો આત્મા જોઈ શક્તો નથી, તેમ તે આ બે આત્મિક સ્થિતિ પણ જોઈ શકતો નથી. તેને માત્ર તેની લાગણી જ થાય છે, ને અસર જાણે છે. જેમ ફટકો પડતાં દુઃખનો અનુભવ તત્કાળ થાય છે, અને મીઠાઈ ખાતાં તત્કાળ તેની મીઠાશ માલૂમ પડે છે, તેમ જ આ નર્ક-સ્વર્ગની સ્થિતિના અનુભવનું પણ છે. કેટલીક વખતે ફટકાનું દુઃખ પાછળથી વધે છે, અને ભારે પીડા થાય છે, અને મીઠાઈનો સ્વાદ તરત સમજાય છતાં તેની મળનારી શક્તિ તો તે પાચન થયા પછી જ આવે છે, તેમ જ પાપનું દુઃખ અને તેનો કલેશ કે ભલાઈનો આનંદ અને મઝા તેની ક્રિયા વખતે ઓછાંવત્તાં અનુભવાય છે, પરંતુ ખરેખરી રીતે તેની સંપૂર્ણ શિક્ષા કે તેનું ખરું ઇનામ તો આત્મિક જગતમાં જ મળે છે.

(૨) જ્યાં સુધી માણસ આ દુનિયામાં છે, ત્યાં સુધી તે કશાથી સંતોષી થતું નથી, પણ તેથી ઊલટું તેની આસપાસની સર્વ વસ્તુઓમાં અને વાતાવરણમાં તે કંઈ ને કંઈ ફેરફાર જોવા ઇચ્છે છે. આ ખુલ્લું બતાવી આપે છે કે, તેને આ ક્ષણભંગુર અને બદલાતા જગતમાં સંતોષ મળતો જ નથી. અને તેથી જ એ તે બદલનાર વસ્તુની શોધમાં રહે છે. પણ જ્યારે તેને મારામાં

પોતાની ઈચ્છિત વસ્તુ મળે છે, ત્યારે તેની સર્વ તૃષ્ણા લોપ થાય છે, કારણ કે મારી સાથે સંપૂર્ણ સંગતમાં અને આનંદમાં રહ્યા પછી અસંતોષી રહેવાય એવું બનતું જ નથી. ખરી અને સાચી શાંતિ મેળવવી એ જ માણસના આત્માનું ઈચ્છિત ધ્યેય છે.

કેટલીક વેળા એવું બને છે કે, કશા પણ ઈરાદા કે ઈચ્છા કે વિચાર વગર એકાએક માણસને સુખ કે દુઃખની લાગણી થઈ આવે છે. આ બિના આત્મિક કે આંતરિક જગતના સ્પર્શરૂપ છે. કહેવાનો મતલબ એ છે કે, માણસના અંતઃકરણ ઉપર વખતોવખત આવી છાયાઓ આવી પડે છે, અને ધીરે ધીરે તે અસરો ચિરસ્થાયી બની રહે છે. એટલે જો સારી ભાવનાઓને જ પોષ્યા કરે, ને તેના સંબંધમાં રહે, તો તેનું વાતાવરણ સ્વર્ગીય જ બની રહે છે. અને જો ભૂંડી ભાવનાઓને પોષ્યા કરે, કે તેના સંબંધમાં રહે, તો નર્કના વાતાવરણનો તે ભોગી થઈ રહે છે. એમ તે જેવું પસંદ કરે, તેવું તે પામે છે, અને તેમાં જ ખીલતો ને વધતો જતાં સ્વર્ગનો કે નર્કનો અધિકારી સદાને માટે બની રહે છે. એમ સ્વર્ગ કે નર્કની શરૂઆત માણસના અંતઃકરણમાં આ જગતમાં અને આ જીવનમાં થાય છે, અને મરણ પછી તે પોતાની પસંદ કરેલી સ્થિતિમાં સદાના ભોગવટા માટે પ્રવેશ કરે છે.

(૩) કેટલાક લોકો એમ કહે છે કે, ઈચ્છા એ જ માણસના બંધનનું કારણ છે, માટે તારણ પામવા સારુ ઈચ્છાનો નાશ કરવો જોઈએ, અને સ્વર્ગમાં કે ઈશ્વરમાં આનંદ મળશે એવી વાંછના સુદ્ધાં ન રાખવી જોઈએ. કોઈ તરસે વલખાં મારતા માણસને કહેવું કે, તું તારી તરસને મારી નાખ, એ કહેવામાં જેટલી મૂર્ખાઈ છે, તેટલી મૂર્ખાઈ ઉપલા વિચારમાં પણ છે. કારણ કે તરસની

ઈચ્છા તો આ જીવનનો એક ધર્મ છે, અને તેને સંતોષવા કે તૃપ્ત કરવાને માટે મારી નાખવાનું કહેવાનું એટલે જીવનનો જ અંત આણવાનું કહેવા જેવું થયું. આનું નામ તો મોક્ષ કે તારણ નહિ, પરંતુ મરણ કહેવાય. એટલા માટે જેમ તરસ એ પાણી માગે છે, અને પાણી જેમ તરસ મટાડે છે, તેમ જ આત્મિક જીવનમાં પણ ઈચ્છા એ ખરો આનંદ અને ખરી શાંતિ માગે છે. જેણે માણસમાં ખરી ઈચ્છા ઉત્પન્ન કરી છે, તેવા ઈશ્વરને જ્યાં માણસનો આત્મા પામી લે છે, ત્યારે તરસ્યા માણસને જેમ પાણીથી સંતોષ વળી જાય છે, તે કરતાં પણ મહા મોટો સંતોષ અને આનંદ માણસને મારામાં મળે છે. આનું જ નામ સ્વર્ગ છે.

આ જગતમાં કેટલાક માણસ તો પાણીના મહાસાગરમાં છતાં તરસે મરી જાય, તેના જેવા છે. માણસ તરસ્યો છતાં મહાસાગરનું ખારું પાણી તેની તરસ છીપાવીને તેને બચાવી શક્તું નથી. ઊલટું ડૂબ્યાથી તે તેનો ભોગ થઈ પડે છે. એવી જ રીતે સત્ય, જીવન અને પ્રેમના મહાસાગરમાં છતાં માણસની પાપરૂપી ખારાશ તેમાં ભળ્યાંથી તે તરસે મરણ પામે છે. પરંતુ જો પાપી પસ્તાવો કરે અને મારી પાસે આવે, તો મારા પ્રેમરૂપી મહાસાગરમાંથી જીવતું પાણી વહી નીકળશે, ને તેને તેથી ઘેરી લેશે, ને તેની તરસ છીપાવી અનંત જીવન-અનંત વિસામો આપશે. કારણ કે તેના પર તે પ્રેમ કરે છે. આનું જ નામ સ્વર્ગ છે.

(૫) કેટલીક વાર લોકો મારાં છોકરાંની સંગત અને સૂચનાથી સ્વર્ગ તરફ મોં કરે છે અને તેને માટે આતુર થાય છે. પરંતુ જગતના મોહ અને પ્રેમરૂપી ગુરુત્વાકર્ષણથી પાછા નીચે ખેંચાય છે અને ડૂબીને મરણ પામે છે, ને નર્કના અધિકારી થાય છે. પરંતુ

જો કોઈ સાચો પસ્તાવો કરે છે અને મારા પર જ આધાર રાખી બેસે છે, તેના હૃદયમંદિરને હું પ્રેમથી અને ચાબખાથી સારું કરું છું અને મારે વસવા લાયક બનાવું છું, બલકે સ્વર્ગ બનાવું છું. જગતનાં માન, મહિમા અને રાજ્યવૈભવ વિષે ઈતિહાસ આપણને શીખવી રહ્યો છે કે, આજે એક રાજા એ સર્વથી વિભૂષિત થયેલો હોય છે- તે કે તેમાંનું કંઈ કાલે હોતું નથી, પરંતુ જે ઈશ્વરના રાજ્યનાં છોકરાં છે, તેઓનાં માન, મહત્ત્વ કે મહિમાનો મુગટ સર્વકાળ ટકે છે. રાજ્યનો કે તેના ગૌરવનો અથવા સ્વર્ગનો કદી અંત આવતો જ નથી.

(૬) પોતાની ઈચ્છા તૃપ્ત કરવાને અને આનંદ વધારવાને પાપીઓ બીજાના આનંદ ભંડારમાંથી ચોરી કરે છે. એથી જ ધાર્મિક કે અધાર્મિક સૌ પોતાનાં ઘરોને તાળાં દે છે. જ્યાં સુધી માણસ પોતાના ઉત્પન્નકર્તાને પોતાનું હૃદય નહિ સોંપે, ત્યાં સુધી તાળાં રહેવાનાં છે. પરંતુ હૃદયદ્વાર આગળ ઊભો રહીને જે ઠોકે છે (પ્રકટી. ૩ : ૨૦), તેને સારુ હૃદયદ્વાર ઉઘાડવામાં આવશે, ત્યારે અંતઃકરણના સર્વ હેતુઓ અને તેની ઈચ્છા પૂરી કરવામાં આવશે. ત્યારે જ એકબીજાનું ચોરી કરવાને બદલે કે નુકસાન કરવાને બદલે સૌ પ્રેમભાવે એકબીજાની સેવા કરશે, જ્યારે તેઓ ઈશ્વરપિતાના કાનૂનોને આધીન થશે, ત્યારે પ્રેમના સંબંધમાં રહીને તેઓ સમગ્રપણે એકબીજાના હિતને સારુ સેવા કરશે. આ સેવામાં તેઓને અજાયબ પ્રેમ અને અનહદ આનંદ દેખાશે. આનું જ નામ સ્વર્ગ છે.

(૭) પાપીઓને નર્કથી છોડાવીને સ્વર્ગમાં લાવવા માટે જ્યારે હું આદમપુત્રોને સારુ વધસ્તંભ પર મારો જીવ આપતો

હતો, ત્યારે ત્રણ જણ વધસ્તંભે જડેલા હતા. પરંતુ અમારા દરેકની મનોદશામાં ફેરફાર હતો. મારે ડાબે તથા જમણે પડખે જે ચોરો જડાયેલા હતા, તેમાંના એકે પોતાનું હૃદય મારા તરફ બંધ કર્યું, પરંતુ બીજાએ પૂર્ણ પસ્તાવા સહિત પોતાનું હૃદય મને સોંપ્યું. એથી પેલો પોતાના પાપમાં મૂઓ અને બીજો મારી સાથે પારાદૈસમાં પેઠો, અને નવું જીવન પામ્યો (લૂક ૨૩ : ૩૯-૪૩). આ પારાદૈસ કંઈ મરણ પછી પ્રાપ્ત થનારી સ્થિતિ નથી, પરંતુ જ્યારે માણસ હજી આ દુનિયામાં હોય છે, ત્યારથી જ તે શરૂ થાય છે. જગત આ સ્થિતિ સમજી કે જોઈ શક્તું નથી (લૂક ૧૭ : ૨૧). સત્યને ખાતર પ્રાણ અર્પણ કરનાર મારા એક વિશ્વાસુ સેવકને જ્યારે તેઓ વિધવિધ પ્રકારની પીડાથી રિબાવી રહ્યા હતા, ત્યારે તેણે પોતાના સતાવનારાઓને કહ્યું કે, 'મારા અંતઃકરણમાં કેટલી શાંતિ અને કેટલો આનંદ છે, તે જગત કદી પણ મારી પાસેથી છીનવી લઈ શક્તું નથી, એ જો હું મારું અંતઃકરણ ફાડીને તમને બતાવી શકત, તો કેવું સારું! કેમ કે ત્યારે તો તમને તેના ખરા રહસ્યનું ભાન થાત. પરંતુ આ તો ગુપ્ત રાખેલું માન્ના છે, જે બતાવી કે જોઈ શકાતું નથી. આ જાણીને પેલા સંતના મરણ પછી એ મૂર્ખાઓએ તેનું અંતઃકરણ ફાડીને જોયું, તો માંસના લોચા સિવાય બીજું કશું જ દેખાયું નહિ. આ સ્વર્ગ અને આનંદ તો તેના પામનારા જ જાણી શકે છે, ને તેનું રહસ્ય પણ સમજી શકે છે.

(૮) અવતાર ધરતાં જે માતાના ઉદરમાં મેં નિવાસ કર્યો તે માતાના ઉદર કરતાં જે અંતઃકરણમાં હું વાસો કરું છું, ને તેને સ્વર્ગ બનાવું છું તે અંતઃકરણ વધારે આશીર્વાદિત છે (લૂક ૧૧ : ૨૭, ૨૮).

(૯) કેટલાક એવા છે કે, જેને સ્વર્ગ અને તેના આનંદની લાલસા છતાં, એ માત્ર તેમના અજ્ઞાન અને બેપરવાઈને લીધે તે પામી શક્તા નથી. આ સ્થિતિ એક ભિખારીના જેવી છે કે, જે એક ખંડિયેર ઉપર બેસીને એકવીસ વરસ સુધી પાઈ પૈસાની ભીખ માગીને ધનવાન થવાની આશા રાખતો હતો. આ ખંડિયેર નીચે એક રાજમહેલનો ખજાનો હતો, અને તેમાં અઢળક દ્રવ્ય હતું. પરંતુ તેની અજ્ઞાનતાને લીધે તેણે કદી તે તરફ ધ્યાન આપ્યું નહિ. એમ ભીખ માગતાં તેણે જિંદગી પૂરી કરી, અને ભંડાર પર બેઠો છતાંયે તે આખરે નિર્ધન અવસ્થામાં જ મરણ પામ્યો. એના મરણ પછી રાજ્યાધિકારીઓને એવો વહેમ ગયો કે, ભિખારીએ જ્યાં તે બેસતો હતો, ત્યાં કંઈ દ્રવ્ય દાટ્યું હોવું જોઈએ. તેથી તેમણે તે જગાએ ખોદાવ્યું, તો ત્યાંથી અઢળક દ્રવ્યભંડાર હાથ લાગ્યો. એ સર્વ દ્રવ્ય રાજાના ખજાનામાં લઈ જવામાં આવ્યું. એ માટે પસ્તાવો કરો, કેમ કે દેવનું રાજ્ય પાસે આવ્યું છે (માથ્થી ૪ : ૧૭).

(૧૦) જે લોકોને આત્મિક વાતોનો અનુભવ નથી, તેઓ બેધડક એમ જ કહે છે કે, આ દુનિયામાં તો સ્વર્ગીય આનંદ અને શાંતિ મળવાં કેવળ દુર્લભ છે, પરંતુ જેઓને આત્મિક જીવનનો અનુભવ છે, તેઓ તો ખાતરીથી જાણે છે કે, જ્યાં એટલી બધી ઠંડી છે કે, પાણી ઠરીને બરફ જઈ જાય, ત્યાં પણ ગરમ પાણીનાં સ્વચ્છ ઝરણો હોય છે. એમ જ આ ઠંડા અને ત્રાસદાયક જગતમાં પણ વિશ્વાસ કરનારાઓના અંતઃકરણથી સ્વર્ગીય આનંદ અને વિશ્રાંતિનાં ઝરણો વહી નીકળે છે, કારણ કે પવિત્ર આત્માનો ગુપ્ત અગ્નિ અદૃશ્ય રીતે કામ કરે છે, ને જીવન પ્રવર્તાવે છે.

(૧૧) પરમેશ્વરે આખી માનવજાતિને એક જ લોહીથી ઉત્પન્ન કરી છે અને તેને પોતાની પ્રતિમા ને સ્વરૂપ આપ્યાં છે, છતાં એ પ્રજાની વચ્ચે તેમની પદ્ધતિ, ખાસિયતો અને બંધારણમાં ફેર રાખ્યો છે. જો સઘળાં જ ફૂલોને એક જ પ્રકારની સુવાસ અને રંગ પ્રકૃતિ હોય, તો પૃથ્વી પર શોભા કે સુંદરતા જેવું કશું હોત જ નહિ. સૂર્યનો પ્રકાશ તરેહતરેહનાં રંગીન ફૂલો પર પડે છે, પરંતુ તે તેમનાં રૂપરંગ બદલતો નથી. તેથી ઊલટું તે તેમને પ્રફુલ્લિત બનાવીને પૃથ્વીની શોભા વધારે છે. એવી જ રીતે ન્યાયીપણાનો સૂર્ય આ દુનિયામાં અને આકાશમાં પ્રકાશીને સંતોમાંની ઈશ્વરદત્ત ઉત્તમતા અને મહિમા પ્રગટ કરે છે. તેનો અગાધ પ્રેમ અને મહિમા જે સર્વને માટે છે તે, હંમેશાં પ્રગટ કરતો જ રહેશે. આ પ્રમાણે હું તેમનામાં ને તેઓ મારામાં રહીને સદાસર્વકાળ સુધી આનંદ કરીશું.

## ભાગ ૨જો

**શિષ્ય** – ગુરુજી, કેટલાક તો એમ કહે છે કે, વિશ્વાસ કરનારાઓનો જે આનંદ અને દિલાસો દેખાય છે, તે તો તેમના વિચાર કે તેમની લાગણીનું જ પરિણામ છે. શું આ વાત ખરી છે?

**ગુરુજી** – (૧) હે વત્સ, જે દિલાસો અને શાંતિ મારા પર વિશ્વાસ કરનારાઓ પોતાનાં અંતરમાં અનુભવે છે, તે તો તેમનામાં મારી હાજરી અને સ્વાર્પણની અસરનું પરિણામ તથા પવિત્ર આત્માની ભરપૂરીને લીધે છે. જેઓ તેને કલ્પનાનું પરિણામ માને છે, તેઓ મૂર્ખ છે. એ બિના એક જન્મનો આંધળો જે શિયાળાની ઋતુમાં દેવતા પાસે બેસીને તાપતો હતો તેની વાતના જેવી છે. તે આંધળાને કોઈએ પૂછ્યું કે, સૂર્ય સંબંધી તારા વિચાર કેવા છે?

તેણે કહ્યું કે, 'સૂર્ય જેવું કાંઈ છે જ નહિ. જે ગરમીથી હું તાપતો લાગું છું, તે તો મારા શરીરમાંથી નીકળે છે, અને બાહ્ય અસરથી હું તેને અનુભવું છું, બલકે એ તો મારી કલ્પનાની અસર છે. જ્યારે લોકો કહે છે કે, આકાશમાં એક ધગધગતો ગોળો છે ને તે સૂર્ય કહેવાય છે, ત્યારે તેઓ બેઅક્કલની જ વાત કરે છે!' એ માટે સાવધાન રહો, રખેને કોઈ જ્ગાતી જ્ઞાન તથા ખાલી કપટ જે માણસોના સંપ્રદાય અને જ્ગાતના તત્ત્વજ્ઞાન પ્રમાણે છે, તેથી કોઈ તેમને ફસાવી પાડે (કોલોસી. ૨ : ૮).

(૨) જો આ સાચો આનંદ માણસોની કલ્પના ઉપર આધાર રાખતો હોત, તો આ તત્ત્વજ્ઞાની જ્ગાત એનાથી છલકાઈ જાત. પરંતુ તેને બદલે થોડાક સાચા વિશ્વાસુઓ વગર આખા જ્ગાતના તત્ત્વજ્ઞાનીઓ આ ખરી શાંતિ વગરનાં છે. તેમને પોતાનાં માની લીધેલાં થોડાંક તત્ત્વો પ્રમાણે જ ખોટો દિલાસો દેખાય છે, તે વગર કશું મળ્યું કે મળતું નથી. મેં માણસની પ્રકૃતિ એવી રચી છે કે, જેથી તે પવિત્ર આત્માનો અગ્નિ અને વાયુ સ્વીકારવાની લાયક શક્તિ અને સામગ્રી ધરાવે છે, અને તેને યોગે જ તે સ્વર્ગીય આનંદ અને જીવન મેળવી શકે છે. કોયલામાં અગ્નિને ગ્રહણ કરવાની અને બળવાની લાયકાત મેં મૂકેલી છે. ઓક્સિજન કે પ્રાણવાયુ સિવાય અગ્નિ કદી પ્રગટતો નથી, તેવી જ રીતે માણસના મન ઉપર પવિત્ર આત્માનો પ્રાણવાયુ જ્યાં સુધી કામ ન કરે, ત્યાં સુધી તે અંધકારમાં અજવાળું કદી પ્રગટ થતું નથી. કોઈ સ્વર્ગીય આનંદનું વાસ્તવિક રહસ્ય કોઈ મેળવી શક્તો નથી.

(૩) માણસના અંતઃકરણની તૈયારી અને વિચારમાળા એ સિતાર કે સારંગીના સૂર મેળવવા જેવું છે. જ્યારે બધા તાર

ખેંચીને સૂર મેળવવામાં આવે છે, ત્યારે તેના વગાડનારાઓને મધુર સંગીતનો આનંદ મળે છે, પણ જો સૂર મેળવ્યા વગર વગાડવામાં આવે, તો સંગીત બેસૂર બની જાય છે. સૂર મેળવ્યા પછી પણ જ્યારે બધા તાર ઉપર આંગળી કે કામઠી ફેરવવામાં આવે છે, ત્યારે જે સંગીતનો સૂર નીકળે છે, તે કેવળ હવાના પ્રતાપે જ છે. તેની આસપાસ રહેલી હવાના આંદોલન આપણા કાન સુધી આવીને આપણને સંગીતની મધુરતા સમજાવે છે. હવા વગર અવાજની ઉત્પત્તિ નથી એવી જ રીતે સ્વર્ગીય સંગીતના સૂરની મધુરતા પણ પવિત્ર આત્મારૂપી વાયુ પર જ આધાર રાખે છે. માણસના જીવનમાં અહીં અને હવે પછી એટલે સર્વકાળ સુધી સ્વર્ગીય સંગીતની મધુરતા એ જ પવિત્ર આત્મા ઉત્પન્ન કરે છે અને મનુષ્યનું જીવન મધુર અને આનંદિત બનાવે છે.

**શિષ્ય-** પ્રભુ, કોઈ કોઈ વાર એકાએક મારો બધો આનંદ લોપ થઈ જાય છે અને સઘળી શાંતિ જતી રહે છે, આનું કારણ શું હશે? શું મારા કોઈ ગુપ્ત પાપોને લીધે આમ થતું હશે, કે કાંઈ બીજું કારણ હશે?

**પ્રભુ-** (૪) હા, કોઈ કોઈ વાર માણસના અનાજ્ઞાંક્તિપણાને લીધે એમ થાય છે અને કેટલીક વાર તો હું મારા સેવકોને સહેજ વાર અળગા કરું છું, ને એકલા મૂકું છું, એટલે તેઓની શાંતિ ઊડી જાય છે. આ હું કરું છું તે એ માટે કે તેઓ અનુભવથી પોતાની નબળાઈ જાણે, અને મારા વગર તેઓ કેવળ સૂકાં હાડકાં સમાન છે, એ તેમને માલૂમ પડે (હઝકી. ૩૭ : ૧, ૪). જ્યારે તેઓ ચિરસ્થાયી શાંતિ ભોગવે, ત્યારે ઉપલા અનુભવથી તેમને પોતાની જૂની સ્થિતિની યાદ રહે, અને શેતાનની માફક મગરૂર થઈને

પોતાને દેવ સમાન ગણી અનંત શિક્ષાના ભાગિયા ન થાય, એ માટે ઉપલો અનુભવ પણ ઉપયોગી છે (તીમોથી ૩ : ૬, યહૂદ: કલમ ૬ને સરખાવો યશા. ૧૪ : ૧૨, ૧૭). એ ઉપરાંત એથી તેઓ કેળવાય છે ને જ્યારે નમ્રતાથી મારામાં વસી રહે છે, ત્યારે આકાશમાં સાર્વકાળિક આશીર્વાદ પામે છે.

(૫) કેટલેક વખતે એવું પણ બને છે કે, જ્યારે હું મારા સેવકોને મારી હાજરીથી અને પવિત્ર આત્માથી ભરપૂર કરું છું, ત્યારે તેઓનો આત્મા દૈવી આનંદ અને સુખચેનથી ઊભરાઈ જાય છે, પરંતુ તેઓનો દેહ આ દૈવી આનંદ અને મહિમા ભોગવવાને પૂરતો સમર્થ ન હોવાથી કેટલીક વાર તેઓને એથી ઊલટી બેચેની જેવું થાય છે, અને એમ બેભાન પણ બની જાય છે. કારણ કે દેહ એટલે રક્ત અને માંસ દેવના રાજ્યનો વારસો ભોગવી શક્તાં નથી, અને વિનાશીપણું અવિનાશીપણાનો વારસ થતું નથી, એટલા જ માટે વ્યર્થતા અને અવિનાશીપણાથી છૂટી જવાની જરૂર છે, કે તે ઉપલો મહિમા ભોગવી શકે (૧ કોરિંથી. ૧૫ : ૫૦, ૫૩, રૂમી. ૮ : ૧૯-૨૨). જેમ આકાશમાં તેમ પૃથ્વી ઉપર સર્વ પ્રાણીઓમાં મારી ઈચ્છા આખરે પૂરી થશે, ત્યારે જ સર્વ શોક, સંતાપ, જતાં રહેશે. મરણ, દુઃખ ને દિલગીરી નષ્ટ થશે, અને વેદના માત્ર લોપ થશે, ત્યારે મારાં પ્રિય છોકરાંઓ મારા બાપના રાજ્યમાં સદાસર્વકાળ રાજ્ય કરશે, કે જે પવિત્ર આત્મામાં નર્યો આનંદ જ છે (રૂમી. ૧૪ : ૧૭, પ્રકટી. ૨૧ : ૪, ૨૨ : ૫).

❖ ❖

# પ્રાર્થના

ઓ મારા સ્વામી, અત્યારે મારું અંતઃકરણ તારાં અનેક કૃપાદાનો અને આશીર્વાદોને લીધે ઊભરાઈ જાય છે. અને આ અંતઃકરણ અને હોઠોનો આભાર તો જ્યાં સુધી હું મારું જીવન તારી સેવામાં અર્પીને સુકૃત્યોથી પૂરવાર કરી ન આપું ત્યાં સુધી કેવળ અપૂર્ણ જ રહેશે. હું જે શૂન્યસમ નકામા પાત્ર જેવો હતો, તેને હયાતીમાં લાવીને પોતાની પાસે સંઘર્યો, તે માટે તને સર્વ પ્રકારનાં માન, મહિમા હો. તારી સંગત અને પ્રીતિથી મને આનંદિત કરવા માટે તારી સ્તુતિ થાઓ. હું તને સંપૂર્ણપણે જાણતો નથી, તેમ હું મારી ગરજો પણ જાણતો નથી, પરંતુ હે પિતા, તું તારાં ઉત્પન્ન કરેલાંને ને તેમની ગરજોને બરાબર જાણે છે. જેટલો તું મને ચાહે છે, તેટલો હું પોતાને પણ ચાહી શક્તો નથી. મારે ખરેખરી રીતે પોતાને ચાહવો એટલે કે તું જે અગાધ પ્રેમસ્વરૂપ અને મારો ઉત્પન્નકર્તા છે, તેને પૂરાં અંતઃકરણથી અને પૂરા જીવથી ચાહવો એ છે. તેં મારામાં એક જ અંતઃકરણ ઉત્પન્ન કર્યું છે, એ માટે કે તે તેના ઉત્પન્નકર્તા એકલાની સાથે જ જોડાઈ રહે.

હે પ્રભુ, તારા ચરણો આગળ બેસવું, તે મારે પૃથ્વીના રાજાઓના રાજ્યાસન આગળ બેસવા કરતાં અનેકગણું વધારે સારું અને ઉત્તમ છે, મતલબ કે અનંતકાળિક રાજ્યમાં રાજ્યમુગટ પામવા જેવું એ છે. એ માટે હું એક સકળ દહનીયાર્પણ તરીકે તારા ચરણરૂપી વેદી ઉપર પોતાનું અર્પણ કરું છું. મારો સ્વીકાર કર, અને તારી ઇચ્છા પ્રમાણે જેમ અને જ્યાં વાપરવો ઘટે તેમ વાપર, કેમ કે હું તારો છું, અને તું મારો છે. તેં મને મૂઠી

માટીમાંથી પોતાની પ્રતિમા પ્રમાણે બનાવ્યો, અને તારો દીકરો થવાનો અધિકાર આપ્યો, એ માટે તને સર્વકાળ સુધી સર્વ માન, મહિમા અને સ્તુતિ હોજો. આમેન.

નોંધ – અંગ્રેજી કોપીને અભાવે પહેલી આવૃત્તિનું ગુજરાતી જ સ્પષ્ટ કરવા પ્રયત્ન કર્યો છે. – G.K.S.

# ગુરુને ચરણે

| | | | |
|---|---|---|---|
| આવૃત્તિ ૧લી | | ? | |
| આવૃત્તિ ૨જી | ૨,૦૦૦ નકલ | : | ઓકટોબર, ૧૯૭૫ |
| આવૃત્તિ ૩જી | ૫,૦૦૦ નકલ | : | મે, ૧૯૬૦ |
| આવૃત્તિ ૪થી | ૫,૦૦૦ નકલ | : | સપ્ટેમ્બર, ૧૯૬૮ |
| આવૃત્તિ ૫મી | ૫,૦૦૦ નકલ | : | ફેબ્રુઆરી, ૧૯૭૭ |
| આવૃત્તિ ૬ઠ્ઠી | ૧,૦૦૦ નકલ | : | જૂન, ૧૯૯૯ |